Govt. of Uttarakhand

देवभूमि रजत उत्सव

युवा कार्यक्रम एवं खेल मंत्रालय
MINISTRY OF YOUTH AFFAIRS AND SPORTS

INDIA

38वें राष्ट्रीय खेल उत्तराखंड 25 रजत जयंती वर्ष

# A WARM WELCOME TO

# 38th National Games

# UTTARAKHAND

**28th Jan - 14th Feb 2025**



**Pushkar Singh Dhami**
Chief Minister, Uttarakhand



**Narendra Modi**
Prime Minister

## SANKALP SE SHIKHAR TAK

## Venues for National Games

**Dehradun:** Squash, Archery, Shooting Pistol & Rifle, 5x5 & 3x3 Basketball, Gymnastics, Netball, Wushu, Judo, Rugby Sevens, Lawn Bowl, Athletics, Weightlifting, Badminton, Table tennis, Tennis

**Rishikesh & Tehri:** Extreme slalom, Canoeing slalom, Beach handball, Beach Volleyball, Beach Kabaddi.

**UdhamSingh Nagar:** Cycling Trek, Cycling Road, Handball, Volleyball, Shooting Trap, Skate, Mallakhamb.

**Haldwani:** Football, Kho-Kho, Taekwondo, Modern Pentathlon, Swimming, Fencing, Triathlon.

**Haridwar:** Hockey, Kabaddi, Kushti, Kalaripayattu.

**New Tehri:** Kayaking and Canoeing (Spring), rowing.

**Nainital(Bhimtal):** Cycling MTB.

**Almora:** Yogasan

**Pithoragarh:** Boxing

**Champawat:** Rafting

About 10,000 players from across the country will showcase their sporting skills

Organization of the National Games will provide a new platform to the sporting talent of Uttarakhand.

Players from across the country will showcase their strength across 35 sports events.

Yoga and Malkhamb have been included in the National Games.



Tejaswini (Torch)



Mauli (Mascot)







For more info log on to:
https://38nguk.in/

ISSUED IN PUBLIC INTEREST BY DEPARTMENT OF INFORMATION AND PUBLIC RELATIONS, UTTARAKHAND
www.uttarainformation.gov.in | DIPR_UK | UttarakhandDIPR | UttarakhandDIPR

**18 SATURDAY**
JANUARY-2025
વર્ષ-14 | અંક-061 | વિક્રમ સંવત-2081 | પોષ વદ-05 |
પાના-12 | કિંમત 3/- | અમદાવાદ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654


### હાપાના જલારામ મંદિરમાં 111 પ્રકારના રોટલાના અન્નકૂટનો કાર્યક્રમ યોજાયો

જામનગર | જામનગરના હાપા સ્થિત જલારામ મંદિર ખાતે આજે શુક્રવારે જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા 111 પ્રકારના રોટલાના અન્નકૂટ દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સાથે ગિનિશ બુકમાં સ્થાન ધરાવનાર વિશ્વવિક્રમી 7X7 ફૂટનો વિશાળ કદનો રોટલો પણ પ્રસાદ રૂપે ધરવામાં આવ્યો હતો. બપોરના 4 વાગ્યાથી રાત્રિના 8 વાગ્યા દરમિયાન અનેક ભક્તોએ અન્નકૂટના દર્શન કર્યા હતા.

## દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ પત્ર જાહેર કર્યું

# મહિલાઓને દર મહિને રૂ.2500, ગેસ સિલિન્ડર 500 રૂપિયામાં

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

દિલ્હી વિધાનસભાની ફેબ્રુઆરીમાં ચૂંટણી આવી રહી છે. ત્યારે બીજેપીએ ચૂંટણીને લઈને સંકલ્પ પત્ર જાહેર કર્યું છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડાએ સંકલ્પ પત્ર જાહેર કરતા કહ્યું કે આપણે સંકલ્પથી સિદ્ધિ તરફ જવાનું છે. નડ્ડાએ કહ્યું કે પીએમ મોદીએ રાજકીય કલ્ચરને બદલી દીધ છે. આજથી પહેલા મેનિફેસ્ટો આવતા હતા પણ રાજકીય પક્ષો તેને ભૂલી જતા હતા. પરંતુ હવે મેનિફેસ્ટો એક સંકલ્પ પત્રમાં ફેરવાઈ ગયો છે. પાર્ટીએ 2014 માં 500 વચનો આપ્યા હતા, જેમાંથી 499 વચનો પૂરા કરી દીધા છે.

### વચનો પુરા કરવાનો અમારો રેકોર્ડ- જે.પી નડ્ડા



ભાજપ પ્રમુખે કહ્યું કે વચનો પાળવાનો અમારો રેકોર્ડ ઉત્તમ રહ્યો છે. અમારો રેકોર્ડ 99.9 ટકા છે. આ વિકસિત દિલ્હીના પાયા માટેનો સંકલ્પ પત્ર છે. દિલ્હીની બધી યોજનાઓ ચાલુ રહેશે. અમે ઝૂંપડપટ્ટીવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવીશું. આજે 25 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. દિલ્હીમાં ચાલી રહેલી જન કલ્યાણકારી યોજનાઓ ભાજપ સત્તામાં આવ્યા પછી પણ ચાલુ રહેશે. અમે મહારાષ્ટ્રમાં મહિલાઓને નાણાકીય સહાય પૂરી પાડી રહ્યા છીએ. અમે હરિયાણામાં મહિલાઓને 2100 રૂપિયા આપવાનું નક્કી કર્યું છે.

### કોંગ્રેસે કર્યા છે આ પાંચ વાયદા

કોંગ્રેસે પણ દિલ્હી ચૂંટણી માટે પાંચ ગેરંટી આપી છે. કોંગ્રેસે મોંઘવારી રાહત યોજના હેઠળ 500 રૂપિયામાં ગેસ સિલિન્ડર, મફત રાશન કીટ અને 300 યુનિટ મફત વીજળી આપવાનું વચન આપ્યું છે. તેમજ પ્યારી દીદી યોજના હેઠળ મહિલાઓને દર મહિને 2500 રૂપિયા, જીવન રક્ષા યોજના હેઠળ 25 લાખ રૂપિયા સુધીની મફત સારવાર, યુવા ઉડાન યોજના હેઠળ 8500 રૂપિયા માસિક અને એક વર્ષની એપ્રેન્ટિસશીપ આપવાનું વચન પણ આપ્યું હતું

### AAPએ આ ગેરંટી આપી છે



મફત શિક્ષણ, 20 હજાર લિટર મફત પાણી, 200 યુનિટ મફત વીજળી ચાલુ રાખવાના વચનની સાથે આમ આદમી પાર્ટીએ ખોટા પાણીના બિલ માટે વન ટાઈમ સેટલમેન્ટ પ્લાન લાવવાનું પણ વચન. દિલ્હીના શાસક પક્ષે સંજીવની યોજના હેઠળ 60 વર્ષથી વધુ ઉંમરના લોકોને મફત સારવાર પૂરી પાડી છે, પૂજારી-ગ્રંથી યોજના હેઠળ પૂજારી અને ગ્રંથીઓને દર મહિને 18 હજાર રૂપિયા અને મહિલા સન્માન યોજના હેઠળ મહિલાઓને દર મહિને 2100 રૂપિયા આપવાનું વચન પણ આપવામાં આવ્યું છે.

### જાણો સંકલ્પ પત્રની મોટી વાતો

- મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ, મહિલાઓને દર મહિને 2500 રૂપિયા આપવામાં આવશે.
- ગર્ભવતી મહિલાઓને 21000 રૂપિયા આપવામાં આવશે.
- હોળી અને દિવાળી પર એક સિલિન્ડર મફત આપવામાં આવશે.
- LPG પર 500 રૂપિયાની સબસિડી આપવામાં આવશે.
- ગર્ભવતી મહિલાઓને પોષણ કીટ આપવામાં આવશે.
- 5 લાખ રૂપિયા સુધીનો વધારાનો આરોગ્ય વીમો આપવામાં આવશે.
- દિલ્હીમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે.
- અટલ કેન્ટીન યોજના શરૂ કરશે. ઝૂંપડપટ્ટીમાં પાંચ રૂપિયામાં રાશન આપવામાં આવશે.
- વરિષ્ઠ નાગરિકોને 3000 રૂપિયા સુધીનું પેન્શન આપવામાં આવશે.

## કંગનાની ફિલ્મ 'ઈમરજન્સી'નો પંજાબમાં વિરોધ:PVRના 80 થિયેટરોએ શો રોક્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

બોલિવૂડ એક્ટ્રેસ અને હિમાચલના મંડીથી બીજેપી સાંસદ કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી શુક્રવારે રિલીઝ થઈ છે, પરંતુ પંજાબના શીખ સંગઠનો તેની સામે આવ્યા છે.

શીખ સંગઠનોના સભ્યો અમૃતસર, જલંધર, લુધિયાણા અને મોહાલીમાં થિયેટરોની બહાર કાળા ઝંડા સાથે વિરોધ કરી રહ્યા છે. અહીં પોલીસ તૈનાત છે. હાલમાં આ ફિલ્મ કોઈપણ થિયેટરમાં બતાવવામાં આવી રહી નથી. તમામ શો બંધ કરી દેવામાં આવ્યા છે. આ ફિલ્મ PVR ગ્રુપના 70થી 80 થિયેટરોમાં બતાવવાની હતી, પરંતુ વિરોધ બાદ આ ફિલ્મ આ થિયેટરોમાં બતાવવામાં આવી ન હતી. લો સ્ટૂડેન્ટ સફલ હરપ્રીત સિંહ વતી કંગનાને કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. જેમાં તેણે સમગ્ર પંજાબ અને શીખ સમુદાય પાસેથી 5 દિવસમાં માફી માંગવાની માગ કરી છે. જો તેણી કાનૂની નોટિસનો જવાબ નહીં આપે તો અમે આ મામલે કાયદાનો આશરો લઈશું. હકીકતમાં, શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (SGPC)એ ફિલ્મ પર ઐતિહાસિક તથ્યો સાથે છેડછાડ અને શીખ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે. SGPCની માગ બાદ જ શીખ સંગઠનોએ શુક્રવારે PVR સિનેમાની બહાર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. SGPC ચીફ હરજિન્દર સિંહ ધામીએ પણ ગુરુવારે પંજાબના સીએમ ભગવંત માનને પત્ર લખ્યો હતો.



**કોલકાતા, હાવડામાં ત્રણ સ્થળોએ તપાસ**

## 6000 કરોડની બેંક છેતરપિંડી, EDએ પ. બંગાળમાં દરોડા પાડ્યા

(એજન્સી) કોલકાતા | તા.17

૬૦૦૦ કરોડ રૂપિયાના બેંક છેતરપિંડી કેસમાં EDએ કોલકાતા અને હાવડામાં ત્રણ સ્થળોએ એક સાથે દરોડા પાડયા હતાં તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ દરોડા ઉદ્યોગપતિના રહેઠાણ અને કાર્યાલયોમાં પાડવામાં આવ્યા હતાં. અધિકારીએ જણાવ્યું બતિં કે કેસની તપાસ દરમિયાન આ અપરાધમાં અનેક શેલ કંપનીઓ અને એજન્સીઓ મળી આવી છે. આ વ્યકિત આવી જ એક એજન્સીના ડાયરેક્ટર છે. અમે આ અપરાધ સાથે સંકળાયેલા લોકોને શોધવા અને કેટલા નાણાની છેતરપિંડી કરવામાં આવી તે શોધવા આ દરોડા પાડી રહ્યાં છીએ. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બરમાં ઈડીએ કોનકાસ્ટ સ્ટીલ અને પાવરના પ્રમોટર સંજય સુરેકાની આ કેસમાં ધરપકડ કરી હતી. એજન્સીએ તેમની પાસેથી ૪.૫ કરોડ રૂપિયાની જ્વેલરી અને વિવિધ વિદેશી વૈભવી કારો જપ્ત કરી હતી. ઝારખંડમાં રાષ્ટ્રીયકૃત બેંકમાં છેતરપિંડી કરનાર ઉદ્યોગપતિની ધરપકડ પછી આ કેસ ૨૦૨૨માં નોંધવામાં આવ્યો હતો.

## દરિયામાં ભારત અને ચીન આમને-સામને, ભારતીય જહાજને ચીની કોસ્ટ ગાર્ડે રોક્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

ભારત અને ચીનની ઉત્તરીય સરહદ પર સ્થિતિ સંવેદનશીલ છે, તો બીજી તરફ દક્ષિણ ચીન સાગરમાં ભારત અને ચીનના કોસ્ટ ગાર્ડ ફોર્સ આમને-સામને આવી ગયા છે. જ્યારે ભારતીય કોસ્ટ ગાર્ડ જહાજ શૌનક જાપાનની શુભેચ્છા મુલાકાતથી પરત ફરી રહ્યું હતું, ત્યારે દક્ષિણ ચીન સાગરમાં વિવાદિત ટાપુ સ્કારબોરો શોલની પશ્ચિમેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેને ચીનના કોસ્ટ ગાર્ડના જહાજોએ તેને ઘેરી લીધું હતું. જેના કારણે બે કોસ્ટ ગાર્ડ ફોર્સ વચ્ચે તણાવ વધી ગયો છે. ચાઈનીઝ કોસ્ટ ગાર્ડ સ્કારબોરો શોલ નજીકના દરિયાઈ વિસ્તારને વિવાદિત વિસ્તાર માને છે.

### કોસ્ટ ગાર્ડ ફોર્સ વચ્ચે તણાવ વધી ગયો

સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે ગોર્ડિયન નોટ સેન્ટર ફોર નેશનલ સિક્યુરિટી ઈનોવેશનની દરિયાઈ પારદર્શિતા પહેલ સીલાઈટના ડિરેક્ટર રે પોવેલે X પર એક પોસ્ટમાં લખ્યું છે. ચાઈના કોસ્ટ ગાર્ડની નજર 3304 પર છે. આ દરમિયાન ચીનના કોસ્ટ ગાર્ડના બે જહાજો CCG 3103 અને CCG 3502એ દરિયામાં ભારતીય જહાજને ઘેરી લીધું હતું. ફિલિપાઈન્સના દાવા છતાં ચીન દાવો કરે છે કે આ વિસ્તાર વિવાદિત છે. આ બધું આ વિસ્તારમાં ત્યારે થયું જ્યારે ચીનના કોસ્ટ ગાર્ડનું 'મોન્સ્ટર શિપ' ફિલિપાઈન્સના કોસ્ટ ગાર્ડના જહાજો સાથે અથડામણમાં વ્યસ્ત છે.



## ઓડિશામાં સિમેન્ટ ફેક્ટરીમાં મોટી દુર્ઘટના, કોલ હોપર તૂટી પડતા અનેક શ્રમિકોના મોતની આશંકા

(એજન્સી) સુંદરગઢ | તા.17

ઓડિશાના સુંદરગઢ જિલ્લાના રાજગંગપુરમાં એક સિમેન્ટ ફેક્ટરીમાં મોટી દુર્ઘટના બની છે. ફેક્ટરીના કોલસાનું હોપર તૂટી પડવાથી અનેક શ્રમિકોના મોતની આશંકા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 4 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. જોકે, આ અંગે સત્તાવાર પુષ્ટિ કરાઈ નથી. ઘટનાસ્થળે 6 એમ્બ્યુલન્સ અને 6 ફાયર વિભાગના વાહન તૈનાત છે. ત્રણ ક્રેન પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. હાલ, બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે.આ અકસ્માત ત્યારે થયો જ્યારે 12 થી વધુ શ્રમિકો કોલસાના હોપર નીચે કામ કરી રહ્યા હતા. હોપર તૂટી પડતા શ્રમિકો કોલસાના હોપર નીચે દબાઈ ગયા હતા. ફસાયેલા લોકોમાં કેટલીક મહિલાઓનો પણ સમાવેશ થાય છે. કહેવામાં આવી રહ્યું છે કે અચાનક કોલસાનો હોપર પડી ગયો અને ત્યાં કામ કરતા બધા શ્રમિકો કોલસા નીચે દટાઈ ગયા. માહિતી મળતા જ બચાવ ટીમ જેસીબી અને અન્ય સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ફસાયેલા શ્રમિકોને બચાવવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કાર્યમાં મદદ કરી રહી છે.રાજગાંગપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરી પૂર્ણ થવામાં લગભગ 2 કલાકનો સમય લાગશે. મશીનો તૈનાત કરીને બચાવ કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે અને શ્રમિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.અકસ્માતના સમાચાર સાંભળતાની સાથે જ મોટી સંખ્યામાં શ્રમિકો ફેક્ટરીના મુખ્ય દરવાજા પર એકઠા થયા અને અકસ્માત માટે ફેક્ટરી મેનેજમેન્ટને જવાબદાર ઠેરવ્યા.

## PM નરેન્દ્ર મોદીની 2025ની શાનદાર શરૂઆત: માત્ર 15 દિવસમાં જ વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025ની શરૂઆત પરિવર્તનકારી પહેલના ધમધમાટ સાથે કરી છે, જેમાં પ્રગતિશીલ, આત્મનિર્ભર અને અખંડ ભારત માટે તેમના દ્રષ્ટિકોણને પ્રદર્શિત કર્યો છે. માળખાગત અને વૈજ્ઞાનિક સંશોધનને આગળ વધારવાથી માંડીને યુવાનોને સશક્ત બનાવવા અને ભારતની સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી કરવા સુધી, તેમના નેતૃત્વએ આગામી એક નોંધપાત્ર વર્ષ માટે સૂર સ્થાપિત કર્યો છે.

વર્ષ 2025ની પ્રથમ કેબિનેટ બેઠક દરમિયાન ખેડુતોના કલ્યાણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને વર્ષની શરૂઆત થઈ હતી. સરકારે ડિ-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી) માટે એક વખતના વિશેષ પેકેજના વિસ્તરણને મંજૂરી આપી હતી, જે ખેડૂતોને પોષણક્ષમ ખાતરના ભાવસુનિશ્ચિત કરે છે. આ નિર્ણય ભારતની કૃષિ કરોડરજ્જુને મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે. તે જ દિવસે, પીએમ મોદીએ ગાયક-અભિનેતા દિલજીત દોસાંઝ અને ચેસ ગ્રાન્ડ માસ્ટર કોનેરુ હમ્પી જેવા સાંસ્કૃતિક મહાનુભાવો સાથે મુલાકાત કરી હતી.



3 જાન્યુઆરીએ, પીએમ મોદીએ દિલ્હીમાં ઈન-સીટુ સ્લમ રિહેબિલિટેશન પ્રોજેક્ટ હેઠળ 1,675 નવનિર્મિત ફ્લેટ્સ સોંપ્યા હતા, જેનાથી હજારો પરિવારોના જીવનધોરણની સ્થિતિ સારી થઈ શકે. તેમણે રૂ. 600 કરોડથી વધારે મૂલ્યનાં ત્રણ પરિવર્તનકારી શૈક્ષણિક પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો.

4 જાન્યુઆરીના રોજ ગ્રામીણ ભારત મહોત્સવ દરમિયાન જીઆઈ-પ્રમાણિત ગ્રામીણ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ અર્થતંત્રોને વેગ આપવા માટે સરકારની ગ્રામીણ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાએ કેન્દ્રસ્થાને સ્થાન મેળવ્યું હતું. આ પહેલ ગ્રામીણ ભારતને સશક્ત બનાવવા અને તેને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં એકીકૃત કરવાના લક્ષ્ય સાથે સુસંગત છે.

5 જાન્યુઆરીના રોજ નમો ભારત ટ્રેન કોરિડોરનું ઉદઘાટન, સાહિબાબાદને અશોક નગર સાથે જોડનારા અને ઓડિશા, તેલંગાણા અને જમ્મુ-કાશ્મીરમાં અનેક રેલ માળખાગત વિકાસ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સે વેગ પકડ્યો હતો.

7 જાન્યુઆરીએ, પીએમ મોદીએ આંધ્રપ્રદેશમાં બે સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા: આયાતી ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ પરની નિર્ભરતા ઘટાડવા માટે 1,877 કરોડ રૂપિયાની પહેલ બલ્ક ડ્રગ પાર્ક અને ગ્રીન હાઈડ્રોજન હબ, જેનો હેતુ દરરોજ 1,500 ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવાનો છે.

વિજ્ઞાનમાં એક મહત્વપૂર્ણ પગલું 9 જાન્યુઆરીના રોજ જીનોમ ઈન્ડિયા પ્રોજેક્ટના ઉદઘાટન સાથે આવ્યું હતું, જે ભારતીયોની આનુવંશિક વિવિધતાનો નકશો બનાવશે અને આનુવંશિક વિકૃતિઓ માટે આરોગ્ય સંભાળ ઉકેલોને આગળ વધારશે.

12 જાન્યુઆરીએ પીએમ મોદીએ રાષ્ટ્રીય યુવા દિવસ અને સ્વામી વિવેકાનંદની જયંતીના અવસર પર વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગમાં ભાગ લીધો હતો. આ પહેલ યુવા નવપ્રવર્તકો અને સિદ્ધિઓ પ્રાપ્તકર્તાઓને વિચારોનું આદાનપ્રદાન કરવા અને વિકસિત ભારતની કલ્પના કરવા માટે એકતાંતણે દોરી ગઈ હતી અને યુવાનોને સશક્ત બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી.

13 જાન્યુઆરીએ, પીએમ મોદીએ જમ્મુ-કાશ્મીરમાં સોનમર્ગ ટનલનું ઉદ્ઘાટન કર્યું હતું, કનેક્ટિવિટીમાં સુધારો કર્યો હતો અને રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો કરવાની સાથે સાથે પર્યટનને વેગ આપ્યો હતો. તેમણે કામદારો અને ઈજનેરો સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી હતી અને તેમના પ્રયાસો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

15 જાન્યુઆરી સુધીમાં, મોદીએ નવા જહાજો અને સબમરીન સહિત અદ્યતન નેવી લડાકુઓને શરૂ કરવાની સાથે વધુ એક સિમાચિહ્ન પ્રાપ્ત કર્યું હતું, ભારતની દરિયાઇ ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે.

16 જાન્યુઆરીએ, પીએમ મોદીનું ભારતના અવકાશ કાર્યક્રમ માટેનું વિઝન ઈસરો દ્વારા પૂર્ણ કરવામાં આવેલા ઉપગ્રહોના સ્પેસ ડોકિંગના સફળ પ્રદર્શન સાથે વધુ એક સિમાચિહ્ન પર પહોંચ્યું હતું. આગામી વર્ષોમાં ભારતના મહત્વાકાંક્ષી અવકાશ મિશન માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે.

## મહાકુંભમાં હેલિકોપ્ટરથી ફૂલવર્ષામાં વિલંબ, એવિયેશન કંપનીના CEO અને પાઈલટ સામે FIR

(એજન્સી) પ્રયાગરાજ | તા.17

પ્રયાગરાજ મહાકુંભમાં યોગી સરકાર દ્વારા શ્રદ્ધાળુઓ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાકુંભમાં આવનારા લોકો પણ તેના વખાણ કરી રહ્યા છે. પરંતુ, પૌષ પૂર્ણમાના શાહી સ્નાન પર્વ પર સમયસર શ્રદ્ધાળુઓ પર હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા નહતી થઈ શકી. જોકે, આ મામલે હવે યુપી સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઉડ્ડયન વિભાગ દ્વારા કંપનીના સીઈઓ, પાયલટ સહિત ત્રણ લોકો પર FIR દાખલ કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના ઉડ્ડયન વિભાગના ઓપરેશનલ મેનેજર કે. પી. રમેશે મહાકુંભ નગર પોલીસ સ્ટેશનમાં FIR નોંધવી છે. ઉડ્ડયન વિભાગે દાખલ ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો કે, કંપનીએ કોઈ સૂચન વિના જ હેલિકોપ્ટરને અયોધ્યા મોકલી દીધા હતાં, જેના કારણે મહાકુંભમાં શ્રદ્ધાળુઓ પર સમયાંતરે પુષ્પવર્ષા ન થઈ શકી. પોલીસે હેલિકોપ્ટર કંપનીના સીઈઓ રોહિત માથુર, પાયલટ કેપ્ટન પુનીત ખન્ના અને ઓપરેટર મેનેજમેન્ટ સામે ગંભીર ધારાઓ હેઠળ FIR દાખલ કર્યો છે. નોંધનીય છે કે, યોગી સરકારે મહાકુંભમાં શ્રદ્ધાળુઓ પર પુષ્પવર્ષાનો નિર્ણય લીધો હતો. જેમાં એમ. એ હેરિટેજ એવિએશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીને પૌષ પૂર્ણિમાના દિવસે સવારથી જ પુષ્પવર્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ, કોઈ સૂચના વિના હેલિકોપ્ટરને અયોધ્યા મોકલી દેવાયુ હતું. જેના કારણે શ્રદ્ધાળુઓ પર ફૂલોનો વરસાદ ન થઈ શક્યો. તેમ છતાં બીજુ હેલિકોપ્ટર બોલાવવામાં આવ્યું અને સાંજે 4 વાગ્યાની આસપાસ ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો. હાલ, ગુનો નોંધાયા બાદ મહાકુંભ પોલીસે આ વિશે તપાસ હાથ ધરી છે.

## પેપર લીક કરવું પણ ભ્રષ્ટાચાર, વિદ્યાર્થીઓના સપના ચકનાચૂર થઈ જાય છે, CJI ખન્નાનું મોટું નિવેદન

**ભ્રષ્ટાચાર....**

(એજન્સી) નવી દિલ્હી | તા. 17

દેશના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સંજીવ ખન્નાએ ભ્રષ્ટાચારને 'ત્રણ માથાવાળો રાક્ષસ' ગણાવ્યો છે. જે લોકોના વિશ્વાસ અને લોકશાહીની વિચારધારાને નષ્ટ કરે છે. ભ્રષ્ટાચાર વિરોધી લોકપાલની સફળતા નાગરિકોના વિશ્વાસ અને જોડાણ પર આધારિત છે. વધુમાં પેપર લીકને પણ ભ્રષ્ટાચારનો જ હિસ્સો ગણાવતાં કહ્યું છે કે, 'તે અનેક વિદ્યાર્થીઓની મહત્ત્વકાંક્ષાઓ અને સપનાઓને ચકનાચૂર કરી નાખે છે. જે જાહેર શિક્ષણ અને નોકરી મેળવવાની ક્ષમતાના અધિકારો પર ગંભીરરૂપે અસર કરે છે.'લોકપાલ દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે CJI એ જણાવ્યું કે, 'બંધારણીય યોજનાઓ માટે લોકપાલ અત્યંત મહત્ત્વનું પાસું છે. જે દેશને ભ્રષ્ટાચાર મુક્ત કરવામાં મદદરૂપ બને છે. પરંતુ એકમાત્ર લોકપાલની સ્થાપનાથી ભ્રષ્ટાચારની સમસ્યાઓ દૂર થઈ નથી. લોકપાલે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન અને અન્ય એજન્સીઓ સાથે જોડાણ કરી સંપૂર્ણ ક્ષમતાઓ સાથે કામ કરવાની જરૂર પડશે. આ સંયુક્ત જોડાણ જ ભ્રષ્ટાચારને જડમૂળમાંથી કાઢી નાખવામાં સહાય કરશે.'



### ભ્રષ્ટાચાર લોકોનો વિશ્વાસ તોડે છે

વધુમાં CJI એ જણાવ્યું હતું કે, 'ભ્રષ્ટાચાર અને લાંચ કાયદા-નિયમોના અનુપાલનનું પતન કરે છે. જે લોકોનો વિશ્વાસ તોડે છે. પરિણામે રાજકીય અને આર્થિક અસ્થિરતા સર્જાઈ છે. જે સામાજિક વિભાજન સાથે હિંસાને જન્મ આપે છે.'

### ભ્રષ્ટાચારનો સૌથી વધુ ભોગ ગરીબો

જસ્ટિસ ખન્નાએ નોંધ્યું હતું કે, 'ગરીબો પોતાની આવકનો સૌથી વધુ હિસ્સો લાંચ આપવામાં ખર્ચ કરે છે. સરકારી સેવાઓ પર નિર્ભર ગરીબો અને ખાસ કરીને મહિલાઓ ભ્રષ્ટાચારનો સૌથી વધુ ભોગ બને છે. વંચિત જાતિઓ પણ તેનો સૌથી વધુ ભોગ બને છે. બીજી તરફ ઉચ્ચ વર્ગના લોકો પૈસાના જોરે સરકારી સેવાઓનો લાભ સરળતાથી મેળવી રહ્યા છે. આંકડાઓ અનુસાર, હાઈ પ્રોફાઈલ ભ્રષ્ટાચારના કારણે દેશને દરવર્ષે રૂ. 36 હજાર કરોડનું નુકસાન થયુ હતું. 2005માં સરકારી સેવાઓ માટે દર રોજે રૂ. 21000 કરોડની લાંચ આપવામાં આવતી હતી.'

**'મારે શા માટે લડવું જોઈએ?'- ઓમર અબ્દુલ્લાહ**

## ઓમર અબ્દુલ્લાહના બદલાતા સૂરથી વિપક્ષનું ગઠબંધન ચિંતિત

(એજન્સી) જમ્મુ અને કાશ્મીર | તા. 17

મુખ્યમંત્રી તરીકેના તેમના બીજા કાર્યકાળ વિશે ઓમર અબ્દુલ્લાએ કહ્યું, 'આ શીખવાનો અનુભવ છે. હું જાણતો હતો કે કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી બનવું સરળ નહીં હોય. કેટલીક વસ્તુઓ સારી રહી છે, કેટલીક વસ્તુઓ મુશ્કેલ છે પરંતુ જીવનમાં આ બધું ચાલ્યા રાખે છે.'

એક ઈન્ટરવ્યૂમાં જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહએ કેન્દ્ર સરકાર માટેના તેમના વિઝન વિશે વાત કરી હતી. તેમજ આ અંગે રચનાત્મક સંબંધો જાળવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. જ્યારે ઓમર અબ્દુલ્લાહને પૂછવામાં આવ્યું કે શું તેઓ પીએમ મોદીની આગેવાનીવાળી સરકાર તેમના પર નારાજ ન થાય એ માટે તેઓ સતર્ક રહે છે? આ અંગે અબ્દુલ્લાહએ જવાબ આપ્યો, 'દુશ્મનીથી શરૂઆત કેમ કરવી...?'

ઓમર અબ્દુલ્લાહએ કેન્દ્રીય નેતૃત્વ સાથેની તેમની સકારાત્મક વાતચીતનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'સત્ય એ છે કે જ્યારે હું વડાપ્રધાન અને ગૃહમંત્રીને મળ્યો ત્યારે તેઓએ સ્પષ્ટ કહ્યું કે લોકોએ આપણને તેમના નેતા ચૂંટીને તેમની વાત સ્પષ્ટ કરી દીધી છે. આથી લોકોના આદેશોનું સન્માન કરવું જોઈએ અને હું સરકારને સંપૂર્ણ સમર્થન અને મદદ કરશે.'બિનજરૂરી સંઘર્ષ પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું, 'તો જ્યારે તેઓએ મતભેદ માટે કોઈ અવકાશ છોડ્યો નથી, તો મારે શા માટે લડવું જોઈએ, લડવાની કોઈ જરૂર નથી.'

જ્યારે તેમનો વિરોધ કરનારાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે ઓમર અબ્દુલ્લાએ જવાબ આપ્યો, 'કોઈ વાંધો નહીં, રાજકારણનો અર્થ અલગ-અલગ અભિપ્રાય છે. તેથી એવા લોકો હશે જેઓ મારી સાથે સહમત નહીં થાય. તેઓ પોતાનું નસીબ અજમાવી શકે છે અને હું જે ખુરશી પર બેઠો છું તેના પર બેસી શકે છે. તેમને તે કરવા દો. પછી તેઓ ઈચ્છે તેટલા આક્રમક બની શકે છે.'આ અંગે અબ્દુલ્લાહએ વધુમાં કહ્યું, 'અને જો તેમની પદ્ધતિ મારી પદ્ધતિ કરતાં વધુ સારી રીતે કામ કરશે, તો હું તમારા કાર્યક્રમમાં આવનાર પ્રથમ વ્યક્તિ બનીશ અને કહેશે કે તેઓ સાચા હતા અને હું ખોટો હતો.'


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ડાન્સ, ગીત અને ડાયલોગથી ટ્રાફિક નિયમના પાઠ ભણાવાશે

## સુરતમાં TRB-ટ્રાફિક પોલીસના 15 કર્મીની ટીમ બનાવાઈ; લોકોને સમજાવવા રોડ પર ઉતરશે

(એજન્સી) સુરત | તા.17

સુરત ટ્રાફિક પોલીસ સામ-દામ-દંડ આ ત્રણેય સૂત્રો સાથે શહેરના લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સમજાવી રહી છે. હવે સુરતના લોકો સરળતાથી ટ્રાફિક નિયમો સમજી શકે અને અકસ્માત સહિતના અન્ય બનાવો નહિવત થાય, તે માટે એક નવું અભિગમ શરૂ કરવામાં આવ્યું છે. આ વખતે સુરત ટ્રાફિકના જવાનો સાથે ટીઆરબીના જવાનો સુરતના રસ્તાઓ અને ટ્રાફિક જંક્શન પર લોકોને સમજાવવા માટે ગીત અને ફિલ્મી ડાયલોગની ડિલિવરી કરશે. એટલું જ નહીં, ડાન્સના માધ્યમથી પણ કઈ રીતે ટ્રાફિક નિયમોનું પાલન કરી શકાય તે સમજાવશે. આગામી 26 જાન્યુઆરી 15 લોકોની ખાસ ટીમ રસ્તા પર ઉતરશે અને લોકોને ટ્રાફિક નિયમોથી અવેર કરશે.







**ટીઆરબી જવાનો ડાન્સ સાથે ડાયલોગ પણ બોલશે |** સુરત શહેરમાં આવનારા દિવસોમાં લોકોને ટ્રાફિક જંક્શન પર ટીઆરબી જવાનો ડાન્સ કરતા નજરે પડશે. એટલું જ નહીં, ફિલ્મી ડાયલોગ પણ તેઓ બોલશે અને આ બધું આયોજન ટ્રાફિક શાખા દ્વારા કરવામાં આવ્યું છે, જેથી લોકો ટ્રાફિક નિયમોનું પાલન કરે. ડાન્સ, ડાયલોગ ડિલિવરી તેમજ ડ્રામા થકી સુરતના લોકોને સુરત ટ્રાફિક શાખા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે અપીલ કરશે.

**રસપ્રદ રીતે ટ્રાફિક નિયમો લોકોને સમજાવવાનો પ્રયાસઃ DCP |** આ મામલે ડીસીપી અમિતા વાનાણીએ જણાવ્યું હતું કે, ટ્રાફિકના નિયમો માટે જાગૃતિ આવે તે માટે હંમેશા રસપ્રદ માર્ગો અને નવતર પ્રયોગો સુરત ટ્રાફિક શાખા દ્વારા હાથ ધરવામાં આવે છે. જેના અનુસંધાને ટ્રાફિક શાખાના માનદ સેવકો દ્વારા ટ્રાફિકના વિષયને લોકો સુધી પહોંચાડવા માટે અલગ-અલગ પ્રકારના ડ્રામા, સ્ટ્રીટ ડાન્સ અને ડાયલોગ ડિલિવરી સાથે મ્યુઝિકની એક ટીમ તૈયાર કરવામાં આવી રહી છે. આ ટીમ ટ્રાફિકના નિયમોને આવરી લેતી રસપ્રદ રીતે વિષયોને લોકો સામે રજૂ કરશે. તેઓ ફિલ્મના ફેમસ ડાયલોગ ટ્રાફિક નિયમો સાથે જોડીને ડાન્સ અને ડાયલોગ ડિલિવરી કરશે અને લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે અપીલ કરશે.

### રેડ સિગ્નલ સમયે ડ્રામા રજૂ કરાશે

સાથે તેઓએ જણાવ્યું હતું કે અલગ-અલગ ડ્રામાની ભજવણી જાહેર જગ્યાઓ અને જંક્શન પર કરવામાં આવશે. આ માટે એનજીઓના સહયોગ પણ લેવામાં આવી રહ્યા છે. આ તમામ પ્રવૃત્તિઓ ટ્રાફિકના રેડ સિગ્નલ સમયે કરવામાં આવશે. આ માટે એક પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં લગભગ 50થી 60 સેકન્ડની અંદર ડાયલોગ ડિલિવરી, ડ્રામા અને ડાન્સની રજૂઆત થશે, જેથી ટ્રાફિક અવરોધ ન સર્જાય. સાથે સાઈડના જંક્શન્સ પર પણ આ પ્રવૃત્તિઓ કરવામાં આવશે, જેથી જાગૃતિ સાથે ત્યાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય.

# આ પસ્તાવો હવે શું કામનો!

# પહેલા સાસુને માર માર્યો અને હવે સાસુની સેવા કરવા વૃદ્ધાશ્રમમાં રહેવાની જીદ પકડી

(એજન્સી) સુરત | તા.17

સુરતના પુણા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં 98 વર્ષીય વૃદ્ધાને 57 વર્ષીય પુત્રવધૂ વાળ પકડી ઘસડતી અને લાતો વડે ફટકારતો વીડિયો વાઈરલ થતાં ચકચાર મચી હતી. પાડોશીએ વાઈરલ કરેલા વીડિયોને પગલે મહિલા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના શીતલ ભડિયાદરા સહિતના સામાજિક આગેવાનોની ટીમ વૃદ્ધાને ઉગારી પોલીસ મથકે લઇ આવી હતી. ત્યારબાદ કલાકો સુધી ચાલેલા હાઈવોલ્ટેજ ડ્રામા બાદ વૃદ્ધાને વૃદ્ધાશ્રમમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આ વહુ પણ વૃદ્ધાશ્રમ દોડી ગયા હતા અને તેને પસ્તાવો થતો હોય તેમ સાસુની સેવાચાકરી કરી હતી. જોકે સાસુને માર મારવાને લઈને પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી દેવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પુણા પોલીસ સ્ટેશનના પીઆઇ વી.એમ.દેસાઈએ જણાવ્યું હતું કે, આ વીડિયો 13મીએ ઉતારવામાં આવ્યો હતો. જે વાઈરલ થતાં જ પોલીસની ટીમ એન.જી.ઓ. સાથે મોકલવામાં આવી હતી. મહિલા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન શીતલબેન ભડિયાદરાની લેખિત ફરિયાદને આધારે વૃદ્ધાને માર મારવા બદલ તેમની પુત્રવધૂ સરસ્વતીબેન શેલડિયા વિરુદ્ધ બી.એન. એસ.ની કલમ 115(2) અંતર્ગત એન.સી. ગુનો નોંધવામાં આવ્યો હતો. આજે આરોપી મહિલાની અટકાયત કરીને વધુ કાર્યવાહી કરવામાં આવશે.



### કોઈએ વીડિયો ઉતારી સામાજીક સંસ્થાને મોકલ્યો હતો

ગત રોજ બપોરના સુમારે સામાજિક સંસ્થા ચલાવતા શીતલ ભડિયાદરા, ચેતનાબેન સાવલિયા સહિતની મહિલા આગેવાનો પુણા પોલીસ મથકે દોડી આવ્યા હતા. એક વૃદ્ધાને તેની પુત્રવધૂ મારઝૂડ કરતી હોવાના આક્ષેપ સાથે એક વીડિયો પોલીસને બતાવ્યો હતો. વીડિયોમાં એક વૃદ્ધા નગ્ન અવસ્થામાં તેના ઘરની લોબીમાં ખાટલા પાસે બેઠા હતા. તે વખતે પુત્રવધૂ સરસ્વતીબેન ત્યાં આવી તમાચા અને લાતો વડે ફટકારવાની સાથે વાળ પકડી ઘસડતી હોવાનું દેખાયું હતું. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલો વીડિયો આ ઘરની ઉપરના માળેથી કોઈએ ઉતારી સામાજિક સંસ્થાઓને મોકલ્યો હતો.

### NGO અને પોલીસ વૃદ્ધાના ઘરે પહોંચી હતી

પુણા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. દેસાઈએ એક ટીમ આ સામાજિક કાર્યકરો સાથે જે સોસાયટીનું સરનામું હતું તે માતૃશક્તિ સોસાયટીમાં મોકલી હતી. પોલીસ, એન.જી.ઓ. વયોવૃદ્ધાના ઘરે પહોંચ્યા હતા અને અત્યંત દયનિય હાલતમાં રહેલા 98 વર્ષના વયોવદ્ધાને ઉગારી પોલીસ મથકે લઈ આવ્યા હતા. પોલીસ અને એન.જી.ઓ.ને જોઈ જેની પર માર મારવાનો આરોપ હતો તે પુત્રવધૂ સરસ્વતીબેન કનુ શેલડીયા તથા પૌત્ર પણ ત્યાં દોડી આવ્યો હતો.

### સાસુ સાથે વહુએ પણ વૃદ્ધાશ્રમમાં રહેવાની હઠ પકડી

મહિલા સંગઠનોએ વૃદ્ધાને માર મારનાર પુત્રવધૂ પર ગુનો નોંધાવવાની માંગણી અને વૃદ્ધાને આ પરિવાર પાસે નહિ રહેવા દઈ વૃદ્ધાશ્રમમાં લઈ જવાની માંગણી સાથે પોલીસ મથકે જ મોરચો માંડયો હતો. કલાકો સુધી ચાલેલી મથામણ બાદ સામાજિક સંસ્થા દ્વારા વૃદ્ધાને વૃદ્ધાશ્રમ મોકલી આપવામાં આવ્યા હતા. માતા-પુત્ર પોતાની સાથે વૃદ્ધાને ઘરે લઇ જવા અને ફરીથી આવી ભૂલનું પુનરાવર્તન નહિ કરવા અને માફી માંગતા નજરે પડ્યા હતા. જોકે એન.જી.ઓ. વૃદ્ધાને વૃદ્ધાશ્રમ લઈ જવા મક્કમ રહ્યું હતું. વૃદ્ધાશ્રમમાં પોતે પણ સાસુ સાથે જ રહેશે તેવી જીદ સાથે વહુ પણ સાથે જ વૃદ્ધાશ્રમ પહોંચી હતી. જ્યાં પહેલા જે સાસુને માર માર્યો હતો તેની સેવાચાકરી પણ કરી હતી.

### વીડિયો વાઈરલ થતાં લોકોએ વહુ પર ફિટકાર વરસાવ્યો

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં વહુ પર લોકો દ્વારા ફિટકાર વરસાવવામાં આવી હતી. ત્યારે આ વહુને પસ્તાવો થતો હોય તેમ હવે વૃદ્ધની સેવાચાકરી કરવા નીકળી છે. જોકે આ પસ્તાવો હવે શું કામનો તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે.

### લોભામણી લાલચ આપી મોબાઈલ ડેટા ચોરતી ફિશિંગ લિંક સક્રિય

# મોબાઈલ રિચાર્જ લિંક આવે તો ચેતજો!

વડોદરા |સમગ્ર દેશમાં ડિજીટલ ઈન્ટરનેટ યુગમાં હાલમાં ફાયદા સાથે નુકસાન પણ સામે આવી રહ્યું છે. લોકો ટેકનોલજીનો જેટલો વધું ઉપયોગ કરે છે તે સાથે નુકસાનની ભરપાઈ પણ કરવી પડે છે. નવું વર્ષ શરુ થતાં જ મોબાઇલ રિચાર્જના નામે ફિશિંગ વેબસાઇટ લિંક સક્રીય થઈ છે અને તે લોભામણી જાહેરાત આપી તમારા મોબાઈલ નંબર આધારે સીધા ડેટા ચોરી અને તમારા એકાઉન્ટ ખાલી કરી નાખે છે. ત્યારે અજાણી લિંક પર ક્લિક કરતા ચેતવું જોઈએ. પ્રતિષ્ઠિત મોબાઇલ રિચાર્જ કંપનીના નામે ઠગવાજો બેફામ બન્યા છે અને લોકોને ફિશિંગ લિંકના માધ્યમથી અશક્ય હોય તેવી લોભામણી જાહેરાતો આપી માયાજાળમાં ફસાવી છેતરપિંડી આચરે છે. ત્યારે લોકોએ જાગૃત થવાની જરૂર છે અને આવી કોઈ પણ અજાણી લિંકનો ઉપયોગ ન કરી અન્ય લોકોને ફોરર્વડ ન કરવી જોઈએ. આ અંગે સાઈબર એક્સપર્ટ 360 ડિગ્રી ચકાસણી કરવા જતા જ તેઓને પણ સાયબર માફિયાયે બ્લોક કરી દિધો હતો. આ અંગે જાણીતા સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે, છેલ્લા દસ દિવસથી આ એક લિંક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. આ લિંકનું મેં 360 ડિગ્રી માઈક્રો એનાલીસીસ કર્યું ત્યારે મને બ્લોક કરી દિધો હતો. આ વેબસાઈટ જે છે તે ફિશિંગ વેબસાઈટ, માર્વેલ અને મેલેશિયસ વેબસાઈટ છે અને અહીંયાં આ ત્રણ પ્રકારની બાબતો સામે આવી છે. આ લોકો અશક્ય લોભામણી જાહેરાત આપે છે. જે રિચાર્જ 3999નું છે તે 1000 રૂપિયામાં આપવાની વાત કરે છે. સાથે જ અલગ અલગ લોભામણી જાહેરાતના ઘણા બધા પ્લાન જોવા મળી રહ્યા છે.

# જેતપુરમાં ચોરેલા દાગીના ગીરવે મૂકી મેળવેલા નાણાં તસ્કરો ઓનલાઈન ગેમમાં હારી ગયા

જેતપુર | તા.17

અહીના કણકીયા પ્લોટ વિસ્તારમાં ગત તા.૨ના રોજ શ્રમિક પરિવારના ઘરમાં ઘૂસી બે શખ્સોએ સોનાના દાગીના અને રોકડ રકમની કોઈ પણ તોડફોડ કર્યા વગર ઉઠાંતરી કરી લીધી હતી. આ બનાવમાં પોલીસે રાજકોટથી ગુન્હાશોધક શ્વાન જેક્શનને લાવી તપાસ કરતા આખો ભેદ ઉકેલાઈ ગયો હતો.અને બે શખ્સોને પોલીસે પકડી પાડી અદાલતમાં રજુ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ આરોપીઓએ સોનાના દ ાગીના પર ગોલ્ડ લોન લઈને ઓનલાઈન ગેમ રમતા એમાં હારી ગયાનું કહી રહ્યા છે. જયારે બે દાગીના વેચીને ટેકસી ભાડે કરી દિવ ફરવા ચાલ્યા ગયાની કબૂલાત આપીહતી. અહીંના કણકીયા પ્લોટ વિસ્તારમાં ગઈ તા.૨ ના રોજ દિવસ દરમીયાન બંધ મકાનમાં અજાણ્યા આરોપીએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને કબાટની તીજોરીમાં રાખેલ સોનાના ઘરેણા જેમાં સોનાનો હાર-૧ વજન આશરે ૨.૫ તોલાનો કિંમત રૂા.૭૫,૦૦૦/- તથા એક સોનાની પુરૃષ વિટી નંગ-૧ વજન આશરે ૦.૫ તોલાની કિંમત રૂા.૧૫,૦૦૦/- તથા કાનમાં પહેરવાની સોનાની બુટી જોડી-૨ નંગ-૪ તથા કાનમાં પહેરવાની સોનાની સઈરૃ જોડી-૧ નંગ-૨ એમ બુટી તથા સઈરૃનો આશરે વજન-૧ તોલા જેની કિં. રૂા.૩૦,૦૦૦/- એમ મળી કુલ કિંમત રૂા.૧,૨૦,૦૦૦/- ની ઘરફોડ ચોરીનો અજાણ્યા શખ્સો વિરૃધ્ધ ગુનો રજીસ્ટર થયેલ હતો. જે બાબતે પોલીસે અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી કેમેરા સહિતની તપાસ હાથ ધરી હતી.

### એલોપથીની પ્રેક્ટીસ કરનાર હોમિયોપેથ તબીબ સામે ગુનો

રાજકોટ | એસઓજીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગોંડલના સડકપીપળીયા ગામે બીએચએમએસની ડીગ્રી ધરાવતાં ડો.રાજુભાઈ રાણાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯, રહે. હાલ ભરૃડી, મૂળ નવા રાજપરા, તા. તળાજા) એલોપથીની પ્રેકટીસ કરતાં હોવાની માહિતી મળતાં ઝડપી લેવાયા હતા. ડો.રાજુભાઈએ રાજસ્થાનના ગંગાનગર ખાતેથી ડીગ્રી મેળવી છે. હેલ્થ ઓફિસરે જણાવ્યું કે આ પ્રકારની ડીગ્રી ધરાવનાર એલોપથીની પ્રેકટીસ કરી શકે નહીં. જેથી કાર્યવાહી કરવામાં આવી છે.એસઓજીએ લોધીકાના ઢોલરા ગામેથી ધો.૧૦ પાસ નકલી ડો. રાજેશ ભીખાભાઈ મારડીયા (ઉ.વ.૩૭, રહે. મવડી ચોકડી, આર.કે. એમ્પાયરની પાછળ, જલારામ સોસાયટી-૧, રાજકોટ) ને પણ ઝડપી લીધો હતો.

## જેતલપુર અને લાલબાગ બ્રિજ એક મહિનો બંધ

# દોઢ લાખ વાહનચાલકને અલકાપુરી ગરનાળાથી 2.3 કિમી-અકોટા બ્રિજથી 5.2 કિમીનો ફેરો પડશે

(એજન્સી) વડોદરા | તા.17

પાલિકા દ્વારા શહેરના બ્રિજ પર 32 કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કરવા કરાઈ રહ્યું છે. જેતલપુર બ્રિજ અને લાલબાગ બ્રિજ પર રિસર્ફેસિંગની કામગીરીને પગલે 1 મહિના સુધી બંધ કરાશે. જેતલપુર બ્રિજ બંધ કરાતાં રોજ 1.50 લાખ વાહન ચાલકોને અલકાપુરી ગરનાળાથી 2.3 કિમી અને અકોટા-દાંડિયાબજાર બ્રિજથી જતા વાહનચાલકોને 5.2 કિમીનો ફેરો કરવો પડશે. પોલીસે બ્રિજ બંધ રહેવા અંગે જાહેરનામું બહાર પાડી વૈકલ્પિક રૂટ જાહેર કર્યા છે. શહેરમાં આવેલા ફ્લાય ઓવર અને રેલવે ઓવર બ્રિજ પર ડામરના થરને ઉખાડવા સાથે રિસર્ફેસિંગ કરવાનું કામ સ્થાયીએ મંજૂર કરતાં વિવિધ બ્રિજ પર કામગીરી કરાઈ રહી છે. જેમાં શુક્રવારથી જેતલપુર અને લાલબાગ બ્રિજના બંને એપ્રોચ પર રિસર્ફેસિંગ કરાશે. જેને કારણે 1 મહિના સુધી બંને બ્રિજને વાહનો માટે બંધ કરાયા છે. જેતલપુર બ્રિજ પર આરસીસી બેઝ હોવાથી આખા બ્રિજ પર ડામર પાથરાશે. જેથી બ્રિજ બંધ કરાતાં રોજના 1.50 લાખથી વધુ વાહનચાલકોને વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવો પડશે. બ્રિજ બંધ થતાં જેતલપુર અન્ડરપાસ અને અલકાપુરી ગરનાળાનો વાહનચાલકો ઉપયોગ કરી શકે છે. જોકે વાહનચાલકો દાંડિયાબજાર-અકોટા બ્રિજનો ઉપયોગ કરશે તો 5.2 કિમી અને અલકાપુરી ગરનાળાથી જતા વાહનચાલકોને 2.3 કિમીનો ફેરો પડશે. બીજી તરફ અવધૂત ફાટકથી લાલબાગ બ્રિજ ઉપર અને લાલબાગ બ્રિજ પર ટી પોઈન્ટથી પ્રતાપનગર તરફ જઈ નહીં શકાય. લાલબાગ બ્રિજના અવધૂત ફાટક તરફના અને પ્રતાપનગર તરફના બંને એપ્રોચ બંધ હોવાથી પ્રતાપનગર જવા મોતીબાગથી લાલબાગ બ્રિજ પર થઈ શ્રેયસ સ્કૂલ ત્રણ રસ્તાથી નીચે તરફ જઈ શકાશે. વાહનચાલકો અવધૂત ફાટક લાલબાગ બ્રિજ નીચે થઈ મોતીબાગ તરફ જઈ શકશે. તદુપરાંત અવધૂત ફાટકથી માંજલપુર સ્મશાન, માંજલપુર ગામ તુલસીધામ ચાર રસ્તા તરફ વાહન ચાલકો જઈ શકશે. પાલિકા દ્વારા વિવિધ બ્રિજ પર રિસર્ફેસિંગ કરાય છે. 12 બ્રિજ પૈકી સોમા તળાવ બ્રિજનું રિસર્ફેસિંગ 20મીએ પૂર્ણ થશે. ત્યારબાદ લાલબાગ, જેતલપુર સહિત અન્ય બ્રિજ પર ડામર પાથરાશે. પહેલા તબક્કામાં વડસર બ્રિજ, નવાયાર્ડ બ્રિજ અને લાલબાગ બ્રિજ પર કાશીવિશ્વનાથ મંદિરથી માંજલપુર નાકા તરફના ભાગ પર ડામર પાથર્યો હતો. સોમા તળાવથી તરસાલી તરફના બ્રિજ પર રિસર્ફેસિંગની કામગીરી 20 તારીખે પૂર્ણ થશે. બીજી તરફ સમા તળાવ ખાતે નવા ફ્લાય ઓવરની કામગીરીને કારણે શહેર પોલીસે 2 મહિના પહેલાં નો એન્ટ્રી અને વૈકલ્પિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પાડ્યું હતું. 21 નવેમ્બરથી પ્રસિદ્ધ થયેલા જાહેરનામા મુજબ તમામ પ્રકારનાં ભારદારી વાહનો, એસટી બસ, વિટકોસ બસો દુમાડ બ્રિજ નીચેથી ગોલ્ડન બ્રિજ થઈ, હરણી રોડ, ગદા સર્કલ, હરણી જૂના જકાતનાકા સર્કલ, માણેકપાર્ક સર્કલ, અમિતનગર બ્રિજ થઈ જવાનું હોય છે, પરત જતી વખતે તે જ રૂટ પર અવર-જવર કરશે. દુમાડ બ્રિજથી સમા કેનાલ ત્રણ રસ્તા થઈ, એબેક્સ સર્કલ થઇ અમિતનગર બ્રિજ નીચે અવર-જવર કરતાં ફક્ત GSRTCનાં વાહનો માટે પ્રતિબંધિત રસ્તાઓ જાહેર કરાયા છે.

### કેશોદ અને નલિયામાં ૯.૬, પોરબંદર, ભૂજમાં ૧૧, જૂનાગઢ, સુરેન્દ્રનગર,અમદાવાદ,ગાંધીનગર ૧૨ સે.

# ગુજરાતમાં સર્વાધિક ઠંડી અમરેલીમાં ૮ રાજકોટ ૯ સે સાથે કચ્છથી પણ વધુ ઠંડી

(એજન્સી) રાજકોટ | તા.17

મૌસમ વિભાગની ઠંડીમાં આંશિક ઘટાડાની આજે આગાહી પૂર્વે ગુજરાતમાં ઠંડીમાં વધારો થયો હતો. કચ્છના નલિયામાં સામાન્ય રીતે સર્વાધિક ઠંડી હોય છે પરંતુ, આજે રાજ્યમાં સૌથી વધુ ઠંડી અમરેલીમાં ૮.૨ અને ત્યારબાદ રાજકોટમાં ૯.૪ સે. નોંધાઈ છે. કચ્છ કરતા પણ સૌરાષ્ટ્રના મધ્ય વિસ્તારોમાં કાતિલ ઠંડી પડી રહી છે. નલિયા અને કંડલામાં ૯.૬ સે. કરતા અમરેલી,રાજકોટ,ગીરનાર સહિત સૌરાષ્ટ્રમાં તાપમાન નીચું રહ્યું હતું. આ ઉપરાંત રાજ્યમાં અનુક્રમે સર્વાધિક ઠંડીવાળા શહેરોમાં કેશોદ ૯.૬, પોરબંદર ૧૦.૮, ભૂજમાં ૧૧.૨, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં ૧૧.૮, જુનાગઢ અને અમદાવાદમાં ૧૨.૨ સાથે કડકડતી ટાઢ પડી હતી. તો દરિયાકિનારા નજીકના સ્થળોમાં કંડલા બંદરે ૧૩.૫, ભાવનગર ૧૩.૭, વેરાવળ સોમનાથ ૧૪.૩, વલ્લભવિદ્યાનગર ૧૪.૫ સે. , દ્વારકા ૧૫.૭, સુરત ૧૬.૩ સે. સાથે સામાન્ય ઠંડી જારી રહી હતી. રાજ્યમાં સૌથી ઓછી ઠંડી પહેલેથી જ ઓખામાં [illegible] છે જ્યાં આજે ન્યુનત્તમ તાપમાન ૧૯.૩ સે. રહ્યું હતું. ઠંડીની સાથે રાજ્યમાં મોટાભાગના સ્થળોએ કલાકના ૧૫થી ૨૦ કિ.મી.ની તીવ્ર ઝડપે ઉત્તર અને પૂર્વોત્તર દિશાથી આવતા ઠંડાગાર હીમ પવનો ફૂંકાયા હતા જેના કારણે ઠંડી હતી તેના કરતા ઘણી વધારે અનુભવાતી હતી અને શહેરો તથા હાઈવે પર લોકો ગરમવસ્ત્રોમાં લપેટાઈને બહાર નીકળતા નજરે પડયા હતા તો રાત્રે માર્ગો સૂમસામ બની ગયા હતા.

# ધૂમ સ્ટાઈલથી વાહનો ચલાવી રેસ લગાવતાં ૨૪ શખ્સો ઝડપાયા

(એજન્સી) રાજકોટ | તા.17

પડધરીના પોલીસ ઈન્સ્પેકટર એસ. એન. પરમારને એવી ચોકકસ માહિતી મળી હતી કે અમુક શખ્સો રાજકોટથી જામનગર વચ્ચે રેસીંગ માટે નીકળ્યા છે. એલસીબીની ટીમો પણ બોલાવી લીધી હતી. બાતમી મુજબ એક સાથે જ દસ બાઈક અને બે ફોર વ્હીલર ઉપર ૨૪ શખ્સો નીકળ્યા હતા. તમામ શખ્સો ધૂમ સ્ટાઈલથી વાહનો ચલાવવાની સાથે બાઈક ઉપર જોખમી સ્ટંટ પણ કરતા હતા. તમામ શખ્સો ફૂલ સ્પીડમાં વાહનો ચલાવતા હોવાથી તેમને પણ કોઈ નુકસાન ન પહોંચે તેની તકેદારી રાખી પોલીસે તમામને ઝડપી લીધા હતા. ઝડપાયેલા શખ્સોમાં જીશાન હુશેનભાઈ ઈશાણી (રહે. બેડેશ્વર-જામનગર), આઝાદ રઝાકભાઈ શમા (રહે. ખોડિયાર કોલોની, વામ્બે આવાસ યોજનાના કવાર્ટર, રાજકોટ), મહમંદહુશેન અલ્તાફભાઈ બાઘડા (રહે. ખોડિયાર કોલોની, જામનગર), રામકુ ટીશાભાઈ કેરાળીયા (રહે. ભગવતીપરા શેરી નં.૧, રાજકોટ), શાહબાઝ ઈબ્રાહીમભાઈ સેતા (રહે. શાસ્ત્રીનગર, જામનગર), મહમંદહુશેન મજીદભાઈ ભુંગરાણી (રહે. નુર ફળી, જામનગર), સંજય મેરૃભાઈ જોરા (રહે. કોઠારીયા મેઈન રોડ, ગુજરાત હાઉસીંગ સોસાયટી, રાજકોટ), દર્શીત મહેન્દ્રભાઈ ચોટલીયા (રહે. બાલાજી પાર્ક-૧, કોઠારીયા રોડ, રાજકોટ), કૃણાલ મેઘજીભાઈ મારૃ (તા. ગોંડલા), વાહીદ સલીમભાઈ શેખ (રહે. ભગવતી સોસાયટી, દૂધસાગર રોડ, રાજકોટ), અજય પ્રવિણભાઈ ચુડાસમા (રહે. ગંજીવાડા મેઈન રોડ, રાજકોટ), હુશેન ઉર્ફે એમદ આરીફભાઈ તમીમી (રહે. ખંઢેરીયા શેરી, ગોંડલ), સાહીલ યુનુશભાઈ નોતીયાર (રહે. જૂના ઉપલેટા રોડ, ધોરાજી), સમીર શરીફભાઈ ઠેબા (રહે. ભગવતપરા, ગોંડલ), અશનાદ હમીદભાઈ મીયાવા (રહે. રાજીવનગર શેરી નં.૧૨, રાજકોટ), ફલક મહંમદબીન મુરીમા (રહે. મોચીનગર-૧, રાજકોટ), ફહીમ ઈરફાનભાઈ મુરીમા (રહે. રવિ પાર્ક, શેરી નં.૪, જામનગર), શકિલ મહંમદભાઈ વજુગરા (રહે. ભગવતપરા શેરી નં.૧૧, ગોંડલ), ક્રિશ હરેશભાઈ સોલંકી (રહે. બજરંગવાડી શેરી નં.૯, રાજકોટ), શાહીલ અસલમભાઈ ધંધુકીયા (રહે. ભગવતી સોસાયટી, દૂધસાગર રોડ, રાજકોટ), મઝીદ રહીમભાઈ સાંધ (રહે. ભગવતી સોસાયટી, દૂધસાગર રોડ રાજકોટ), સાનીશ હનિફભાઈ બાનાણી (રહે. હા.બોર્ડના કવાર્ટર, દૂધસાગર રોડ, રાજકોટ), વિરાજ સંજયભાઈ મકવાણા (રહે. હા. બોર્ડના કવાર્ટર, રાજકોટ) અને યશ લેખરાજભાઈ શર્મા (રહે. હા.બોર્ડના કવાર્ટર, રાજકોટ)નો સમાવેશ થાય છે.

# નર્મદા જિલ્લામાં 2067 મધ્યાહ્ન ભોજનના કર્મચારીઓ પર લટકતી તલવાર

## પીએમ પોષણ શકિત નિર્માણ યોજનાનું ખાનગીકરણ અટકાવવા મધ્યાહન ભોજન સંચાલકોનું ધારાસભ્યને આવેદન, નર્મદા જિલ્લામાં કામ કરતા ૨૦૬૭ મધ્યાહન ભોજન ના સંચાલકો, રસોઈયા, મદદનીશ કર્મીઓ માં ૬૦ ટકા વિધવા, ત્યક્તા મહિલાઓ છે

### નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ ને આવેદનપત્ર આપી ખાનગીકરણ અટકાવવા રજૂઆત કરી

ભરત શાહ | નર્મદા

તાજેતરમાં મધ્યાહન ભોજન માં કામ કરતા કામદારો પર જાણે લટકતી તલવાર હોય તેવી સ્થિતિ જોવા મળતા આ કામદારો એ આજરોજ નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ ને આવેદનપત્ર આપી ખાનગીકરણ અટકાવવા રજૂઆત કરી છે.

રજૂઆત માં જણાવ્યા મુજબ ભારત દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ મધ્યાહ્નન ભોજન યોજનાની ક્ષતિઓ દૂર કરી નવા નામે પીએમ પોષણ શકિત નિર્માણ યોજના 2022 પછી જાહેર કરી ઉત્તમ ભોજન વ્યવસ્થાઓ ઊભી કરી ત્યારે વિશેષ ખર્ચ ની જોગવાઈ સાથે રાજ્યના મુખ્યમંત્રી એ પણ એમાં ગુજરાતની વધારાની યોજના ઉમેરી ને સ્થાનિક વિધવા ત્યકતા રસોઈયા બહેનો ને વિશેષ વળતર મળે અને સ્થાનિક સ્વાદ અને જેતે ગામો ની રુચિ ખાન પાન માં સ્વાદ બાળકો ને ભાવે તેવા સ્વાદ મૂજબ ઉપયોગ કરીને તૈયાર થતી વાનગીઓ પીરસી રહ્યા ત્યારે ગુજરાત બહાર ની ચાર સંસ્થાઓ સરકારી જમીનો મેળવી ને 10 થી 50 કિલોમીટર દૂરના ત્રજ્યા માં આવતી શાળાઓ માં રાત્રે 3-00 થી સવારે 6-00 વાગ્યે થી બનેલ ભોજન બીજે દિવસે બપોર 2-00 બાળકો ને મળે એવી કેન્દ્રીય રસોડા જેમાં 1લાખ બાળકો ની ભોજન બનાવી આજુબાજુ ના ત્રણ તાલુકાઓ ની શાળાઓ માં ભોજન



આપવાનો કોન્ટ્રાક્ટ મેળવવા વહીવટી તંત્રને હાથ ઉપર લઈને પ્રયાસો ચાલુ કર્યા હોય, આપના મતવિસ્તારના તાલુકાઓ માં નાંદોદ , ગરુડેશ્વર તિલકવાડા માં શિક્ષણ વિભાગ ના અગ્રસચિવ ના પત્ર અનુસંધાને જિલ્લા કલેક્ટર ના પત્ર થી તાલુકાઓની સરકારી જમીન ઉપર વિશાળ રસોડા બનાવી ને ખાનગી કોન્ટ્રાક્ટ આપવાની હિલચાલ માં છે અને જો એમ થાય તો આપના મત વિસ્તાર ના બાળકો ને ગામ ના જ રસોઈયા અને ગામ ના સ્વાદ રુચિ ખાન પાન અને રૂઢિ મુજબ ના ભોજન ને બદલે સામાજિક ઓશિયાળી જિંદગી ન ગુજારવી પડે માટે શાળા ૧૦૦ થી ૫૦૦ સુધી ના બાળકોને બપોર નું ભોજન અને નાસ્તો સ્થાનિક વિધવા, ત્યક્તા રસોઈયા બહેનો જે માસિક ૩૭૦૦ માનદ વેતન અને એમના અને એમના નાના બાળકોના બપોરના ભોજનની વ્યવસ્થા બંધ થાય એવી સ્થતિ આ ચાર ખાનગી સંસ્થા ને કરોડો રૂપિયા ના કોન્ટ્રાક્ટ આપવાની ફિરાક માં અને એટલા જ બાળકો માટે ભોજન માટે એ સંસ્થાઓ અંગત ડોનેશન ઉઘરાવી શકે એવી છૂપી વિશાળ રણનીતિ સાથે માત્ર એમને જ કોન્ટ્રાક્ટ મળે એવા જ નિયમો રાજ્ય વહીવટી તંત્ર પાસે તૈયાર કરાવી ને તંત્ર ઓથે કામ કરી રહી છે એ વિષય ને ધ્યાને રાખીને આપના મતવિસ્તારના બાળકો ને સ્થાનિક જેતે રસોઈયા મદદનીશ ના હાથે ગ્રામ્ય રુચિ મુજબ અને સ્થાનિક ધાન્યો નો ઉપયોગ કરીને આ યોજના ની અમલવારી જ ચાલુ રાખવામાં આવે એવી રાજ્ય ના મુખ્ય મંત્રી ને ભલામણ કરવામાં આવે એવી રજૂઆત કરી છે.

## સાપુતારા ખાતે વાહન ચેકીંગ દરમિયાન ગેરકાયદેસર

# દારૂના 6 લાખના જથ્થા સાથે ત્રણની અટકાયત

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ.પટેલ તથા પી.એસ.આઈમાં પી.ડી.ગોંડલીયા તેમજ જે.જી.ઉનડકટ અને પોલીસની ટીમે ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ હાથ ધર્યુ હતુ.અહી સાપુતારા પોલીસની ટીમે વાહન ચેકીંગ દરમિયાન કારમાં લઈ જવાતા ગેરકાયદેસર પાસ પરમિટ વગરના દારૂના જથ્થા સાથે ત્રણને ઝડપી પાડ્યા હતા. તેમજ દારૂના જથ્થા અને કાર સહિત કુલ 6 લાખ રૂપિયા કરતા પણ વધુનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.અને ગોવા ખાતેથી દારૂનો જથ્થો આપનાર ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે.સાપુતારા પોલીસની ટીમ સાપુતારા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહ્યા



હતા. તે વેળાએ મહારાષ્ટ્ર રાજ્ય તરફથી એક બ્રાઉન કલરની હોન્ડા સિટી ફોર વ્હીલ રજી. નં.GJ -27-BE-8768 આવતા,પોલીસે તેને ઉભી રાખી ચેકીંગ કર્યું હતુ. ત્યારે ગાડીની પાછળની સીટ ચેક કરતા સીટની પાછળ એક ચોર ખાનામાં ઈંગ્લિશ દારૂની બોટલો ભરેલ જણાયુ હતુ.આ ગાડીમાંથી ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલ મળી આવતા પોલીસે કારમાં સવાર (1) રમેશભાઈ દેવાભાઈ મકવાણા (ઉ.વ.43, રહે.જામનગર તા.જી.જામનગર), (2) અમિતભાઈ ઉર્ફે આઝાદ બસીરભાઈ સજા (ઉ.વ.36, રહે.રાજકોટ શહેર),(3) ગોરધનભાઈ આલાભાઈ દાફડા એમ મળી કુલ ત્રણની અટકાયત કરી હતી.તેમજ કારમાંથી મળેલ કુલ દારૂનો જથ્થો જેની કિંમત રૂપિયા 75,265/- તથા ત્રણ મોબાઈલ ફોન જેની કિંમત 25 હજાર તથા કાર જેની કિંમત રૂપિયા 5 લાખ રૂપિયા એમ મળી કુલ કિંમત રૂપિયા 6,00,265/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. અને ગોવા ખાતેથી દારૂનો જથ્થો આપનાર વ્યક્તિ ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.હાલમાં સાપુતારા પોલીસે આ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વઘઈ પોલીસ SHE ટીમ દ્વારા

# દેવી પ્રોજેક્ટ અંતર્ગત વૃદ્ધ મહિલાની મદદ કરી માનવતા મહેકાવી

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લામાં પ્રોજેક્ટ દેવી અંતર્ગત વઘઈ પોલીસ સ્ટેશનનની SHE ટીમ દ્વારા એક ઉમદા કામગીરી કરવામાં આવી છે. દગડીઆંબા ગામની એક એકલી વૃદ્ધ મહિલા નામે સોમીબેન ગાયકવાડે છેલ્લા આઠ વર્ષથી જંગલમાં એકલી રહેતી હતી.વધુમાં ગામવાસીઓ તેમને કમનસીબ ગણતા અને હેરાન કરતા હતા.આ સ્થિતિની જાણ થતાની સાથે જ વઘઈ પોલીસ સ્ટેશનની શી ટીમ તાત્કાલિક દગડીઆંબા ગામ ખાતે પહોંચી હતી.વઘઈ પોલીસ મથકનો શી ટીમે સોમીબેનની દયનીય



સ્થિતિ જોઈને તેમને સહાનુભૂતિ આપી હતી.અને તેમના જીવન નિર્વાહ માટે અનાજની કીટ પૂરી પાડી હતી.આ સાથે પોલીસ વિભાગ દ્વારા સોમીબેનનાં ખોરાક, આરોગ્ય અને સલામતી માટે સતત વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું છે.આ કામગીરી ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલની સુચનાથી શક્ય બની છે.ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલનાં સકારાત્મક અભિગમ અને આદિજાતિ બંધુઓ પ્રત્યેની સંવેદનાનાં લીધે પ્રોજેક્ટ દેવી સમાજમાં સકારાત્મક ફેરફારો લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.અને સોમીબેન જેવી અન્ય મહિલાઓને મદદ કરીને, માનવતાની સાચી ભાવના દર્શાવી શકાય છે.



કિશન રોહિડા જરોદ

જરોદ પોલીસ સ્ટેશન ખાતે છેલ્લા ત્રણ વર્ષના સમયગાળામાં અલગ અલગ ગુન્હા ઓ પકડેલા ટુ વ્હીલર ના મુદ્દામાલ ની જરોદ પોલીસ સ્ટેશન ના પી આઈ બારોટ ની અધ્યક્ષતા માં હરાજી યોજાઇ હતી જેમાં આશરે 20 વિસ જેટલા ટુ વ્હીલર ની હરાજી કરાઈ હતી આ હરાજીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં વેપારી ઓ હાજર રહી બોલી લગાવવામાં ભાગ લીધો હતો.

# એકતાનગર ના ગુમ થયેલ મહિલાને શોધી પરીવારજનો સાથે મિલન કરાવતી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ ટીમ, નર્મદા

ભરત શાહ | નર્મદા

લોકેશ યાદવ, ઈ/ચા પોલીસ અધિક્ષક, નર્મદાનાઓએ હાલમાં ગુમ થયેલ વ્યક્તિઓને શોધી કાઢી તેમના માતા-પિતાને સોંપવા કામગીરી કરવાની આપેલ સુચના અને માર્ગદશન અનુસંધાને વાય.એસ સિરસાઠ, ઈ/ચા પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી.નાઓ દ્વારા જીલ્લાના ગુમ થયેલ બાળકો તથા વ્યક્તિઓની શોધખોળ કરવા સારુ સુચના આપતા એકતાનગર પો.સ્ટે.માં નોંધાયેલ ગુમ થયેલ ભાવનાબેન વા/ઓ સતિષભાઈ શાતિભાઈ તડવી રહે.વાગડીયા નિશાળ




ફળીયા તા.ગરૂડેશ્વર જી.નર્મદાનાઓ કોઈ કારણોસર પોતાના ઘરેથી ક્યાંક જતા રહેલ હોવાની જાહેરાત તેમના પતિ સતિષભાઈ શાતિભાઈ તડવી નાઓએ એક્તાનગર પો.સ્ટે.માં આપેલ. જે અનુસંધાને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ (AHTU) ટીમના પોલીસ માણસોએ બનાવની ગંભીરતા સમજી તાત્કાલીક શોધખોળ માં લાગી ગયેલ હતા જે તપાસ દરમ્યાન ટેકનિકલ સર્વિલન્સના આધારે માહીતી મળેલ કે ગુમ થયેલ ભાવનાબેનનાઓ સાબરકાઠા જીલ્લાના ઈડર ના સાબલવાડ ખાતે હોય જે માહીતી આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ (AHTU) ની ટીમ ઈડર ના સાબલવાડ ખાતે પહોચી ગુમ થયેલ બહેનની શોધી કાઢી આગળની કાર્યવાહી કરવા સારૂ એકતાનગર પો.સ્ટેને સોપેલ છે.



દિપક રાવલ | દાહોદ લીમખેડા

લીમખેડા આર્ટસ કૉલેજ અને શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ની ઉજવણી જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી જેમાં ૫૦૦ થી ૬૦૦ જેટલા વિધાર્થીઓ ની હાજરીમાં એઆરટીઓ રોડ સેફ્ટી નોડલ એન સી પટેલ, ઈન્સ્પેક્ટર RTO ,NHAI મેનેજર અતુલ યાદવ , સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ જિલ્લા ટ્રાફિક ટીમ દ્વારા માર્ગ સલામતી સેમીનાર તેમજ ટ્રાફિક અંગે જાગૃતી તથા તે અંગે PPT ના માધ્યમ થી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## રાજપીપળા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ખાતે

# આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો



ભરત શાહ | નર્મદા

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલના વિઝન હેઠળ ગુજરાતના ગરીબ તથા મધ્યમ વર્ગના વ્યક્તિઓને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે અનેકવિધ સેવા પ્રકલ્પો થઈ રહ્યાં છે. આ હેઠળ ગુજરાતની પ્રજાને આંખોની તકલીફથી રાહત માટે નર્મદા જિલ્લામાં પણ આંખોની તપાસ તથા મફત ચશ્મા વિતરણ ના કેમ્પ જિલ્લાના ચાર તાલુકા મથકે રાખવામાં આવ્યા જેમાં આજરોજ નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા ખાતે ઈન્ડિયન રેડક્રોસ નર્મદા ના ચેરપર્સન અને ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે દીપ પ્રાગટ્ય કરી આ કેમ્પ ને ખુલ્લો મૂક્યો. રાજપીપળા તથા આજુબાજુ ની જનતા એ આ કેમ્પ નો મોટી સંખ્યામાં લાભ લઈ આંખો ની તપાસ કરાવી વિના મૂલ્યે ચશ્મા નો લાભ લીધો. અમદાવાદ થી આવેલા રેડક્રોસ ના તજજ્ઞ તબીબો એ આંખ ની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું.વાઈસ ચેરમેન દેવેન્દ્રસિંહ પરમાર તથા મંત્રી જયેશભાઈ દોશી તથા કમિટી સભ્ય પંકજભાઈ શાહ અને કરણસિંહ ગોહિલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાની

# રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઝોન કક્ષાનું વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાયું

### બાળ વૈજ્ઞાનિકોની કૃત્તિઓ અને રજૂઆતશૈલીને મંત્રી બચુભાઈ ખાબડે બિરદાવી

દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદમાં વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન દેવગઢ બારીયા તાલુકાના રત્નદીપ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયું હતું. શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત આ વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન રાજય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડે વિજ્ઞાન મેળાને ખુલ્લો મુકયો હતો.

આ વિજ્ઞાન પ્રદર્શન વેળાએ બાળ વૈજ્ઞાનિકોને સંબોધતા મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે નવી સદી વિજ્ઞાનની સદી છે, આપણા દેશને દુનિયામાં સૌથી આગળ લાવવો હશે તો વિજ્ઞાન-ટેકનોલોજી ક્ષેત્રે આપણે અવ્વલ રહેવું પડશે. આજના યુવાને પગભર થવા માટે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નિષ્ણાંત બનવું પડશે. કૃષિકારો પણ વૈજ્ઞાનિક રીતે ખેતી કરશે તો જ સમૃધ્ધ થશે. આપણા દેશના વૈજ્ઞાનિકો આખી દુનિયામાં ભારતનું નામ રોશન કરી રહયા છે, ત્યારે અહીંના બાળ વૈજ્ઞાનિકો અવશ્ય એક નવા ભારતનું નિર્માણ કરશે તેવું તેમની કૃત્તિઓ જોતા લાગી રહયું છે. વિજ્ઞાન પ્રદર્શનથી બાળકોના વૈજ્ઞાનિક અભિગમ ખીલે અને વૈજ્ઞાનિક માનસનું નિર્માણ થાય તેવો શુભ આશય રહેલો



છે. વિધાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે માટે શિક્ષકે તેનું હીર પરખવું રહયું. બાળકોમાં વૈજ્ઞાનિક સમજ પેદા થાય તે માટે શિક્ષકોએ વિશેષ પરીશ્રમ કરવો પડશે.

આ પ્રસંગે મંત્રી શ્રી બચુભાઈ ખાબડે ડો. વિક્રમ સારાભાઈ અને ડો. અબ્દુલ કલામને યાદ કર્યા હતા અને ભારત દેશના વિજ્ઞાન ક્ષેત્રે થઈ રહેલી હરળફાળમાં તેમના પ્રદાન વિશે વાત કરી હતી. તેમણે બાળ વૈજ્ઞાનિકોની કૃત્તિઓને બિરદાવી હતી અને તેમને ભારતના મહાન વૈજ્ઞાનિકોની જેવી ઊંચાઇ હાંસલ કરવા જણાવ્યું હતું. વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન માં બાળ વૈજ્ઞાનિકોએ અલગ અલગ કૃત્તિઓ રજુ કરી હતી. જેમાં ટકાઉ કૃષિ પધ્ધતિઓ, સ્વચ્છતા અને સ્વાસ્થય, પ્રાકૃતિક ખેતી, સંસાધન અને વ્યવસ્થાપન, ઔધોગિક વિકાસ, ભવિષ્યમાં પરિવહન, પ્રત્યાયન અને ગાણિતિક મોડેલનો સમાવેશ થાય છે. બાળ વૈજ્ઞાનિકોએ પોતાની કૃત્તિઓના પ્રદર્શન અને રજૂઆતથી ઉપસ્થિત મહાનુભાવોને પ્રભાવિત કર્યા હતા.

# એઆરટીઓ લુણાવાડા અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા જોઈન્ટ રોડ સેફ્ટી ડ્રાઈવનું આયોજન



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૧ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી યોજનાર છે જેમાં આરટીઓ તથા પોલીસ દ્વારા વિવિધ અવેરનેસ કાર્યક્રમ જેવા કે શાળા કોલેજોમાં સેમિનાર, ચિત્ર સ્પર્ધા, રોડ સેફટી સ્લોગન સાથે પતંગ વિતરણ તથા વિવિધ તાલુકાઓમાં રોડ સેફ્ટી ડ્રાઈવ, ભારે વાહનોમાં રેડિયમ રેડિયમ રિફ્લેકટર, શેરી નાટકો રોડ, રોડ સેફટી પેમ્પ્લેટ વિતરણ, એન્જિનિયરિંગમાં જરૂરી સુધારાઓ જેવા પ્રોગ્રામ કરવામાં આવનાર છે. જે અંતર્ગત એઆરટીઓ લુણાવાડા અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા જોઈન્ટ રોડ સેફ્ટી ડ્રાઈવનું આયોજન કર્યું જેમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકોને સમજ અને જરૂર પડે ચલન બનાવવામાં આવ્યા. સાથે એઆરટીઓ દ્વારા લોકોને સમજણ આપી માર્ગ અકસ્માત અટકાવવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

**એઆરટીઓ દ્વારા લોકોને સમજણ આપી માર્ગ અકસ્માત અટકાવવા માટે પ્રયત્નો કરવામાં આવી**

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.



**વૃષભ (બ,વ,ઉ)**

તમે નવરાશની લહેજત માણવાના છો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો.



**મિથુન (ક,છ,ઘ)**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.



**કર્ક (ડ,હ)**

જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે.



**સિંહ (મ,ટ)**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી.



**કન્યા (પ,ઠ,ણ)**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.



**તુલા (ર,ત)**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.



**વૃશ્ચિક (ન,ય)**

તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે.



**ધન (ભ,ધ,ફ)**

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.



**મકર (ખ,જ)**

ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે. આજે તમને એ બાબત સમજાશે.



**કુંભ (ગ,શ,સ)**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

### ટ્રમ્પની તાજપોશી પહેલા વોલેટિલિટીની જોવાતી શકયતા

# USમાં વ્યાજ દર કપાતની શકયતા વધતા બિટકોઈન લાખ ડોલરને પાર

(એજન્સી) નવી દિલ્હી | તા.17

અમેરિકામાં મુખ્ય ફુગાવો અપેક્ષા કરતા ઓછો વધીને આવતા ગુરુવારે મુખ્ય ક્રિપ્ટો કરન્સી બિટકોઈને ફરી એક લાખ ડોલરની સપાટી કુદાવી હતી. મુખ્ય ફુગાવો ધારણાં કરતા ઓછો વધતા અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં કપાતની શકયતા ફરી વધી ગઈ છે. અમેરિકામાં ગ્રાહક ભાવ નિર્દેશાંક ડિસેમ્બરમાં ૨.૯૦ ટકા અપેક્ષા પ્રમાણે જ રહ્યો છે, પરંતુ ફૂડ તથા એનર્જીના ભાવો સિવાયનો ફુગાવો ૩.૩૦ ટકાની ધારણાં સામે ૩.૨૦ ટકા રહ્યો છે જેને કારણે વ્યાજ દરમાં કપાતની શકયતા વધી ગઈ છે. છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈન નીચામાં ૯૬૮૩૮ ડોલર અને ઉપરમાં ૧૦૦૮૪૩ ડોલર થઈ મોડી સાંજે ૯૮૯૭૦ ડોલર બોલાતો હતો. છેલ્લા ચાર દિવસમાં બિટકોઈનમાં દસ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. ૨૦૨૫માં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં બે વખત ઘટાડો આવશે તેવી ટ્રેડરો અપેક્ષા રાખી રહ્યા છે. આ અગાઉ ગયા સપ્તાહે લેબર માર્કેટના ડેટા મજબૂત આવતા વ્યાજ દરમાં કપાત ધીમી પડશે તેવી શકયતાએ બિટકોઈને એક લાખ ડોલરની સપાટી ગુમાવી હતી. અમેરિકામાં બિટકોઈન રિઝર્વ ઊભું કરવાના નિયુકત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિચારને ટેકો મળી રહ્યો હોવાના



**અમેરિકામાં ગ્રાહક ભાવ નિર્દેશાંક ડિસેમ્બરમાં ૨.૯૦ ટકા અપેક્ષા પ્રમાણે જ રહ્યો છે, પરંતુ ફુડ તથા એનર્જીના ભાવો સિવાયનો ફુગાવો 3.30 ટકાની ધારણાં સામે ૩.૨૦ ટકા રહ્યો છે**

અહેવાલે પણ ભાવને ટેકો આપ્યો હતો. બિટકોઈન ઈટીએફસમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૭૨ કરોડનો ઈન્ફલો જોવા મળ્યો છે. ટ્રમ્પની સત્તા ગ્રહણ કરવાની તારીખ નજીક આવી રહી છે તેમ બિટકોઈન સહિતની ક્રિપ્ટોસમાં રોકાણકારોનું આકર્ષણ વધી રહ્યું છે. ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પની તાજપોશી પહેલા બિટકોઈનમાં ભારે વોલેટિલિટીની શકયતા જોવાઈ રહી છે. ટ્રમ્પ ક્રિપ્ટો કરન્સીસની તરફેણમાં નિયમો લાવશે તેવી ખેલાડીઓ આશા રાખી રહ્યા છે. બિટકોઈનની પાછળ ગુરુવારે અન્ય ક્રિપ્ટોસ જેમ કે સોલાના, એકસઆરપી, બિનાન્સમાં પણ કરન્ટ જોવા મળ્યો હતો. ભાવ વધવા સાથે ક્રિપ્ટો કરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ પણ વધીને ૩.૪૯ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી.

# સોનું વધી રૂ.81,500 તથા ચાંદી રૂ.92,000 : ક્રૂડ પણ ફરી ઉંચકાયું

(એજન્સી) નવી દિલ્હી | તા.17

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી ઝડપથી આગળ વધી હતી. વિશ્વ બજાર ઉંચકાતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયો ફરી ગબડતાં ગયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. આ દરમિયાન, સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડયુટી પણ વધી આવી હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. આવી ટેરીફ વેલ્યુ ડોલરના સંદર્ભમાં સોનામાં ૧૦ ગ્રામના ૮૪૦થી વધી ૮૫૮ ડોલર થઈ છે જ્યારે ચાંદીમાં કિલોદીઠ ૯૫૯થી વધી ૯૬૧ ડોલર થઈ છે. દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૨૬૮૫થી ૨૬૮૬ વાળા ઉછળી ઉંચામાં ભાવ ૨૭૧૧થી ૨૭૧૨ થઈ ૨૭૦૪થી ૨૭૦૫ ડોલર રહ્યા હતા. ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજાર બે દિવસના ઉતરાણના બંધ પછીજ આજે ખુલી હતી તથા સોનાના ભાવ આજે ૧૦ ગ્રામના રૂ.૫૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૧૩૦૦ તથા ૯૯.૦૯૦ના રૂ.૮૧૫૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ વધી રૂ.૯૨૦૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૨૯.૯૯થી ૩૦.૦૦ વાળા વધી ૩૦.૯૧ થઈ ૩૦.૬૧થી ૩૦.૬૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૨૪ ટકા વધ્યા હતા જ્યારે પ્લેટીનમના ભાવ ૯૪૩થી ૯૪૪ વાળા નીચામ ૯૩૮ તથા ઉંચામાં ૯૪૯ થઈ ૯૪૧થી ૯૪૨ ડોલર રહ્યા હતા.

# વૈશ્વિક હળદરના વેપારમાં ભારતનો હિસ્સો 62 ટકાથી વધુ છતાં અનેક પડકારો

(એજન્સી) નવી દિલ્હી | તા.17

વૈશ્વિક હળદરના વેપારમાં ભારતનો હિસ્સો ૬૨ ટકાથી વધુ હોવા છતાં, ત્યાં ઘણા પડકારો છે જે તેની વૃદ્ધિને અસર કરી શકે છે. તાજેતરમાં રજુ કરાયેલા અહેવાલ મુજબ, આ પડકારોમાં મુખ્ય નિકાસ બજારોમાં મસાલાનો સ્વીકાર ન થવો, ખેડૂતો ભાવની વધઘટને કારણે હળદરની ખેતી છોડી રહ્યા છે અને કંપનીઓ જરૂરી કર્ક્યુમિન સ્તરને પૂર્ણ ન કરવા જેવા પરિબળોનો સમાવેશ કરે છે. અહેવાલ મુજબ, લગભગ ૮૦ ટકા હળદરના ખેડૂતોની વાર્ષિક આવકના ૫૦ ટકાથી પણ ઓછી આ પાકમાંથી આવે છે. હળદરની વેલ્યુ ચેઈન સાથે સંકળાયેલા ૨૬૨ ખેડૂતો, ૪૫ એફપીઓ અને ૬૯ કંપનીઓના સર્વેક્ષણના આધારે આ



નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે. હળદરમાંથી ખેડૂતોની આવક ઓછી હોવાના કારણોમાં ખેડૂતો ડાંગર, સોયાબીન, મકાઈ, શેરડી અને કપાસ જેવા પાકોની ખેતી પર નિર્ભર રહેતા હતા. ખેડૂતોના મતે છેલ્લા ત્રણ વર્ષમાં હળદરના વાવેતરમાં ઘટાડો નોંધાયો છે.

# નિયુક્ત અને ઈચ્છિત: 2024 માં ભારતના કાર્યબળને આકાર આપતી નોકરીઓ




(એજન્સી) મુંબઇ | તા.17

જેમ કે 2024 પૂરું થઈ ગયું છે, ઈન્ડીડ, એક ગ્લોબલ જોબ મેચિંગ અને હાયરિંગ પ્લેટફોર્મ, 2024 માં ભારતના જોબ માર્કેટને વ્યાખ્યાયિત કરતી સૌથી વધુ માંગવાળી નોકરીની ભૂમિકાઓ અને સર્ચ ટ્રેન્ડ્સ પર ઊંડાણપૂર્વક નજર નાખે છે. આ વિશ્લેષણ દર્શાવે છે કે કેવી રીતે બદલાતી કાર્યબળ ગતિશીલતા, ટેકનોલોજીમાં સુધારો અને વિકસિત કારકિર્દીની આકાંક્ષાઓ રોજગારના લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહી છે.2024 માં, ભારતના જોબ માર્કેટમાં આશ્ચર્યજનક દ્વૈતતા જોવા મળી. ગ્રાહક સપોર્ટ એક્ઝિક્યુટિવ અને ડ્રાઈવર જેવી આવશ્યક સેવા ભૂમિકાઓ સર્ચ ટ્રેન્ડ્સમાં ટોચ પર છે, જે અર્થતંત્રમાં આ ક્ષેત્રના વધતા મહત્વને પ્રતિબિંબિત કરે છે. બીપીઓ ક્ષેત્રના સતત વિસ્તરણથી ગ્રાહક સહાયની ભૂમિકાઓ વધુ આકર્ષક બની છે, જેનાથી વિશ્વસનીય આવક અને કૌશલ્ય વિકાસ માટે સ્પષ્ટ માર્ગો ઉપલબ્ધ થયા છે. તેવી જ રીતે, ડ્રાઈવર ભૂમિકાઓની માંગમાં વધારો ઝડપી વાણિજ્ય, ઈ-કોમર્સ, લોજિસ્ટિક્સ અને મોબિલિટી સર્વિસના સતત વિકાસને પ્રતિબિંબિત કરે છે - આ ઉદ્યોગો હવે ભારતના આર્થિક માળખામાં ઊંડાણપૂર્વક જડિત છે. આ પરિવર્તન ઔપચારિકીકરણ, વધતી માંગ અને સ્થિર રોજગારના વચન દ્વારા સંચાલિત બ્લુ-કોલર કામની વધતી જતી સ્વીકૃતિને પ્રતિબિંબિત કરે છે.સાથોસાથ, ભરતીમાં ટેકનોલોજીની ભૂમિકાઓ પ્રભુત્વ ધરાવતી રહી, જે ભારતની આર્થિક પ્રગતિને આકાર આપવામાં ટેકનોલોજી ક્ષેત્રની મુખ્ય ભૂમિકાની પુષ્ટિ આપે છે. વ્યવસાયો અદ્યતન ટેકનોલોજીઓને એકીકૃત કરવાની સ્પર્ધામાં છે, જેના કારણે ડિજિટલ પરિવર્તન અને નવીનતાનું નેતૃત્વ કરવા માટે ટેક પ્રતિભાની માંગ વધી રહી છે. બ્લુ-કોલર અને ટેક બંને નોકરીઓમાં સમાંતર વધારો વિવિધ તકો માટે અનુકૂળ કાર્યબળને પ્રતિબિંબિત કરે છે - ડિજિટલ ભવિષ્યની માંગને વિસ્તરતા સેવા અર્થતંત્રની વાસ્તવિકતાઓ સાથે સંતુલિત કરી રહ્યું છે. ઈન્ડીડના ટેલેન્ટ સ્ટ્રેટેજી સલાહકાર રોહન સિલ્વેસ્ટરે જણાવ્યું હતું કે, '2024 ભારતના રોજગાર બજાર માટે પરિવર્તનશીલ વર્ષ રહ્યુંછે. આપણે AI-સંચાલિત ભૂમિકાઓમાં વધારો, બ્લુ-કોલર કામનું વધતું મહત્વ અને પરંપરાગત નોકરીઓને ફરીથી વ્યાખ્યાયિત કરતી ટેકનોલોજી જોઈ રહ્યા છીએ. જેમ જેમ આપણે 2025 માં પ્રવેશ કરીશું, તેમ તેમ આ ફેરફારો વધુ ગહન બનશે. AI કાર્યક્ષમતા અને નવીનતાને આગળ ધપાવશે, એવી ભૂમિકાઓ બનાવશે જે પહેલાં અસ્તિત્વમાં ન હતી, અને આપણે જે રીતે કામ કરીએ છીએ તેને ફરીથી આકાર આપશે. 'ટેકનોલોજી ઉપરાંત, વ્યવસાય વિકાસ નિષ્ણાતોની સતત માંગ વ્યાપક વ્યૂહાત્મક પરિવર્તનનો સંકેત આપે છે. કંપનીઓ સ્પર્ધાત્મક રહેવા માટે ટેકનોલોજીમાં ભારે રોકાણ કરી રહી છે, પરંતુ તેઓ ભાગીદારી બનાવવા, બજારમાં હાજરી વધારવા અને આવક વધારવા પર પણ એટલું જ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ બેવડું ભાર એક મહત્વપૂર્ણ વાસ્તવિકતા પર પ્રકાશ પાડે છે: માત્ર ટેકનોલોજી જ વિકાસને આગળ ધપાવતી નથી - તે વ્યૂહાત્મક વ્યવસાય વિકાસ સાથે જોડાયેલી હોવી જોઈએ.

# અમદાવાદમાં સેન્ટ બેંક હોમ ફાયનાન્સ લિમિટેડની શાખાનો શુભારંભ

(એજન્સી) અમદાવાદ | તા.17



આજે, 17 જાન્યુઆરી 2025 ના રોજ, સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમિટેડનું અમદાવાદ શહેરમાં ઉદઘાટન શ્રી સુનિલ સરકાર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોનના ડેપ્યુટી ઝોનલ હેડ, શ્રી રણજીત સિંહ જી, અમદાવાદ રિજિયનના રિજનલ હેડ, શ્રી ધર્મેન્દ્ર કુમાર, અમદાવાદ ઝોનલ ઓફિસના આસિસ્ટન્ટ જનરલ મેનેજર, સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમિટેડના જનરલ મેનેજર શ્રી સચિન સુધાકર અને રિજનલ મેનેજર શ્રી રોહિત અસરાની દ્વારા કરવામાં આવ્યું.
સેન્ટ હોમ ફાઈનાન્સ લિમિટેડ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પેટાકંપની છે જે અગ્રણી હોમ લોન કંપનીઓમાંની એક છે અને 1991 થી કાર્યરત છે. સુરત અને વડોદરા પછી ગુજરાતમાં સેન્ટ બેંકની આ ત્રીજી શાખા છે, જ્યાં હોમ લોન, પ્રોપર્ટી સામે લોન અને અન્ય લોનની સુવિધા લોકોને વ્યાજબી વ્યાજ દરે અને ટૂંકા સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કંપની લોકો પાસેથી આકર્ષક દરે ફિક્સ્ડ ડિપોઝિટ સ્વીકારે છે.

# રેઈન્બો ચિલ્ડ્રન્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ 27-અઠવાડિયાના ગર્ભ પર ઉપકરણ બંધ કરીને વિશ્વની પ્રથમ ફેટલ એઓર્ટિક વાલ્વ્યુલોપ્લાસ્ટી કરે છે

(એજન્સી) નવી દિલ્હી | તા.17

એક અભૂતપૂર્વ તબીબી સિદ્ધિમાં, રેઈન્બો ચિલ્ડ્રન્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, એક વિશિષ્ટ બાળ હૃદય કેન્દ્ર, ખાતે ડોકટરોની બહુ-શાખાકીય ટીમે 27 અઠવાડિયાના ગર્ભ પર ફેટલ બલૂન એઓર્ટિક વાલ્વ્યુલોપ્લાસ્ટી સફળતાપૂર્વક કરી છે, જે ગંભીર મહાધમની સ્ટેનોસિસનું નિદાન કરાયેલ ગર્ભ પર જીવન બચાવનાર હસ્તક્ષેપ છે. આ સિદ્ધિને અભૂતપૂર્વ બનાવતી બાબત એ છે કે પંચર સાઈટને એક ઉપકરણનો ઉપયોગ કરીને બંધ કરવામાં આવી હતી, જે એક અગ્રણી અભિગમ છે જે વૈશ્વિક સ્તરે પ્રથમ માનવામાં આવે છે. આ પ્રક્રિયાનું નેતૃત્વ ડો. કોનેટી નાગેશ્વર રાવ, ચીફ પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ, ડો. શ્વેતા બાખરુ, પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ અને ડો. શ્રી ફણી ભાર્ગવી ધુલીપુડી, પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ગર્ભ દવા નિષ્ણાતો, પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ, ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ અને



પ્રસૂતિશાસ્ત્રીઓનો સમાવેશ થતો હતો, જેને રેઈનબો ચિલ્ડ્રન્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે અત્યાધુનિક ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.આ સફળતા પર, રેઈન્બો ચિલ્ડ્રન્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના ચીફ પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ ડૉ. કોનેટી નાગેશ્વર રાવે જણાવ્યું હતું કે, 'આ સિદ્ધિ ગર્ભ ઉપચારની સીમાઓને આગળ વધારવા માટેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આવા નાજુક અને ઉચ્ચ જોખમવાળા સંજોગોમાં ક્લોઝર ડિવાઈસનો સફળ ઉપયોગ જન્મ પહેલાં જ જીવન બચાવવામાં નવીનતા અને ટીમવર્કની શક્તિ દર્શાવે છે.' અદ્યતન ઈમેજિંગમાં એઓર્ટિક વાલ્વનું ગંભીર સંકુચિતતા બહાર આવ્યા પછી, ગર્ભ પર આ પ્રક્રિયા અત્યંત ચોકસાઈ સાથે હાથ ધરવામાં આવી હતી, જે બાળકના હૃદયના કાર્ય અને એકંદર અસ્તિત્વ માટે જોખમ ઊભું કરે છે. હસ્તક્ષેપ પછી પંચર સાઈટને સીલ કરવા માટે ઉપકરણનો નવીન ઉપયોગ ગર્ભના હૃદય સંભાળમાં એક નવો માપદંડ સ્થાપિત કરે છે.ગર્ભ મહાધમની વાલ્વ સ્ટેનોસિસ ગર્ભ મૃત્યુ અથવા હાયપોપ્લાસ્ટિક ડાબા હૃદય સિન્ડ્રોમ તરફ દોરી શકે છે. ગર્ભ બલૂન એઓર્ટિક વાલ્વ્યુલોપ્લાસ્ટી સામાન્ય રીતે લગભગ 70% સફળતા દર સાથે કરવામાં આવે છે. સામાન્ય રીતે, પ્રક્રિયા દરમિયાન એક નાની સોય અને મધ્યમ કદના ફુગ્ગાનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ બાળકમાં ગૂંચવણો વધી ગઈ જેના કારણે હૃદયમાંથી લોહી નીકળવા લાગ્યું, અમે મોટી સોય અને મોટા ફુગ્ગાનો વિકલ્પ પસંદ કર્યો.

# Paytm ના શેરમાં કેમ આવ્યો ઉછાળો? બ્રોકરેજ ફર્મે આપ્યો ટાર્ગેટ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

પેમેન્ટ એગ્રીગેટર Paytm ની પેરેન્ટ કંપની One97 Communications ના શેર, ગુરુવાર, 16 જાન્યુઆરીએ 6% સુધી વધ્યા. બ્રોકરેજ ફર્મ એમકે ગ્લોબલ દ્વારા પેટીએમને 'બાય' રેટિંગમાં અપગ્રેડ કર્યા પછી શેરના ભાવમાં ઉછાળો આવ્યો હતો. MK એ Paytm પર તેની લક્ષ્ય કિંમત પણ 750 થી વધારીને 1,050 કરી છે. આજે પેટીએમના શેર રૂ. 879 પર ખૂલ્યા હતા અને રૂ. 926.70ની દિવસની ટોચે પહોંચ્યા હતા. સવારે 11.20 વાગ્યે, તેઓ 5.51 ટકાના વધારા સાથે રૂ. 906.40 પર ટ્રેડ કરી રહ્યા હતા. બ્રોકરેજની સુધારેલી લક્ષ્ય કિંમત બુધવારના બંધ સ્તરથી 23% ની સંભવિત અપસાઈડ સૂચવે છે. MKની ટાર્ગેટ કિંમત પેટીએમની તાજેતરની 1,062.95ની ઊંચી કિંમતથી ઘણી ઓછી છે, જે ગયા વર્ષે 17 ડિસેમ્બરે પહોંચી હતી.

સ્ટોક તે સ્તરોથી લગભગ 20% નીચે છે. બ્રોકરેજે તેની નોંધમાં લખ્યું છે કે તાજેતરની NPCI મંજૂરીએ મુખ્ય નિયમનકારી ઓવરહેંગ બહાર પાડ્યું છે. આ પેટીએમને આગામી 12 થી 18 મહિનામાં તેના MTU (માસિક વ્યવહાર કરનારા વપરાશકર્તાઓ) આધારને ફરીથી બનાવવામાં મદદ કરશે. આનાથી તે લોન, વીમા અને ફંડ મેનેજમેન્ટ પ્રોડક્ટ્સ જેવા રિટેલ નાણાકીય ઉત્પાદનોને ક્રોસ-સેલ કરવામાં સક્ષમ બનાવશે. આનાથી વપરાશકર્તા દીઠ તેની આવકમાં સુધારો થશે.

### વૈશ્વિક પરિબળો અને કંપનીઓની નબળી કમાણી ચિંતાનું કારણ, સેન્સેક્સ અને નિફ્ટી ૧.૮% ઘટયા

# જાન્યુઆરીમાંઅત્યારસુધીમાંFPIની રૂપિયા 30,307 કરોડની વેચવાલી

(એજન્સી) નવી દિલ્હી | તા.17

૨૦૨૫માં કોર્પોરેટ કમાણીની ચિંતા, યુએસમાં વ્યાજ દરમાં ઘટાડા અંગેની અનિશ્ચિતતા અને યુએસ ડોલર અને બોન્ડ યીલ્ડમાં મજબૂતાઈને કારણે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)ની વેચવાલી સતત ચાલુ છે. એક્સચેન્જ ડેટા અનુસાર, ૧૪ જાન્યુઆરી સુધી એફપીઆઈએ રૂ. ૩૦,૩૦૭ કરોડના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું છે. આ વેચાણે આ વર્ષે અત્યાર સુધીમાં બેન્ચમાર્ક નિફ્ટી અને સેન્સેક્સને ૧.૮ ટકા નીચે ધકેલી દીધા છે. એફપીઆઈના વેચાણની વર્તમાન લહેર ઓક્ટોબરમાં શરૂ થઈ હતી જ્યારે ચીનના ઉત્તેજક પગલાંએ તેના બજારોને વેગ આપ્યો હતો, જે ભારતના કરતાં ઘણા સસ્તા ભાવે વેપાર કરી રહ્યા હતા. પરિણામે કેટલાક વિદેશી




રોકાણકારોએ ભારતમાંથી તેમનું ભંડોળ પાછું ખેંચી લીધું અને ચીનમાં રોકાણ કર્યું હતું. યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પની જીતથી વિસ્તરણકારી રાજકોષીય નીતિની અપેક્ષાઓ અને યુએસ ડેટ સિક્યોરિટીઝની માંગમાં વધારો થયો છે, જેના કારણે યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થયો અને ડોલર મજબૂત થયો.

ઑક્ટોબર ૨૦૨૪ના અંતમાં ૧૦-વર્ષના યુએસ બોન્ડની ઉપજ ૪૭ બેસિસ પોઈન્ટ્સ વધી છે અને હાલમાં ૪.૭૬ ટકા પર ટ્રેડ થઈ રહી છે. આ સમયગાળા દરમિયાન, ડૉલર ઈન્ડેક્સ ૫ ટકા ઉછળ્યો હતો અને હાલમાં ૧૦૯ આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતીય કંપનીઓની ઓછી પ્રોત્સાહક કમાણી અને ડિસેમ્બર ક્વાર્ટરમાં સમાન સ્થિતિના ભયે પણ એફપીઆઈ દ્વારા વેચવાલી વધુ તીવ્ર બનાવી છે.એફપીઆઈનો ઉપાડ ધીમો થવાની શક્યતા નથી કારણ કે આ વેચાણને વેગ આપતા પરિબળો સક્રિય બન્યા છે. ડોલર હવે વિશ્વની દરેક ચલણ સામે મજબૂત બની રહ્યો છે. રૂપિયાનું અવમૂલ્યન આમાં ત્રીજું પરિબળ બને છે. કમાણીમાં મંદી ચાલુ છે અને ભારતીય બજારો હજુ પણ મોંઘા છે. ડૉલરમાં હજુ વધુ ઉછાળો આવવાનો અવકાશ છે.

# ઈન્ફોસિસે 3 મહિનામાં કરી તગડી કમાણી, 6,806 કરોડનો કર્યો નફો

(એજન્સી) નવી દિલ્હી | તા.17

ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) સર્વિસ સેક્ટરની અગ્રણી કંપની ઈન્ફોસિસનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ચાલુ નાણાકીય વર્ષના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે 11.46 ટકા વધીને રૂપિયા 6,806 કરોડ થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીએ 6,106 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો હતો. ગુરુવારે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં ઈન્ફોસિસે જણાવ્યું હતું કે સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં તેની કાર્યકારી આવક 7.58 ટકા વધીને રૂપિયા 41,764 કરોડ થઈ છે, જે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂપિયા 38,821 કરોડ હતી. નાણાકીય સેવાઓ અને ઉત્પાદન ક્ષેત્રે આવકમાં અનુક્રમે 27.8 ટકા અને 15.5 ટકા ફાળો આપ્યો હતો. આ પછી રિટેલ અને ઊર્જાનો ક્રમ આવ્યો. ભૌગોલિક રીતે, ઈન્ફોસિસે ભારત અને યુરોપમાં વાર્ષિક ધોરણે ડબલ ડિજિટમાં વૃદ્ધિ નોંધાવી છે. ઉત્તર અમેરિકામાં વાર્ષિક વૃદ્ધિ લગભગ 5 ટકા નોંધાઈ. ઈન્ફોસિસના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) અને મેનેજિંગ ડિરેક્ટર (એમડી) સલિલ પારેખે જણાવ્યું હતું કે આ ક્વાર્ટરમાં અને છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં અમેરિકામાં નાણાકીય સેવાઓમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી રહી છે. ત્રીજા ક્વાર્ટર દરમિયાન યુરોપિયન નાણાકીય સેવાઓમાં સુધારો જોવા મળ્યો છે. સતત ત્રીજા ક્વાર્ટરમાં ઈન્ફોસિસે નાણાકીય વર્ષ 2024-25 માટે તેના આવક લક્ષ્યાંકમાં વધારો કર્યો છે. કંપની હવે ચાલુ નાણાકીય વર્ષમાં 4.5થી 5 ટકાની આવક વૃદ્ધિની




અપેક્ષા રાખે છે, જે પાછલા ક્વાર્ટરમાં આપવામાં આવેલા 3.75-4.50 ટકાના અંદાજ કરતાં વધુ છે. ઓપરેટિંગ માર્જિન અંદાજ 20-22 ટકા પર યથાવત રહ્યો છે. કંપનીએ ક્વાર્ટર દરમિયાન 5,591 કર્મચારીઓનો ઉમેરો કર્યો, જેનાથી કંપનીના કુલ કર્મચારીઓની સંખ્યા 3,23,379 થઈ ગઈ. ઈન્ફોસિસના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર જયેશ સંઘરાજકાએ જણાવ્યું હતું કે કંપની તેની ભરતી પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરવાના માર્ગ પર છે અને ચાલુ નાણાકીય વર્ષમાં 15,000થી વધુ કર્મચારીઓની ભરતી કરશે. તેમણે કહ્યું કે, અમે આગામી નાણાકીય વર્ષ (2025-26)માં 20,000થી વધુ નવા લોકોને નોકરી પર રાખવાની અપેક્ષા રાખીએ છીએ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું નવી યુએસ સિસ્ટમ કંપનીને અસર કરશે, ત્યારે તેમણે કહ્યું કે H1B વિઝા પર કંપનીની નિર્ભરતા ઘટી ગઈ છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, પોષ વદ-05



# યુદ્ધવિરામ... વિશ્વમાં શાંતિની આશા : ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં ૫૦ હજાર લોકો માર્યા ગયા

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારની જાહેરાત ચોક્કસપણે એક મોટી સિદ્ધિ છે, પરંતુ જ્યાં સુધી તેનો ખરેખર અમલ નહીં થાય ત્યાં સુધી યુદ્ધની શક્યતા ફરીથી રહેશે. હકીકતમાં, ગયા વર્ષે મે પછી, તાત્કાલિક અથવા કામચલાઉ યુદ્ધવિરામ માટે ઘણી પહેલ કરવામાં આવી હતી, પરંતુ થોડા દિવસો પછી, હુમલાઓમાં લોકોના માર્યા જવાના સમાચાર આવતા રહ્યા. સ્વાભાવિક છે કે, થોડા દિવસો માટે પણ યુદ્ધ બંધ કરવાની પ્રતિબદ્ધતાના અભાવ અને શાંતિ પ્રત્યે અવગણનાની લાગણીને કારણે અત્યાર સુધી ઈઝરાયલી હુમલાઓમાં પેલેસ્ટિનિયન લોકોના મોતના અહેવાલો મળી રહ્યા છે. પરંતુ હવે યુદ્ધવિરામના મુદ્દા પર ઈઝરાયલ અને હમાસ વચ્ચે થયેલા તાજેતરના કરારના સમાચારથી આ વખતે શાંતિનો માર્ગ ખુલવાની આશા જાગી છે. અત્યાર સુધી જે કરાર થયો છે તેના સ્વરૂપ મુજબ, હમાસ ઈઝરાયલી બંધકો અને ઈઝરાયલમાં સેંકડો પેલેસ્ટિનિયન કેદીઓની તબક્કાવાર મુક્તિ સુનિશ્ચિત કરશે. ઉપરાંત, ગાઝામાં વિસ્થાપિત લોકોને પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત, યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં માનવતાવાદી સહાય પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવશે. નોંધનીય છે કે વર્તમાન યુદ્ધ 7 ઓક્ટોબર, 2023 ના રોજ ઈઝરાયલ પર હમાસના હુમલાથી શરૂ થયું હતું, જેમાં લગભગ બારસો લોકો માર્યા ગયા હતા. તે પછી, હમાસને જવાબ આપવાના નામે ઈઝરાયલ દ્વારા ગાઝા પર હુમલો કરવામાં આવ્યો તે એક કુદરતી પ્રતિક્રિયા માનવામાં આવી. પરંતુ ત્યારથી પંદર મહિના વીતી ગયા છે અને ગાઝા પર ઈઝરાયલનો હુમલો ચાલુ છે. એક આંકડા મુજબ, ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં લગભગ પચાસ હજાર લોકો માર્યા ગયા છે. ગાઝામાં બે મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ઈઝરાયલ કહે છે કે તે હમાસના આતંકનો અંત લાવશે. પરંતુ ઈઝરાયલી હુમલામાં હમાસના કેટલા સભ્યો માર્યા ગયા અને કેટલા નાગરિકોએ જીવ ગુમાવ્યા તે તપાસનો વિષય છે. આના પરથી અંદાજ લગાવી શકાય છે કે આ યુદ્ધમાં માર્યા ગયેલા સામાન્ય લોકોમાં મોટી સંખ્યામાં બાળકો અને મહિલાઓ હતી, જેમને યુદ્ધ સાથે કોઈ લેવાદેવા નહોતી. ગાઝા પરના હુમલા દરમિયાન, હોસ્પિટલો, શાળાઓ અને આશ્રય સ્થાનો પણ બાકાત રહ્યા ન હતા. યુદ્ધ અંગેના આંતરરાષ્ટ્રીય નિયમો અને નિયમો પર કોઈ ધ્યાન આપવું જરૂરી માનવામાં આવ્યું ન હતું. આ બધા માટે, ઈઝરાયલ પર નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો અને તેના વડા પ્રધાન પર યુદ્ધ અપરાધોનો આરોપ મૂકવામાં આવ્યો. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સહિત અનેક સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા, પરંતુ તેમાંથી કોઈ સકારાત્મક પરિણામો આવી રહ્યા ન હતા. હવે, આટલા લાંબા સમય પછી, જો બંને પક્ષો યુદ્ધવિરામ પર કોઈ કરાર પર પહોંચી શક્યા છે, તો તેમાં કોઈ અવરોધ ન આવે અને તેનો અમલ સુનિશ્ચિત થાય અને શાંતિ સતત જળવાઈ રહે તે માટે પ્રયાસો કરવા જોઈએ. એવી સ્થિતિ ફરી ન સર્જાય કે એક તરફ યુદ્ધવિરામની જાહેરાત થાય અને બીજી તરફ તેમાં લોકો પર હુમલા અને હત્યા ચાલુ રહે. એ એક સ્થાપિત હકીકત છે કે કોઈપણ સમસ્યા કે વિવાદનો ઉકેલ અનંત યુદ્ધ ન હોઈ શકે. શક્ય છે કે આ યુદ્ધવિરામ ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી કડવાશનો સંપૂર્ણપણે અંત ન લાવે, પરંતુ કોઈપણ મુદ્દાનો ઉકેલ, ભલે ગમે તેટલો જટિલ હોય, આખરે વાતચીત દ્વારા જ મળે છે.

## નર્મદા જિલ્લાના ઉમરાણ ગામમાં ૩૪ મહિલા તાલીમાર્થીઓને તાલીમ અપાઇ

ભરત શાહ | નર્મદા



બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન,નર્મદા. તેમજ રિલાયન્સ ફાઉન્ડેસન અને સા-ધન સંસ્થા દ્વારા પાપડ, અથાણા અને મસાલા ની તાલીમ ઉમરાણ તા. ડેડીયાપાડા જી.નર્મદા મુકામે આપવામા આવી. જે તારીખ ૦૬-૧-૨૦૨૫ થી ૧૫-૦૧-૨૦૨૫ સુધી ચાલી.

આ તાલીમ માં કુલ ૩૪ મહિલા તાલીમાર્થીઓને તેમના જ ગામમા તાલીમ આપવામા આવી હતી. જેનુ ઉદ્ગાટન BSVS ના ડાયરેકટર રજનીકાંત સોલંકી તેમજ ફેકલ્ટી વિજયકુમાર વસાવા દ્વારા થયુ હતુ. જેમા ફેકલ્ટી સુનીલભાઈ તડવી તથા ઓફીસ આસિસ્ટન પ્રશાંતભાઈ વસાવા તથા દેવેન્દ્રભાઈ વસાવા તમામ સ્ટાફ તેમજ અલ્પના પટેલ કે જેઓ DST તરીકે કાર્યરત હતા. તેમના નિરીક્ષણ હેઠળ આ તાલીમ આપવામા આવી હતી. જેમા બહેનો ને પાપડ, અથાણા અને મસાલા ની માહિતી સાથે પ્રેકટીકલ કરાવવામા આવ્યુ હતુ. જેથી કરીને બહેનો પણ પરિવારને આર્થિક રીતે મદદરૂપ બની શકે. તાલીમ ના છેલ્લા દિવસે BSVS ડાયરેકટર દ્નારા સર્ટીફિકેટ વિતરણ કરવામા આવ્યા હતા.

આરસેટી ના મુખ્ય મથક રાજપીપલામા ડાયરેકટર દ્વારા એવી પણ જાણકારી આપવામા આવી હતી કે BSVS મા આવનારા સમયમા મહિલા સિવણ તેમજ વિવિધ પ્રકારની તાલીમનુ આયોજન કરેલ છે. અને આવી રોજગાર લક્ષી અન્ય તાલીમ લેવા માગતા તાલીમાર્થીઓનુ અમે સ્વાગત કરીએ છે. જેથી કરીને રોજગારી મા વધારો કરી શકાય.

**કચ્છ જિલ્લાના છેવાડાના અબડાસા તાલુકાના**

## લાખણીયા ગામમાં ભૂકંપ બાદ નવી શાળા બની નથી

મહેશ એલ.સોની | નખત્રાણા



**યુનિસેફ દ્વારા બનાવેલી શાળા જર્જરિત હોવા છતાં વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા છે. રાજકીય પ્રતિનિધિઓની ઉદાસહીનતા મુખ્ય કારણ**

કચ્છ જિલ્લાના છેવાડાના અબડાસા તાલુકાના લાખણીયા ગામમાં પ્રાથમિક શાળા ખૂબ જ જર્જરી ભારતમાં જોવા મળેલ હતી.

વર્ષ 2001 માં આવેલ ભયાનક ભૂકંપ બાદ જે તે વખતે યુનેસ્કો દ્વારા પ્રાથમિક શાળાનું નિર્માણ કરવામાં આવેલ હતું જેની મર્યાદા 10 વર્ષ જ હતી આ શાળા 2012 થી વપરાશ માટે જોખમી હોવા છતાં આજે 2025 માં પણ તે જ શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ખાસ કરીને ચોમાસાના સમયમાં ગામના વાલીઓ બાળકોને શાળામાં મોકલતા નથી કારણકે જો બાળકો શાળામાં જાય તો તેમના જીવનને ખૂબ જ મોટું જોખમ ઊભું થાય તેમ છે.

તો બીજી તરફ ગામ પંચાયત દ્વારા અનેક વખત રજૂઆતો કર્યા બાદ પણ આ જ દિવસ સુધી ગામની પ્રાથમિક શાળા અંગે કાંઈ નિરાકરણ આવ્યું નથી આ બાબતે લખન ધુવા,દતેશ ભાવસાર, માવજી હિંગણા દ્વારા ગામની મુલાકાત લઈ કચ્છ જિલ્લાના શિક્ષણના હિતમાં આ મુદ્દાને લઈને જિલ્લા પંચાયત કલેકટર કચેરી તથા જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરવામાં આવશે અને આગામી દિવસોમાં યોગ્ય સમાધાન નહીં આવે તો ધરણા આંદોલન અને આમરણ ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારેલ હતી જ્યારે લાખણીયા ગામમાં હાઈસ્કુલ શરૂ કરવા માટેની તજવીજ પણ શરૂ કરવામાં આવેલ છે આગામી દિવસોમાં હાઈસ્કૂલ માટે પણ સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવશે તથા લાખણીયા ગામના રસ્તાને ફરીથી બનાવવા ફરિયાદ કરવામાં આવશે.

**NEWS BRIEF**

## રાજપીપળા મોવી રોડ પર મુખ્ય માર્ગ પર ઝાડ પડતા બે કલાક ટ્રાફિક જામ રહ્યો



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા જતા સ્ટેટ હાઈવે પર આંબલી ગામ પાસે એક તોતિંગ ઝાડ ધરાશાયી થયું અને એ રસ્તા ની વચ્ચે જ પડતા બંને બાજુ એક કિલોમીટર જેવી વાહનોની લાઈન લાગી હતી. જોકે ઝાડ પડ્યું અને ટ્રાફિક જામ ના સમાચાર મળતા જ પોલીસ વીજ કંપની અને વન વિભાગ ની ટીમો ત્યાં પહોંચી ગઈ હતા અને રસ્તો ખુલ્લો કરવા કર્મચારીઓ કુહાડીઓ લઈને કામે લાગી ગયા હતા સ્થાનિક રાહદારીઓ પણ ઝડપથી ટ્રાફિક દૂર થાય એ માટે મદદે લાગી ગયા હતા. દોઢ થી બે કલાક માં એક લાઈન ચાલુ કરી ટ્રાફિક હળવો કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ મુખ્ય માર્ગ સ્ટેટ હાઈવે હોય દિવસ રાત આ માર્ગ પરથી વાહનો પસાર થતા રહે છે. જો આ ઝાડ કોઈ વાહન પર પડ્યું હોત તો જાનહાની ની ઘટના બની હોત પરંતુ સદ્ નસીબે કોઈ જાનહાની થઈ નથી અને તંત્ર સ્થાનિકો દ્વારા ઝડપથી વાહન વ્યવહાર પણ ચાલુ કરી દેવામાં આવ્યો હતો. પરંતુ ભવિષ્ય માં કોઈ મોટી દુર્ઘટના ના બને એ માટે હાઈવે પર ના કેટલાક સડી ગયેલા વૃક્ષો ની છટણી પણ અત્યંત જરૂરી છે.

## ભાયાવદર સેવા સહકારી મંડળી દ્વારા ભાયાવદરના ખેડૂતોને અકસ્માત વિમાના ચેક વિતરણ કરાયા

વિજય રાડીયા | ભાયાવદર



ભાયાવદર સેવા સહકારી મંડળીના સભાસદ સ્વ. વશરામભાઈ માવજીભાઈ પનારા, સ્વ.વિનોદભાઈ મગનલાલ મારસોણીયા, સ્વ.પાંચાભાઈ જશાભાઈ રબારી(ખાંભલા) આ ત્રણ ખેડૂત સભાસદોના સમય અંતરે આકસ્માતે મૃત્યુ થતાં શ્રી રાજકોટ ડિસ્ટ્રીક કો-ઓપરેટીવ બેક રાજકોટ દ્વારા ચોલામંડલમ વીમા કંપનીમાં પ્રીમિયમ ભરતા હોય તેમના આકસ્માત વિમાના મંજૂર થયેલ હોય ત્યારે આજરોજ ભાયાવદર સેવા સહકારી મંડળીની ઓફિસે આ ત્રણ અકસ્માતે મૃત્યુ થયેલ તેમના પરિવારજનોને રાજકોટ ડિસ્ટ્રીક બેંકના ચેરમેનશ્રી અને જેતપુર જામકંડોરણા વિસ્તારના ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા ના વરદહસ્તે ચેક વિતરણ કરવામાં આવેલ છે. આ તકે ઉપસ્થિત રાજકોટ ડિસ્ટ્રીક કો- ઓપરેટીવ બેંકના ડિરેક્ટરશ્રી અને ઉપલેટા માર્કેટિંગ યાર્ડના ચેરમેનશ્રી હરિભાઈ ઠુંમર અને ઉપલેટા તાલુકા સંઘના ચેરમેનશ્રી ગોપાલભાઈ સખીયા ભાયાવદર સહકારી મંડળીના પ્રમુખશ્રી નટવરલાલ મારસોણીયા સહકારી મંડળી ના મંત્રી દેવેન્દ્ર માણાવદરીયા મારસોણીયા, ઉપપ્રમુખશ્રી અનિલભાઈ બરોચિયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી નયનભાઈ જીવાણી તેમજ ધવલભાઈ ધમસાણીયા ભાયાવદર શહેરના આગેવાનોશ્રી તેમજ મંડળીના કમિટી સભ્યશ્રી જીતેન્દ્રકુમાર માકડીયા, ચંદ્રકાંતભાઈ પાંચાણી કિશોરભાઈ માકડીયા, જીવનભાઈ દલસાણીયા, પ્રવીણભાઈ માકડીયા, મનસુખભાઈ માકડીયા, દિલીપભાઈ સામાણી, ચીમનભાઈ બરોચિયા, સરોજબેન જીવાણી, માધવીબેન ભૂત, પુંજાભાઈ ચાવડા તેમજ આરડીસી બેંકના બેકમેનેજરશ્રી હિતેશભાઈ સાકરીયા ઉપસ્થિત રહેલ હોય તેઓની હાજરીમાં મૃતકના પરિવારજનોને એક એક વ્યક્તિના દસ દસ લાખ રૂપિયાના ચેકનું વિતરણ જયેશભાઈ રાદડિયા ના વરદ હસ્તે કરવામાં આવેલ હતા.

**નારેશ્વર તીર્થસ્થાનના 100માં શતાબ્દી વર્ષ નિમિત્તે...**

## અવધુત ચરણ રજ પ્રથમ પગલા ઈન્દ્રવરનાની સ્મૃતિમાં દત બાવની પાઠનું આયોજન

ભરત શાહ | નર્મદા

નારેશ્વર તીર્થસ્થાન ૧૦૦ માં સ્વર્ણીમ સિલ્વર જ્યુબીલી શતાબ્દિ વર્ષ નિમિત્તે મા ભગવતિ રુકમામ્બા અન્નક્ષેત્ર પોથી આદેશ આશ્રમ, ઈન્દ્રવરના ચેક ડેમ વીજળી પ્રોજેક્ટ, ઈન્દ્રવરના પ્રોજેક્ટ અંતર્ગત પ.પૂજ્ય શ્રી રંગ અવધૂત ગુજરત વિદ્યાપીઠ છોડી અંબાજી ગયાં અને અંબાજીથી અવધૂત મહારાજ ઈન્દ્રવરના ખાતે આવેલ, ઈન્દ્રેશ્વર મહાદેવ, વરુંનેશ્વર મહાદેવ ના દર્શન કરી નૌકા વિહર દ્વારા શ્રી વાસુદેવાનંદ સરસ્વતિ મહારાજ ગુરુ ના સ્થાને દર્શન કરી, રેવા કીનારે તેઓને બીજી વાર પોથી આદેશ ઈન્દ્રવરના ખાતે થતાં નારેશ્વર ખાતે તેઓએ નારેશ્વર ખાતે દત પુરાણ ૧૦૮ પારાયણ કરી તેની ઉજવણી નર્મદા પરિક્રમા કરી નારેશ્વર તીર્થસ્થાન આવેલ, પ. પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજ જ્યારે જ્યારે રાજપીપળા આવતાં ત્યારે પદયાત્રા કરી ગરુડેશ્વર ઈન્દ્રવરના ખાતે નૌકા બિહાર દ્વારા ગરુડેશ્વર દત મંદીર, સમાધી મંદિરે જતાં. તેની સ્મૃતિમા તારીખ



૧૯/૧/૨૦૨૫ રવિવારે બપોર ૧૨.૩૦ થી ૫.૩૦ કલાકે દત બાવની પાઠ મા નર્મદા પરિક્રમા સેવા સંઘ ઈન્દ્રવરના દ્વારા ઈન્દ્રવરના ચેક ડેમ વીજળી પ્રોજેક્ટ નર્મદા જીલ્લા ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં રંગ ભકતો, નર્મદા ભકતો ને ભાવભીનું આમંત્રણ છે, સાથે ગરુડેશ્વર રાજપીપળા બ્રીજનું નામાંભિકરન ટેમ્બે સ્વામિ બ્રીજ રંગ સેતું બ્રિજ ની જેમ કરવા રંગ ભકતો, નર્મદા ભકતોની માંગ પણ છે.

## મહીસાગર જિલ્લા કક્ષા કલા મહાકુંભ ૧૮ જાન્યુઆરીના રોજ લુણાવાડાની રજા એજ્યુકેશન કેમ્પસ ખાતે યોજાશે

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, મહીસાગર તેમજ નીરજા એજ્યુકેશન કેમ્પસ લુણાવાડાના સહયોગથી મહીસાગર જીલ્લા કક્ષા કલામહાકુંભનું તારીખ:૧૮/૦૧/૨૦૨૫ ના રોજ નીરજા એજ્યુકેશન કેમ્પસ લુણાવાડા ખાતે આયોજન થનાર છે. આ સ્પર્ધામાં ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ તેમજ ૨૧ થી ૫૯ વર્ષ સુધીની વય જૂથના સ્પર્ધકોએ અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લેશે. લોકનૃત્ય,રાસ,ગરબા, એક પાત્રીય અભિનય, લગ્નગીત. લોકગીત/ભજન, સમુહગીત . લોક વાર્તા,વક્તત્વ, નિબંધ, કાવ્ય લેખન,ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, કથ્થક, ભરત નાટ્યમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની), તબલા, હાર્મોનિયમ (હળવું), ઓર્ગન, દુહા છંદ ચોપાઈ, ગઝલ શાયરી,સ્કુલ બેન્ડ વગેરે સ્પર્ધામાં સ્પર્ધકો ભાગ લેશે.

## ગોલાતલાવડીના યુવાને વાસી ઉત્તરાયણની સાંજે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકાના ગોલાતલાવડી ગામ માં યુવાને ઝેરી દવા પી આપઘાત નો પ્રયત્ન કરતા હાલ સારવાર હેઠળ છે. મળતી માહિતી અનુસાર કાંન્તીભાઇ કંચનભાઇ બારીયા રહે. ગોલાતલાવડી તા.તિલકવાડા જી.નર્મદા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ ભોગ બનનાર રવિભાઇ કાન્તીભાઇ બારીયા ઉ.વ. ૧૮, રહે. ગોલાતલાવડી ને તેમના પિતા કાન્તીભાઈ કંચનભાઇ બારીયા નાઓએ અમોને કોઇ કામ કરવા લાગતો નથી તેમ કહેતા રવિ ને મનમાં લાગી આવતા તા.૧૫/૦૧/૨૦૨૫ ના વાસી ઉત્તરાયણ ના દિવસે સાંજે પોતાના ઘરે મુકેલ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા પ્રાથમિક સારવાર તિલકવાડા સરકારી દવાખાનામાં કરાવી વધુ સારવાર માટે રાજપીપળા સિવીલ હોસ્પીટલ લઈ ગયા બાદ હાલ રવિ સારવાર હેઠળ છે. પોલીસે નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

## ચાણસ્મા |કોંગ્રેસ સંગઠન દ્વારા નવનિયુક્ત પીઆઇ સોલંકીનું સન્માન કરાયું



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પોલીસ મથક ખાતે તાજેતર માં પાટણ થી બદલી થઈ આવેલા પી આઈ આર એચ સોલંકી ની વહીવટી કારણોસર ચાણસ્મા પોલીસ મથક ખાતે બદલી થતા વિવિધ સંગઠનો સ્વૈચ્છિક સંસ્થા ઑ દ્વારા સન્માન કરાઈ રહ્યું છે ત્યારે ચાણસ્મા કોંગ્રેસ તાલુકા શહેર સંગઠન દ્વારા મુલાકાલ લઇ સાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતાં જેમાં શહેર કોંગ્રેસ ના અગ્રણી વરુણભાઈ વ્યાસ નારણભાઇ રાવળ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## માણસા | ખડાત ગામે સામાજિક ઓડીટની કામગીરી હાથ ધરાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સામાજિક ઓડીટ યુનિટ, ગાંધીનગર, ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ જીલ્લાઓમાં ગ્રામ વિકાસ યોજનાઓ જેવી કે મહાત્મા ગાંધી નરેગા, પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન, ૧૫મુ નાણાપંચ, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, મધ્યાહન ભોજન યોજના, આઈસીડીએસ - આંગણવાડી અને પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર (પીડીએસ) યોજનાઓના લાભો જરૂરિયાતમંદ લોકો સુધી પહોચે તે હેતુથી રાજ્યભરમાં સામાજિક ઓડીટની કામગીરી કરવામાં આવી રહી છે. જેના ભાગ રૂપે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખડાત ગામે સામાજિક ઓડીટની કામગીરી માટે ગ્રામસભા યોજવામાં આવી હતી. જેમાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામસભામાં વિવિધ યોજનાઓમાં થયેલ કામગીરી અને અને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ ઉપસ્થિત ગ્રામજનોના સૂચનો અને પ્રશ્નો મેળવવામાં આવ્યા હતા. ગ્રામ પંચાયતના હોદ્દેદારો, ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા પ્રશ્નોનાં નિરાકરણ કરવામાં આવેલ.

## બોડેલી તાલુકાના સરકારી ગોડાઉનની આકસ્મિક મુલાકાત લેતા ભીખુસિંહજી પરમાર

કમલેશ પટેલ | સંખેડા



છોટાઉદેપુર જિલ્લના બોડેલી તાલુકામાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના સરકારી ગોડાઉન, પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર અને મુલધર એપ્રોચ રોડની આકસ્મિક મુલાકાત જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી અને અન્ન,નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે લીધી હતી.

પ્રભારીમંત્રીશ્રી ભીખુસિંહજીએ બોડેલી તાલુકામાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના સરકારી ગોડાઉનના અનાજ સ્ટોકની માહિતી મેળવી હતી. સરકારી ગોડાઉનમાં રાખવામાં આવેલ ઘઉં, ચોખા, તુવેર દાળની ગુણવત્તા ચકાસી હતી. આ ઉપરાંત તેઓએ બોડેલી ખાતે આવેલી પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર સરકાર માન્ય વ્યાજબી ભાવ દુકાનની મુલાકાત લીધી હતી. નાગરિકોને સરકાર માન્ય વ્યાજબી ભાવ દુકાનમાંથી આપવામાં આવતા અનાજની ગુણવત્તા ચકાસી હતી.

## સંખેડાના ગોલાગામડીથી રિક્ષામાં લઈ જવાતા વિદેશી દારૂ સાથે 2 ઝડપાયા, દારૂ સાથે રૂા.2.16 લાખનો મુદ્દામાલ જપ્ત

કમલેશ પટેલ | સંખેડા



સંખેડા તાલુકાના ગોલાગામડી પાસેથી રિક્ષામાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો હતો. રૂા.51 હજારના દારૂ સાથે કુલ રૂા.2.16 લાખના મુદ્દામાલ સાથે બે શખ્સો ઝડપાયા હતા. સંખેડાના ગોલાગામડી પાસેથી - રિક્ષામાં ભારતીય બનાવટનો - વિદેશી દારૂ વડોદરા તરફ જવાનો છે. પોલીસને મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી રિક્ષા આવતાં પોલીસે તેને કોર્ડન કરી તેમાં તપાસ કરતાં અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ રિક્ષામાં બેઠેલા શખ્સોના નામઠામ પૂછતાં તેમણે પોતાના નામ આકાશ બારીયા રહે. વડોદરા અને બીજાએ તેનું નામ સંજયસિંગ રાણા રહે. વડોદરા જણાવેલ. પોલીસે રિક્ષામાં તપાસ કરતા દારૂના 206 નંગ કવાર્ટરિયા મળી આવ્યા હતા. જેની કિંમત 51,615 રૂપિયા થતી હતી. પોલીસે દારૂ સાથે બે મોબાઈલ કિં.રૂા. 15,000 તથા રિક્ષા કિંમત રૂા.1,50,000 મળી કુલ રૂા.2,16,615નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂનો જથ્થો કોને આપવાનો હતો એવી પોલીસની પૂછપરછ દરમિયાન ઝડપાયેલા શખ્સોએ જણાવ્યું હતું કે હિતેશ વસાવા રહે.વડોદરાને આપવાનો હતો.

**જાફરાબાદ SBI બેંકમાં DEBAT ( ફિંગર પ્રિન્ટ) કામગીરી બંધ હોવાથી**

## બાળકોના ખાતામાં જમા થતી (શિષ્યવૃત્તિ) બાળકોના ખાતામાં ક્રેડીટ થતી નથી... આની જવાબદારી કોની ?




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈ શાખા મા ઘણા સમયથી (ફિંગર પ્રિન્ટ) ની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ ના ખાતામાં જમા થતી (શિષ્યવૃત્તિ) ખાતામાં ક્રેડીટ થતી ન હોવાથી અને ખાતાં ધરાવતા વિધાર્થીઓ DEBAT (ફિંગર પ્રિન્ટ) દેવાં માટે એસબીઆઈ બેંક માં જાય ત્યારે આ કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ ધક્કા ખાઈ રહ્યા છે. બાબતે બેંક માં વિધાર્થીઓ જાય ત્યારે એક્જ જવાબ આપવા આવી રહ્યા છે કે આ કામગીરી બંધ છે. વિધાર્થીઓ પોતાનો અભ્યાસ મુકીને (ફિંગર પ્રિન્ટ) દેવાં માટે આવતા હોય પરંતુ (DEBAT)ની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ અભ્યાસ નો પણ ભોગ આપી રહ્યા છે. આ બાબતે એસબીઆઈ બેંક મેનેજર ને આ બાબતે ધ્યાન દોરવા છતાં આ બાબતે ગોળગોળ જવાબ આપી રહ્યા છે. (ફિંગર પ્રિન્ટ) ની કામગીરી બંધ હોવાથી વિદ્યાર્થીઓ ધક્કા ખાઈ રહ્યા છે. શું આ બાબતે એસબીઆઈ ના ઉચ્ચ અધિકારીઓ ધ્યાન ઉપર લઇ વહેલી તકે આ કામગીરી ચાલુ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

## નાના બારમણ ગામે સિંહ સિંહણ આવી ચડતા ગામલોકોમાં ફફડાટ વ્યાપી ગયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા માં જીનવાડીપરા વિસ્તારમાં રાત્રીના સમયે એક દિપડો શિકારની શોધમાં આવી ચડ્યો હતો અને એક વાછરડી નો શિકાર કર્યો હતો આ ઉપરાંત નાના બારમણ ગામે પણ એક સિંહ અને સિંહણ પણ આવી ચડ્યા હતા આ સમગ્ર ઘટના સીસીટીવી માં કેદ થઈ ગઈ હતી ગીરકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં વન્ય પ્રાણીઓ શિકાર ની શોધમાં આવી ચડવાની ઘટના અવારનવાર બની રહીં છે. ત્યારે ખાંભા માં જીનવાડીપરા વિસ્તારમાં રાત્રીના સમયે એક દિપડો શિકારની શોધમાં આવી ચડ્યો હતો અને વાછરડી ને ઢસડી ને લઈ શિકાર કર્યો હતો જેને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો આ ઉપરાંત અહીંના નાના બારમણ ગામે પણ રાત્રીના સમયે પ્રાથમિક શાળા નજીક એક સિંહ અને સિંહણ આવી ચડ્યા હતા આ ઘટના સીસીટીવી માં કેદ થઈ ગઈ હતી માનવ વસ્તી માં વન્યપ્રાણીઓ આવી ચડતા લોકોમાં ભય જોવા મળી રહ્યો છે.

# શિયાળામાં ક્યારે અને કેટલો સમય સૂર્યપ્રકાશમાં બેસવું જોઈએ?



## વિટામિન ડી લેવાનો યોગ્ય સમય કયો ?

સવાર : જો તમારે સવારે વિટામિન ડી લેવું હોય તો સવારે 8 વાગે 25 થી 30 મિનિટ સુધી સૂર્યપ્રકાશ લઈ શકો છો કારણ કે આ સમયે વિટામિન ડી સારી રીતે મળી રહે છે. સાંજ : જો તમે સાંજના સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડી મેળવવા માંગતા હોવ તો આ વિટામિન સૂર્યાસ્ત સમયે મેળવી શકો છો.

## સૂર્યપ્રકાશના ફાયદા

સૂર્યપ્રકાશમાં થોડો સમય વિતાવવાના ઘણા ફાયદા છે. આમાં સૌથી લોકપ્રિય વિટામિન ડી છે.આજકાલ ઘણા લોકો વિટામિન ડીની ઉણપથી પીડાય છે. તે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ સિવાય તે આપણા શરીરને પણ ઉર્જાવાન રાખે છે.

## સૂર્યનો તડકો બ્લડ ગ્લુકોઝ લેવલ સુધારે

શરીરને સૂર્યપ્રકાશથી UVA મળે છે, જે આપણા રક્ત પ્રવાહને સુધારે છે. આ સિવાય તે બ્લડ ગ્લુકોઝ લેવલને પણ સુધારે છે.

## ઊંઘ માટે ફાયદાકારક

જો તમે ઊંઘને કારણે પરેશાન છો, તો સૂર્યપ્રકાશ તમારા માટે ખૂબ જ મદદરૂપ થશે કારણ કે તે તમને ગાઢ નિંદ્રા મેળવવામાં મદદ કરે છે. સૂર્યપ્રકાશમાં મેલાટોનિન નામનું હોર્મોન હોય છે, જે તમને ગાઢ ઊંઘ કરાવે છે.

# Weight Loss વજન ઉતારવા માટે હવે સૌથી વધારે અસરકારક વોટર થેરાપી

**અનિયમિત ખાણીપીણી અને અનહેલથી લાઈફ સ્ટાઈલના કારણે અનેક લોકો સ્થુળતાનો શિકાર થાય છે. વજન વધી જાય પછી વજન ઘટાડવા માટે લોકો અલગ અલગ પ્રકારની એક્સરસાઈઝ કરવાથી લઈને ડાયેટ પ્લાન ફોલો કરી વજન ઉતારવાનો પ્રયત્ન કરે છે. જો તમે પણ સ્થૂળતાના શિકાર હોય અને અલગ અલગ રીતે વજન ઉતારવાના પ્રયત્નો કરી રહ્યા હોય તો આજે તમને એક ખૂબ જ અસરકારક ટેકનીક વિશે જણાવીએ. છેલ્લા કેટલાક સમયથી વોટર થેરેપીથી વજન ઘટાડવાનું ચલણ વધ્યું છે. જેમાં એક ખાસ રીતે પાણી પીને લોકો પોતાનું વજન ઘટાડે છે અને તેનાથી કેટલાક લોકોને ઝડપથી રિઝલ્ટ પણ મળે છે.**



### શું છે વોટર થેરાપી ?

વોટર થેરાપીમાં વ્યક્તિ સવારે જાગે એટલે સૌથી પહેલા ત્રણથી ચાર ગ્લાસ ગરમ પાણી અથવા તો રૂમ ટેમ્પરેચરમાં રાખેલું પાણી પીવાનું હોય છે. બ્રશ કર્યા વિના ત્રણથી ચાર ગ્લાસ પાણી પીવાથી શરીરમાંથી વિશાક્ત પદાર્થ નીકળી જાય છે અને કેલરી ઈન્ટેક પણ ઘટી જાય છે. તેનાથી મેટાબોલિઝમ બુસ્ટ થાય છે અને વેટ લોસમાં મદદ મળે છે. સવારે ત્રણથી ચાર ગ્લાસ પાણી પીધાની 45 મિનિટ પછી જ તમે કંઈ પણ ખાઈ શકો છો. સ્વાસ્થ્ય નિષ્ણાંતો અનુસાર પાણી આપણા શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જો તમે રોજ આ રીતે પાણી પીશો તો શરીરમાં જામેલા ખરાબ તત્વો બહાર નીકળવા લાગશે અને ત્વચામાં પણ મોઈશ્ચર વધશે. ખાલી પેટ પાણી પીવાની આ રીતથી પેટ સંબંધિત સમસ્યાથી પણ મુક્તિ મળે છે.

## આ રીતે શરૂ કરી શકો છો વોટર થેરાપી

જો તમારે પણ વોટર થેરાપી શરૂ કરવી હોય તો સવારે ઊઠીને બ્રશ કર્યા પહેલા ઓછામાં ઓછા ત્રણથી ચાર ગ્લાસ પાણી પીવું. જો તમે હુંફાળું ગરમ પાણી પી શકતા હોય તો સારામાં સારું અથવા તો તમે રૂમ ટેમ્પરેચર પર રાખેલું પાણી પી શકો છો. પાણી પીધા ની 45 મિનિટ પછી કંઈ પણ ખાવું કે પીવું નહીં. ત્યાર પછી તમે નાસ્તો કરી શકો છો. વોટર થેરાપીને વધારે અસરકારક બનાવવા માટે દિવસના કોઈપણ મીલ વચ્ચે ઓછામાં ઓછો બે કલાકનો ગેપ રાખવો. આ સિવાય દિવસ દરમિયાન સમયાંતરે પાણી પીતા રહેવું પણ જરૂરી છે.

## વોટર થેરાપીથી થતા ફાયદા

- વોટર થેરાપી ફોલો કરવાથી શરીરમાં પાણીની માત્રા જળવાઈ રહે છે અને તેનાથી શરીરને એનર્જી પણ મળે છે અને બ્લડ પ્રેશર રેગ્યુલેટ થાય છે. તેનાથી કબજિયાત, માથાનો દુખાવો, કિડની સ્ટોનની સમસ્યા પણ થતી નથી.
- જો તમે દિવસની શરૂઆત પાણી પીને કરો છો તો તેનાથી તમારું પેટ ભરેલું રહે છે અને તમે ઓવર ઈટિંગ કરવાથી બચી જાઓ છો. જેના કારણે વજન ઘટાડવામાં મદદ મળે છે.
- સવારે ઊઠીને પાણી પીવાથી ત્વચામાં મોઈશ્ચર જળવાઈ રહે છે અને ત્વચા પર થતા ખીલ, કરચલીઓ, ડાઘ જેવી સમસ્યાથી મુક્તિ મળવા લાગે છે. સાથે જ ચહેરા પર આખો દિવસ નેચરલ ગ્લો રહે છે.
- પાણી પીવાથી પાચનતંત્ર મજબૂત રહે છે અને પેટમાં જામેલા ટોક્સિન રિલીઝ થવા લાગે છે તેનાથી પાચનતંત્ર સારી રીતે કામ કરે છે.



# નાના બેબીને દાંત આવી રહ્યા છે ? તો આ વાતનું ધ્યાન રાખશો તો નહીં થાય કોઈ સમસ્યા

નાન બાળકોના દાંત 6 થી 7 મહિનાની ઉંમરે બહાર આવવા લાગે છે. બાળકો માટે આ સમય થોડો મુશ્કેલ છે. જ્યારે બાળકોને દાંત આવતા હોય છે, ત્યારે તેઓના પેઢામાં દુખાવો થતો હોય છે. જેના કારણે બાળકો વારંવાર ચિડાઈ જાય છે. રડ્યા કરે છે. આ સાથે બાળકોને દાંત આવતા હોય તે દરમિયાન લૂઝ મોશનની સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે. આ સામાન્ય હોવા છતાં તે બાળકોમાં નબળાઈ લાવી શકે છે. તેથી આ સમયે શિશુની વધુ કાળજી લેવાની જરૂર છે. જો બાળકોને નવા દાંત ફુટતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવામાં આવે તો કોઈ સમસ્યા થશે નહીં. માલિશ કરવાથી દુખાવામાં રાહત મળશે : બાળકોને દાંત આવવાના સમયે તેમના પેઢામાં દુખાવો અને સોજો આવી શકે છે. જેના કારણે બાળકો ઘણી વખત રડતા જ રહે છે. આ સમસ્યામાંથી રાહત મેળવવા માટે તમારા હાથને સારી રીતે સાફ કર્યા પછી અને પેઢા પર હળવા દબાણથી માલિશ કરવી જોઈએ. તેનાથી ઘણી રાહત મળશે. આ સિવાય તમે બાળકના ગાલ અને જડબાના વિસ્તારને ઓર્ગેનિક તેલથી હળવો મસાજ કરી શકો છો. પ્રવાહી આપવું જરૂરી છે : જો બાળકને લૂઝ મોશન હોય તો ડોક્ટરની યોગ્ય સલાહ લેવી અને O.R.S સોલ્યુશન આપતા રહો. દાંત આવતી વખતે બાળકને ગ્રાઈપ વોટર આપી શકાય છે. આનાથી પેટના દુખાવામાં રાહત મળે છે, પરંતુ જથ્થાનું ધ્યાન રાખો. પાણી પીવડાવવાની સાથે-સાથે બાળકને અન્ય પ્રવાહી પણ આપતા રહો. જેથી શરીરમાં પાણીની કમી ન થાય. આ વસ્તુઓ ખાવા માટે આપો : બાળકોને દાંત આવવા દરમિયાન નબળાઈ અનુભવાય છે. તેથી તેમના આહારનું વિશેષ ધ્યાન રાખવું પડે છે.



# સત્યાગ્રહની લડાઈ લડનારા શહીદી વોહોરનાર શહીદોને ભાગ્યેજ પ્રાધાન્ય આપવામાં આવે છે. આવું શું કામ?

સત્ય શું? આ "સત્ય" શબ્દ વિશે વિચારું છું ત્યારે થાય છે કે એનો અર્થ અસ્પષ્ટ અને આંટીઘૂંટી વાળો વધારે છે. આ શબ્દ ની અંદર છુપાયેલ અસત્ય નું દર્દ મારા કાન ને વધારે સંભળાય છે.એક માણસ ભયાનક વરસાદના લીધે અજાણ્યા મકાનની બહાર દીવાલ ની ઓથે હતો.એ વરસાદ બંધ થાય એની રાહ જોતો હતો.અજાણ્યા મકાન ના માલિક ને દીવાલ ની ઓથે ઉભેલ માણસ ની દયા આવી કેમકે આ માણસ સવારે થી સાંજ સુધી એકજ સ્થિતિ માં ઉભા ઉભા વરસાદ બંધ થાય એની રાહ જોતો હતો.મકાન માલિક ને દયા આવતા એ માણસ ને મકાનની અંદર બોલાવ્યો.મકાનની અંદર બોલાવી ને કહ્યું કે છેલ્લા પાંચ કલાક થી ઉભા રહીને થાકી ગયા હશો ચેર પર બેસીને થાક ખાવ.જેવી મકાન માલિક ની પત્ની એ ચા નાસ્તા ની ટ્રે ટેબલ પર મૂકી એ ભેગા મકાન માલિક એ આગંતુક ને કીધું કે ચા નાસ્તો કર્યા પહેલા ચોકડીમાં જઈને હાથપગ ધોઈ નાખો. આગંતુક એ મકાન માલિક ને જવાબ આપતા કહ્યું કે શ્રીમાન,વરસાદ માં કલાકોથી ઉભો છું એટલે હાથ પગ ધોવાની જરૂર નથી.મકાન માલિકને આગંતુક પર ગુસ્સો આવતા એ તાડુકી ને બોલ્યો કે એલા!મારા ઘરનો નિયમ છે કે હાથપગ ધોયા વગર અન્ન પાણી નો સ્પર્શ ના કરવો.આ નિયમ નું મારા પરિવાર ની માફક પાલન કરશો તોજ ચા નાસ્તો કરી શકશો.આગંતુક એ સ્પષ્ટ શબ્દો માં મકાન માલિક ને સંભળાવ્યું કે માન્યું કે તમારો અને તમારા પરિવાર નો ખાસ નિયમ છે પરંતુ મને કે મારા પરિવાર ને "નિયમો" નથી ગમતા. અમે એવું માનીએ છીએ કે હાથપગ ધોવા કરતા મન ચોખ્ખું હોવું જરૂરી છે.

મકાન માલિક ને માણસ ની ચિત્ર વિચિત્ર દલીલો થી ગુસ્સો આવતા આગંતુક માણસ ને કહ્યું કે તમે ચેર પર વરસાદ ઓછો થાય ત્યાં સુધી બેસી શકો છે પરંતુ મારા ઘરનું ભોજન પાણી તમારા લીધે અભડાવુ ના પોસાય.વિદ્વાન એ પ્રશ્ન પૂછીયો કે સાચો કોણ? સત્ય શું?માણસ કે મકાન માલિક. ત્યારે આકાશવાણી થતાં સંભળાયું કે ધર્મ કહે છે કે અતિથિ દેવો ભવ: જેને ઘરમાં બોલાવો છો એના પર યજમાન ની શરત નિયમો ના ચલાવી શકાય.કદાચ આ માણસ બીજા ચાર કલાક ભૂખ્યો તરસ્યો ઉભો રહ્યો હોત તો પણ એના પેટ ની સગવડતા થઈ ગઈ હોત,કેમ? આ સૃષ્ટી માં ઈશ્વર જ એના સમગ્ર સર્જન નું પાલન પોષણ કરતા હોય છે. એક દિવસ આગંતુક માણસ એ હાથ પગ ધોયા વગર ચા નાસ્તો કર્યો હોત તો મકાન માલિક ને એનાથી ગેર ફાયદો નહતો થવાનો.સત્ય એ છે કે અન્ય ના જીવનમાં ચંચુપાત શું કામ કરવી?

આ વિષય પર રાજા જન્મેંજય એ વ્યાસ ભગવાન ને પ્રશ્નો કર્યો હતો કે બલી રાજા તો ખુબજ દયાળુ અને ધર્મ ના નિયમ અનુસાર જીવન જીવતા હતા.ભગવાન વિષ્ણુ ને આરાધ્ય માની ને નિત્ય એનું પૂજન અર્ચન કરતા હતા છતાંય ભગવાન વિષ્ણુ એ વામન અવતાર ધારણ કરીને બલી રાજા નું સર્વસ્વ હરણ કર્યું,કેમ? આમાં સત્ય શું? ભગવાન વિના કારણ ભક્ત ની દુવિધા વધારતા નથી,ભક્તના જીવન માટે ભગવાન બધુજ કરતા હોય છે.મહાભારત ના યુદ્ધ મા ભીષ્મ પિતામહ ના બાણ ના લીધે અર્જુન નું કવજ કપાઈ ને એના હાથ માંથી લોહી વહેવા લાગ્યું ત્યારે મહાભારત ના યુદ્ધ મા શસ્ત્ર નહિ લઉં એવું વચન લીધું હોવા છતાંય રથ માંથી નીચે ઉતરી ને તૂટેલ અન્ય રથ નું પૈડું પકડી ને ચક્ર નું આહવાન કરીને ભીષ્મ પિતામહ નો વધ કરવા દોડ્યા હતા.જો અર્જુન ના દર્દ ને નિહાળતા ભગવાન શ્રી કૃષ્ણ ભીષ્મ પિતામહ ને મારવા ભાગ્યા હતા તો ભક્ત બલી રાજા ના યજ્ઞ માં વિઘ્ન ઉભુ કેમ કર્યું? એને પાતાળ લોક કેમ મોકલ્યા? સાચુ સત્ય શું? ભગવાન વેદ વ્યાસજી એ રાજા જન્મેંજ્ય ને કહ્યું કે રાજન,ધર્મ ના ચાર પાયા માં સત્ય પ્રથમ ચરણ માં બિરાજે છે સત્ય ગમે તેટલું ખોટું બોલાય તો પણ સત્ય તો સત્ય જ રહે છે.છુપાવવા છતાંય છાપરે ચઢીને પોકારી પોકારી ને સત્ય બોલશે એ નક્કી.જ્યારે ભગવાન વિષ્ણુના સ્વરૂપ વામન ભગવાન એ બલી રાજા ના યજ્ઞ માં આવીને સાત ડગલાં ભૂમિ માંગી ત્યારે ભગવાન એના ભક્ત ની પરીક્ષા કરવા માંગતા હતા. બલી રાજા અસુરો ના રાજા હતા,આ કારણોસર અસુરો નો ત્રાસ બધેય વધી ગયો હતો. અસુર ગુરુ શુક્રાચાર્ય ના સમજાવ્યા છતાંય બલી રાજા એ વામન ભગવાન ને સાત ડગલાં ભૂમિ દાન નું વચન આપી દીધું હતું. વામન ભગવાન એ બે ડગલાં માં બધુજ માપ્યા બાદ બલી રાજા ને પૂછ્યું કે ત્રીજું ડગલું ક્યાં મૂકું? ત્યારે બલી રાજા એ ભગવાન ના ચરણો મા બેસીને કીધું હતું કે મારા મસ્તક પર.



સત્ય એટલે શું?

- રુપાલી દવે

ભગવાન વેદ વ્યાસ એ કહ્યું કે રાજન,સત્ય એ છે કે અસુરો ના રાજા બલિ એ પોતાનું સ્વરાજ્ય ગુમાવ્યું ને ઈશ્વર પ્રાપ્તિ કરીને પરમાર્થ મેળવ્યું.ભગવાન વિષ્ણુ એ અસુર બલી રાજાને અમરત્વ પ્રદાન કરતા કહ્યું હતું કે પાતાળ લોક માં નિત્ય એના દરવાન બનીને એનું રક્ષણ કરશે,સતયુગ માં સ્વર્ગના રાજ બલી થશે.આ કારણોસર બલી રાજાના વંશ નું રક્ષણ સ્વયં ભગવાન કરે છે. રાજા જનમેંજય ના મનનું સમાધાન કરતાં વેદ વ્યાસજી બોલ્યા કે મનુષ્ય ની મુખ્ય નબળાઈ અસત્ય ને તરત જ સ્વીકારી ને નિર્ણય કરવો,કળયુગ માં ધર્મ ના ચાર પાયા માંથી ત્રણ જ પાયા રહેશે.કળયુગ માં અસત્ય વધારે વેચાશે ને સત્ય શોધવું મુશ્કેલ બનશે.

**સત્યં નાસ્તિ તપઃ શૌચં દયા દાનં ન વિદ્યતે ।**
**ઉદરંભરિણો જીવા વરાકાઃ કૂટભાષિણઃ ॥ 31 ॥**

આ વાતમાં તથ્ય વધારે છે કળયુગ માં સત્ય નો નાશ પામશે ને અસત્ય ની બોલબાલા વધશે. મનુષ્ય સ્વાર્થ માટે જ વધારે જીવન જીવશે,એની એના પત્ની કે બાળકો પ્રત્યે પણ વફાદારી રહેશે નહી.કળયુગ માં સ્ત્રીનું સ્ત્રીત્વ,પુરુષ નું પુરુષત્વ એ રહેશે નહી.જ્યારે પરીક્ષિત રાજા નગર ચર્યા કરવા નીકળ્યા ત્યારે એણે જોયું કે ત્રણ પગે ઉભેલ બળદ પર શૂદ્ર રાજા વાંસ ની લાકડી થી માર મારી રહીયો છે ને એની નજીક બેઠેલી સ્ત્રી બે હાથ જોડીને શૂદ્ર રાજા ને વિનંતી કરી રહી છે કે એ બળદ ને માર મારવાનું બંધ કરે. આ દ્રશ્ય નજર સમક્ષ નિહાળતા જ પરીક્ષિત મહારાજ એ શૂદ્ર રાજા ના હાથ માંથી લાકડી ઝુંટવી લેતા પૂછ્યું કે કોણ છો તુ? મારા રાજ્ય મા આવીને આવું અધમ પાપ કેમ કરી રહ્યા છો? ત્યારે શૂદ્ર રાજા એ પરીક્ષિત રાજા ને કહ્યું કે "હું કળયુગ છું" કળયુગ માં સત્ય સિવાઈ નું બધુ રહેશે એટલે જે માણસ જે દેખાશે એ વેચાશે..મોટાભાગ ધનવાન લોકોની પ્રતિષ્ઠિત એના રૂપિયા કરતાં ઝૂઠ ના લીધે વધારે વધશે.

સાચુ કહું ઘણીવાર એવું લાગે છે કે ભારત ની આઝાદી એ ગુલામી ની ઝંઝિરો કરતા પણ વધારે અસત્ય ના આવરણ માં લપેટી ને પબ્લિક સામે પ્રસ્તુત થઈ હશે. સત્યાગ્રહની લડાઈ લડનારા શહીદી વોહોરનાર શહીદોને ભાગ્યેજ પ્રાધાન્ય આપવામાં આવે છે.આવું શું કામ? ૩૦૦ વર્ષથી સતત ચાલતી ભારતની આઝાદીની લડાઈમાં શહીદી વહોરનારા લોકોના પરિવાર વિશે કે પરિવાર ની સહાયતા મળવી તો દૂર ૨૬જાન્યુઆરી કે ૧૫ઓગસ્ટ એ લોકો એને યાદ પણ નથી કરતા. તો આઝાદીનું અંતિમ તથ્ય શું છે? તથ્ય એ અસત્ય ની રેસમાં થાકી ને હાંફવા લાગ્યું છે.




# પોલીસ કે માફિયા? શું 'દેવા'માં શાહિદ કપૂરનો 'સૌથી હિંસક' અંદાજ હિટ થશે?

(એજન્સી) મુંબઈ | તા.17

શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' ની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી. આ ફિલ્મ 31 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ 2 મિનિટ 18 સેકન્ડના ટ્રેલરમાં તમને ક્યાંયથી વાર્તાનો કોઈ સંકેત મળતો નથી. તે પોલીસમેન છે, પણ ખરા અર્થમાં ખેલ ક્યાં ચાલી રહ્યો છે તે અંગે હજુ પણ મૂંઝવણ રહે છે. શાહિદ કપૂરની ફિલ્મ દેવા 31 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું. આ 2 મિનિટ 18 સેકન્ડના ટ્રેલરમાં, શાહિદ કપૂર તેના સૌથી હિંસક અવતારમાં જોવા મળે છે. હવે તે ફિલ્મમાં પોલીસમેનની ભૂમિકા ભજવી રહ્યો હોવાથી, આવું થવાનું જ છે. આ ફિલ્મમાં તેમની સાથે પૂજા હેગડે પણ કામ કરી રહી છે. જેમાંથી ફક્ત એક કે બે ઝલક જોવા મળી છે. સૌ પ્રથમ, ચાલો જાણીએ કે ફિલ્મનું ટ્રેલર કેવું છે? ટ્રેલર એક લાંબી ફ્રેમથી શરૂ થાય છે. આમાં એક અવાજ સંભળાય છે કે ભાઈનું એક ઘટનામાં મૃત્યુ થયું છે. હવે એક આખી પોલીસ ટીમ એક મૃત્યુનો બદલો લેવા માટે તૈયાર છે. શું આ બદલાની વાર્તા છે?

### શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા'નું ટ્રેલર રિલીઝ




આ પછી, શાહિદ કપૂર ટ્રેલરમાં પ્રવેશ કરે છે. તેમના વિવિધ ફ્રેમ્સ એક ગીત સાથે બતાવવામાં આવ્યા છે. તે હાથમાં બંદૂક લઈને લડતો જોવા મળે છે. પણ આ વખતે તેઓ લડવાની સ્વતંત્રતા ઈચ્છે છે. ટ્રેલરમાં કઈ સ્વતંત્રતા વિશે વાત કરવામાં આવી રહી છે તે પણ પછીથી ખબર પડશે. શાહિદ કપૂરને ગુંડાઓ સાથે લડવાની એક અનોખી અને અસાધારણ શૈલીમાં બતાવવામાં આવ્યો છે. જે કદાચ ફિલ્મમાં પોતાના નિયમોનું પાલન કરે છે અને ગુંડાઓને મારી નાખે છે. પરંતુ પોલીસ વિભાગ તેના કામથી બહુ ખુશ નથી.

# સૈફ પર થયેલા હુમલા અંગે શાહિદનું નિવેદન

(એજન્સી) મુંબઈ | તા.17

સૈફ અલી ખાન હવે સંપૂર્ણપણે ખતરામાંથી બહાર છે. તેમને ICU માંથી બીજા રૂમમાં ખસેડવામાં આવ્યા છે. આ દરમિયાન, સૈફ અલી ખાન પર થયેલા હુમલા પર શાહિદ કપૂરની પ્રતિક્રિયા સામે આવી છે. શાહિદે સૈફના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે. ૧૬ જાન્યુઆરીના રોજ એક અજાણ્યા વ્યક્તિએ તેમના ઘરમાં ઘૂસીને સૈફ અલી ખાન પર હુમલો કર્યો. તે વ્યક્તિએ સૈફ પર તેના શરીર પર અલગ અલગ જગ્યાએ છરી વડે અનેક વાર હુમલો કર્યો, જેના કારણે અભિનેતા ગંભીર રીતે ઘાયલ થયો. સૈફને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. જોકે, અભિનેતાના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપતાં, ડૉક્ટરે સ્પષ્ટ કર્યું છે કે તે હવે ઠીક છે અને તેને એક અઠવાડિયા સુધી બેડ રેસ્ટ પર રહેવું પડશે. આ દરમિયાન, સૈફ પરના હુમલા પર બોલિવૂડ અભિનેતા શાહિદ કપૂરની પ્રતિક્રિયા પણ સામે આવી છે. શાહિદે આ ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે. સૈફ અલી ખાન પર થયેલા હુમલામાં પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે. પૂછપરછ દરમિયાન શંકાસ્પદનું નામ શાહિદ હોવાનું બહાર આવ્યું. બીજી તરફ, શાહિદ કપૂરે તેની ફિલ્મ દેવાનું ટ્રેલર લોન્ચ કર્યું છે. ફિલ્મના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન, પાપારાઝીએ શાહિદને સૈફ પરના હુમલા વિશે પ્રશ્ન કર્યો. શાહિદે ખચકાટ વગર જવાબ આપ્યો અને સૈફના ઝડપથી સ્વસ્થ થવા માટે પ્રાર્થના પણ કરી.

### જે થયું તે ખૂબ જ દુઃખદ છે શાહિદ કપૂર

શાહિદ કપૂરે કહ્યું, જે થયું તે ખૂબ જ દુ:ખદ છે અને અમે બધા ખૂબ જ ચિંતિત છીએ. અમને આશા છે કે સૈફની તબિયત જલ્દી સુધરશે અને તે સારું અનુભવી રહ્યો છે. જે બન્યું તેનાથી અમે બધા ખૂબ જ આઘાત પામ્યા. મુંબઈ જેવા શહેરમાં, વ્યક્તિગત રીતે આ બાબતનું અવલોકન કરવું ખૂબ જ મુશ્કેલ છે... પણ મને લાગે છે કે પોલીસ તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. આવું થતું નથી. મુંબઈ ખૂબ જ સુરક્ષિત શહેર છે. અહીં તમે ગર્વથી કહો છો કે જો રાત્રે 2 કે 3 વાગ્યે મહિલાઓ રસ્તા પર જતી હોય, તો તે સલામત છે. આ ખૂબ જ આઘાતજનક ઘટના છે અને અમને આશા છે કે તે જલ્દી સ્વસ્થ થઈ જશે.

# ડૉક્ટરે સૈફ અલી ખાનને ગણાવ્યો રિયલ હીરો
## લોહીલુહાણ હોવા છતાં સિંહની જેમ હોસ્પિટલ આવ્યા

(એજન્સી) મુંબઈ | તા.17

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન પર ગુરૂવારે (16 જાન્યુઆરી) રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. ઘરમાં ચોરી કરવા આવેલા શખસ સાથે તેની ઝપાઝપી થઈ હતી. ત્યારે હુમલાખોરે સૈફ પર ચપ્પુથી 6 વખત વાર કર્યો હતો. એક્ટરને ગળાના ભાગે અને કમરે કરોડરજ્જુના હાડકાં પાસે ઈજા થઈ હતી. સર્જરી બાદ સૈફની તબિયતમાં સુધારો થયો છે અને હાલ તે જોખમથી બહાર છે.

લીલાવતી હોસ્પિટલના ડૉક્ટર્સે શુક્રવારે સૈફ અલી ખાનનું મેડિકલ બુલેટિન શેર કર્યું હતું. જેમાં ડૉક્ટર્સે જણાવ્યું કે, જ્યારે સૈફ હોસ્પિટલ આવ્યો તો તે લોહીલુહાણ હતો. પરંતુ, તે સાવજની જેમ ચાલી રહ્યો હતો. સૈફ પોતાના 8 વર્ષના દીકરા તૈમુર સાથે હોસ્પિટલ પહોંચ્યો હતો. પોતાની જાતે જ ચાલી રહ્યો હતો. તેણે હીરોની જેમ કામ કર્યું છે, તે રિયલ લાઈફ હીરો છે. હાલ, સૈફની તબિયત હવે બરાબર છે. એક્ટરને આઈસીયુથી સ્પેશ્યલ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યો છે. અમે ઈચ્છીએ છીએ કે, તે



થોડો સમય આરામ કરે.

ડૉક્ટર્સે આ વિશે વધુ વાત કરતા કહ્યું કે, 'હજુ અમે તપાસ કરી રહ્યા છે. તેની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે. તે પોતાની જાતે જ ચાલે છે અને ખુશ પણ દેખાય છે. જોકે, એક્ટરને થોડો સમય આરામ કરવો પડશે અને બૅક પર થયેલી ઈજાનું વધારે ધ્યાન રાખવું પડશે, નહીંતર ઈન્ફેક્શન થવાનું જોખમ છે. આ સિવાય મૂવમેન્ટ ઓછી કરવાની રહેશે. ભગવાનની કૃપાથી તે ઠીક છે. ઈન્ફેક્શનના ડરથી સૈફને વિઝિટર્સથી દૂર રાખવાનું કહેવામાં આવ્યું છે. જો પ્રોગ્રેસ બરાબર રહી તો અમે 2 થી 3 દિવસમાં ડિસ્ચાર્જ કરી દઈશું.'

આ સિવાય ડૉક્ટર્સે સૈફને એક અઠવાડિયા સુધી બેડ રેસ્ટની સલાહ આપી છે. તેઓ એક્ટરની રિકવરીથી સંતુષ્ટ છે. હાલ, તેને ન્યૂરોલૉજિકલ કોઈ તકલીફ નથી. સૈફ ફક્ત 2 મિમીથી બચી ગયો છે. નહીંતર, કરોડરજ્જૂમાં ચાકુ લાગતતો ઈજા ખૂબ ઊંડી હોત અને જીવનું જોખમ પણ ઊભું થાત.

સૈફની તબિયતમાં સુધારાની જાણકારી બાદ, ફેન્સમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. જે પ્રકારે એક્ટર પોતાના પરિવારને બચાવવા માટે હુમલાખોરોની સામે પડી ગયો હતો, તેનાથી તમામ લોકો તેને રિયલ લાઈફ હીરો કહી રહ્યા છે. સૈફ અને હુમલાખોર વચ્ચે જેહના રૂમમાં ઝપાઝપી થઈ હતી અને ત્યાં જ એક્ટર પર હુમલો કરવામાં આવ્યો હતો.

### પ્રિયંકા પહેલીવાર પતિ નિક જોનાસ સાથે ફિલ્મમાં જોવા મળશે



મુંબઈ : પ્રિયંકા ચોપરા જોનાસ પ્રથમ વખત પતિ નિક જોનાસ સાથે 'હોલી ડે' નામની એક ફિલ્મમાં કામ કરવાની છે. નિક સાથે ભાઈઓ જો અને કેવિન જોનાસ પણ આ ફિલ્મમાં હશે. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે. આ ફિલ્મનું શૂટિંગ હાલ ટોરન્ટોમાં થઈર્ રહ્યું છે. પ્રિયંકા અને તેના પતિ નિક અને જોનાસ બ્રધર્સની સાથે સેટ પર જોવા મળ્યા હતા.આ ફિલ્મમાં નિકની સાથેસાથેતેના ભાઈઓ પણ લીડ રોલમાં જોવા મળવાના છે. ઉલ્લેખનીય છે કે, નિક જોનાસ આ પહેલાં 'સ્કીમ ક્વીન્સ', 'કિંગડમ' અને જુમાંજી :વેલકમ ટૂ ધ જંગલ'માં જોવા મળી ચુક્યો છે.

# સુકુમારે પુષ્પાનો ત્રીજો ભાગ બનાવવા તૈયારીઓ શરુ કરી દીધી

(એજન્સી) મુંબઈ | તા.17

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની 'પુષ્પા ટૂ' સફળ થયા બાદ હવે ત્રીજા ભાગની પણ તૈયારી શરુ કરી દેવામાં આવી છે. 'પુષ્પા ટૂ'ના અંતમાં જ હજુ ત્રીજો ભાગ આવશે તેવી હિન્ટ આપી દેવામાં આવી છે. ફિલ્મના કમ્પોઝર દેવી શ્રી પ્રસાદેઅપડેટ આપ્યું છે કે,' પુષ્પા ટૂ'નો જબરજસ્ત ક્રેઝ જોઈને દિગ્દર્શક સુકુમારે સમય ગુમાવ્યા વિના જ કામ શરૂ કરી દીધું છે. તેમનું સંપૂર્ણ ફોકસ ફિલ્મના દરેક દ્રશ્ય પર છે.



આ વખતે પુષ્પા ૩માં ઘણી નવી ચીજો ઉમેરવામાં આવશે. તેમની પાસે ઘણા આઈડિયાઝ છે જેને જોડવાથી એક વધુ ઉત્તમ વાર્તા બનશે. થોડા સમય પહેલાં એવા અહેવાલો હતા કે કદાચ ત્રીજો ભાગ વિલંબમાં મૂકાશે. અલ્લુ અર્જુન પાસે હાલ બીજા ઘણા પ્રોજેક્ટ છે અને તે કદાચ પહેલાં એ બધી નવી ફિલ્મો પર ફોક્સ કરશે. અલ્લુ અર્જુને તેનો લૂક પણ બદલી નાખ્યો છે.

# સ્ટાર પ્લસના શો પોકેટ મેં આસમાનની અભિકા મલાકર, ઉર્ફે રાની, શોમાંથી તેના પાત્ર, રાનીની આ ગુણવત્તા સાથે સંબંધિત છે!

(એજન્સી) મુંબઈ | તા.17

સ્ટાર પ્લસે ફરી એકવાર તેના નવીનતમ શો, પોકેટ મે આસમાન સાથે ભાવનાત્મક રીતે સમૃદ્ધ વાર્તા કહેવાનો મંચ તૈયાર કર્યો છે. રસપ્રદ અને પ્રભાવશાળી સામગ્રી ઉત્પન્ન કરવા માટે જાણીતી, ચેનલ તમામ પેઢીઓના પ્રેક્ષકો સાથે પડઘો પાડતી મનમોહક કથાઓ પહોંચાડવાનું ચાલુ રાખે છે. આ નવું સાહસ, જે સ્ટાર પ્લસના સફળ લાઈનઅપમાં ઉમેરો કરે છે, દર્શકોને પોકેટ મેં આસમાન સાથે એક અનોખી અને




આકર્ષક વાર્તાનો પરિચય કરાવે છે. રુદ્રાણી (રાની) અને દિગ્વિજય તરીકે અનુક્રમે અભિકા મલાકર અને ફરમાન હૈદરને મુખ્ય ભૂમિકામાં દર્શાવતા, શો પોકેટ મેં આસમાન રાનીની સફરને હાઈલાઈટ કરે છે, એક ગર્ભવતી સ્ત્રી જે આ બધું ઈચ્છે છે–પ્રેમ, માતૃત્વ અને કારકિર્દી. તેમ છતાં તેના પતિ, દિગ્વિજય, તેણીને ટેકો આપે છે, તે તેણીને તેણીની કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરવા અથવા માતૃત્વ સ્વીકારવાની મુશ્કેલ પસંદગી આપે છે. અભિકા મલાકર પોકેટ મેં આસમાન શો સાથે હિન્દી ટેલિવિઝનમાં ડેબ્યૂ કરે છે, તેના પાત્ર રાનીને અસાધારણ સૂક્ષ્મતા સાથે જીવંત બનાવે છે. રાની તરીકે, અભિકા મલાકર એક એવી મહિલાનું પાત્ર ભજવવાની છે જે તેની મહત્વાકાંક્ષાઓ વિશે અપ્રિય છે. તેણી જાણે છે કે એવી દુનિયામાં જ્યાં મહિલાઓને તેમની ક્ષમતાઓ વિશે વારંવાર પ્રશ્ન કરવામાં આવે છે, તેણીએ પોતાને માટે ઊભા રહેવું પડશે અને સામાજિક અપેક્ષાઓને અવગણવી પડશે. રાનીની સફર એક સ્થિતિસ્થાપકતાની છે, જ્યાં તેણી પ્રેમ, કુટુંબ અને કારકિર્દીના સપનાઓનું સંચાલન કરતી વખતે ખુશી માટે પ્રયત્નશીલ, નિશ્ચય સાથે દરેક અવરોધનો સામનો કરે છે. સ્ટાર પ્લસના શો પોકેટ મેં આસમાનમાંથી અભિકા મલાકર ઉર્ફે રાની શેર કરે છે, 'શો પોકેટ મેં આસમાનમાં, હું રુદ્રાણીનું પાત્ર ભજવીશ, જેને પ્રેમથી રાની તરીકે સંબોધવામાં આવે છે. રાની એક એવી છોકરી છે જે આ બધું ઈચ્છે છે - પ્રેમ, માતૃત્વ, અને કારકિર્દી - અને તેણીના વ્યવસાયિક અને અંગત જીવન વચ્ચે સંતુલન જાળવવા માટે સખત પ્રયાસ કરે છે કંઈપણ ઓછું માટે સમાધાન કરો અને સાબિત કરે છે કે એક સ્ત્રીનું પારિવારિક જીવન, માતૃત્વ અને સફળ કારકિર્દી બંને હોઈ શકે છે, હું રાનીના પાત્ર સાથે સંબંધિત છું કારણ કે, તેણીની જેમ, હું માનું છું કે કુટુંબ અને મહત્વાકાંક્ષા બંનેને સંતુલિત કરવું શક્ય છે. હું એક અથવા બીજી બંનેમાંથી એકને પસંદ કરવા માંગતો નથી; તમારા બધા સપનાઓ માટે પ્રયત્નશીલ, ભલે ગમે તે અવરોધો હોય, પોકેટ મેં આસમાન શીર્ષક રાનીની શક્તિને સંપૂર્ણ રીતે મૂર્ત બનાવે છે - તેની કૃપા અને ખંત સાથે તમામ પડકારોથી ઉપર ઊઠવાની અને તે બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા!



# શાહરૂખના ઘરમાં પણ અજાણ્યા શખસનો ઘૂસવાનો પ્રયાસ
## નિસરણી મૂકી રેકી પણ કર્યાનો દાવો

(એજન્સી) મુંબઈ | તા.17

સૈફ અલી ખાન પર હુમલાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ચાહકોમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ તપાસમાં એક મોટો ઘટસ્ફોટ થયો છે કે, સૈફ અલી ખાન પર હુમલો કરનારા શકમંદ આરોપી જેવો જ એક વ્યક્તિ બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાનના ઘરની પણ રેકી કરી રહ્યો હતો. સૂત્રો અનુસાર, 14 જાન્યુઆરીએ કોઈ અજાણ્યા વ્યક્તિએ શાહરૂખ ખાનના ઘરની રેકી કરી હતી. શાહરૂખ ખાનના ઘર મન્નત પાસે આવેલા રિટ્રીટ હાઉસની પાછળ 6 થી 8 ફૂટ લાંબી લોખંડની સીડી મૂકીને ઘરની અંદર શું ચાલી રહ્યું છે, તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. વધુ તપાસ માટે પોલીસ શાહરૂખના ઘરે પહોંચી હતી.બંને શકમંદ શખ્સ એક જ પોલીસને આશંકા છે કે જે વ્યક્તિએ શાહરૂખ ખાનના ઘરે રેકી કરી હતી તે જ વ્યક્તિએ સૈફ અલી ખાન પર હુમલો કર્યો હતો. કારણ કે પોલીસને શાહરૂખ ખાનના ઘર પાસેથી મળી આવેલા સીસીટીવી ફૂટેજમાં દેખાતી વ્યક્તિની ઊંચાઈ અને શરીરનો બાંધો સૈફ અલી ખાનના ઘરે સીસીટીવી ફૂટેજમાં દેખાયેલા વ્યક્તિ સાથે મેળ ખાય છે.એટલું જ નહીં, સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, પોલીસને આ ઘટનામાં એકથી વધુ લૂંટારૂઓ સામેલ હોવાની આશંકા છે. કારણ કે રેકી માટે જે લોખંડની સીડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેને એક જ વ્યક્તિ ઊંચકી શકે તેમ નથી. તેના માટે ઓછામાં ઓછા બેથી ત્રણ લોકોની જરૂર પડશે.મુંબઈ પોલીસે સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં એક શકમંદની અટકાયત કરી છે. બુધવારે પોલીસની ટીમ અભિનેતાના ઘરે પહોંચી હતી, જ્યાં તેના ઘરના તમામ સ્ટાફ સભ્યોની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસ સૈફની મહિલા સ્ટાફને પોતાની સાથે પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, જ્યાં સમગ્ર મામલામાં પૂછપરછ કરવામાં આવી હતી. આ એ જ મહિલા સ્ટાફ હતી જેણે ચોરને જોઈને એલર્ટ એલાર્મ વગાડ્યું હતું. જે સાંભળતા જ સૈફ અલી ખાન રૂમમાં આવ્યો હતો અને ચોરનો સામનો કર્યો હતો. જેમાં સૈફને ચાકુના છ ઘા વાગ્યા હતા.મુંબઈ ડીસીપીનું કહેવું છે કે જે વ્યક્તિને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો છે તેના પર ઘરફોડ ચોરીનો આરોપ છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. સૈફ પર હુમલા બાદ મુંબઈ પોલીસે સીસીટીવી ફૂટેજ પરથી આરોપીની ઓળખ થઈ હતી. હુમલા બાદ આરોપી બાંદ્રા સ્ટેશન પર જોવા મળ્યો હતો. મુંબઈ પોલીસની 35 ટીમો આ મામલે તપાસ કરી રહી છે. જેમાં 15 ટીમો મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની અને 20 ટીમ મુંબઈ લોકલ પોલીસની છે.

### બાંદ્રા ફિલ્મ સ્ટાર્સનું નિવાસસ્થાન છે

મુંબઈનું બાંદ્રા ઉપનગર ફિલ્મ ઉદ્યોગના ઘણા મોટા સ્ટાર્સનું ઘર છે. સુપરસ્ટાર શાહરૂખ ખાનનું ઘર 'મન્નત'. સલમાન ખાનનું ઘર પણ બેન્ડસ્ટેન્ડ પર જ છે. સુપરસ્ટાર આમિર ખાનનું ઘર પણ બાંદ્રામાં આવેલુ છે.રણબીર કપૂર અને આલિયા ભટ્ટની સાથે, સંજય દત્તનું ઘર બાંદ્રા પશ્ચિમના પાલી હિલમાં છે. રેખા, ઝીનત અમાન અને સાયરા બાનો જેવી અનુભવી અભિનેત્રીઓ પણ આ જ ઘરમાં રહે છે.



# અનુષ્કાઅનેવિરાટનાઅલીબાગમાં નવા બંગલાનું ટૂંક સમયમાં વાસ્તુ



(એજન્સી) મુંબઈ | તા.17

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી અલીબાગમાં નવા બંગલમાં ટૂંક સમયમાં જ ગૃહ પ્રવેશની વિધિ યોજે તેવી સંભાવનાં છે. એક વીડિયો વાયરલ થયો છે. જેમાં અનુષ્કા અને વિરાટનો અલીબાગવાળો નવો બંગલો જોવા મળી રહ્યો છે. જેને ગૃહપ્રવેશ કરતા પહેલા ફૂલોથી સજાવવામાં આવ્યો છે. જે જોઈને લોકો સમજી રહ્યા છે કે, અનુષ્કા અને વિરાટ કોહલીગૃહપ્રવેશની તૈયારી કરી રહ્યા છે. આ પહેલા ગેટ વે ઓફ ઈન્ડિયાના ફેરી ટર્મિનલનો એક વીડિયો જોવા મળ્યો હતો જેમાં એકપૂજારી સાથે પૂજા સામગ્રીને સ્પીડ બોટ પર લઈ જતા જણાતા હતા. આ જોઈને લોકો અટકળ કરી રહ્યા છે કે, કપલ અલી બાગના પોતાના નવા ઘરની ગૃહપ્રવેશની તૈયારી કરી રહ્યું છે. વિરાટ કોહલીએ સાલ ૨૦૨૩માં અલીબાગમાં એક આલિશાન વિલા ખરીદ્યું હતું. જે ૨૦૦૦ ફૂટમાં ફેલાયેલું છે અને જેની કિંમત લગભગ છ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.આ વિલામાં ૪૦૦ ફૂટનો સ્વિમિંગ પૂલ છે. આ ઉપરાંત કપલે અલીબાગમાં ૧૯.૨૪ કરોડ રૂપિયામાં એક ફાર્મહાઉસ ખરીદ્યું છે.

## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયા માટે કેટલાક નવા નિયમો જારી કર્યા છે

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમ ઈન્ડિયા માટે કેટલાક નવા નિયમો જારી કર્યા છે. જાણો ભારતીય ખેલાડીઓએ હવેથી કયા નિયમોનું પાલન કરવું પડશે? બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) એ 10 નવા નિયમો જારી કર્યા છે, જેનું પાલન તમામ ભારતીય ખેલાડીઓ માટે ફરજિયાત હશે. આ ઉલ્લંઘન માટે ખેલાડીઓને આકરી સજા પણ થઈ શકે છે. નિયમોના ઉલ્લંઘનમાં IPL પ્રતિબંધથી લઈને પગારમાં કાપ જેવી બાબતોનો સમાવેશ થશે. વાસ્તવમાં, આ બધું ટીમની અંદર સકારાત્મક વાતાવરણ બનાવવા માટે કરવામાં આવ્યું છે.

### 1. ડોમેસ્ટિક મેચોમાં રમવું ફરજિયાત છે

ભારતીય રાષ્ટ્રીય ટીમ માટે રમી રહેલા તમામ ખેલાડીઓ BCCIની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં સામેલ છે.આ તમામને ઘરેલુ ક્રિકેટ સાથે નિયમિતપણે જોડાયેલા રહેવું પડશે. જો કોઈ ખેલાડી આ કરી શકતો નથી તો તેણે ચીફ સિલેક્ટર અજીત અગરકર પાસેથી પરવાનગી લેવી પડશે.

### 2. બધા ખેલાડીઓ સાથે મુસાફરી કરશે

તમામ ખેલાડીઓ માટે એકસાથે મુસાફરી કરવી ફરજિયાત રહેશે, પછી ભલે તેઓ મેચ અથવા પ્રેક્ટિસ સેશન માટે મુસાફરી કરતા હોય.બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ખેલાડીઓને તેમના પરિવાર સાથે મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

### 3. ખેલાડીઓ નિયત વજન મુજબ જ સામાન લઈ જઈ શકશે

પ્રવાસ દરમિયાન ખેલાડીઓને વધુ પડતો સામાન લઈ જવા પર પ્રતિબંધ રહેશે. ખેલાડીઓ હવે એક જ પ્રવાસમાં 150 કિલો અને સપોર્ટ સ્ટાફ 80 કિલો સુધીનો સામાન લઈ જઈ શકશે. જો કોઈ ખેલાડી આ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેણે પોતે જ પૈસા ચૂકવવા પડશે.

### 4. અંગત સ્ટાફ લઈ શકશે નહિ

બીસીસીઆઈની પરવાનગી વિના, ખેલાડીઓ કોઈપણ પ્રવાસ અથવા શ્રેણી માટે વ્યક્તિગત સ્ટાફ (મેનેજર, રસોઈયા વગેરે)ને તેમની સાથે લઈ શકતા નથી.

### 5. બેગ્સ સેન્ટર ઓફ એક્સેલન્સમાં મોકલવામાં આવશે

ટીમના ખેલાડીઓએ ટીમ મેનેજમેન્ટ સાથે સંકલન કરવું પડશે કે દરેકનો સામાન અને અંગત વસ્તુઓ બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સમાં જશે.જો આનાથી વધુ ખર્ચ કરવામાં આવશે તો ખેલાડીએ પોતે જ પૈસા ચૂકવવાના રહેશે.

### 6. પ્રેક્ટિસ સેશનમાં જવું પડશે

તમામ ખેલાડીઓએ પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેવો પડશે અને રોકાણના સ્થળથી મેદાન સુધી એકસાથે મુસાફરી કરવી પડશે.આ ટીમની અંદર એકતા લાવવા માટે કરવામાં આવ્યું છે.

### 7. શ્રેણીની મધ્યમાં જાહેરાતો શૂટ કરવાની કોઈ સ્વતંત્રતા નથી

જો કોઈ શ્રેણી ચાલી રહી હોય કે ટીમ વિદેશ પ્રવાસ પર હોય.આવી સ્થિતિમાં, ખેલાડીઓને વ્યક્તિગત જાહેરાત શૂટ કરવાની કે સ્પોન્સર્સ સાથે કામ કરવાની સ્વતંત્રતા નહીં હોય.

### 8. નવી કૌટુંબિક નીતિ

જો ભારતીય ટીમ 45 દિવસ કે તેથી વધુ સમયના વિદેશ પ્રવાસ પર છે.આવી સ્થિતિમાં, ખેલાડીનો પરિવાર તેની સાથે માત્ર 2 અઠવાડિયા સુધી રહી શકે છે.મુલાકાતના સમયગાળાનો ખર્ચ BCCI ઉઠાવશે, બાકીનો ખર્ચ ખેલાડીઓએ પોતે ઉઠાવવો પડશે.

### 9. આયોજિત કાર્યક્રમોમાં ઉપલબ્ધતા

BCCI દ્વારા આયોજિત શૂટ અને અન્ય તમામ કાર્યક્રમો માટે ખેલાડીઓ ઉપલબ્ધ હોવા જોઈએ. આનાથી ટીમ પ્રત્યે ખેલાડીઓની એકતા તેમજ ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

### 10. સમાપન સુધી સાથે રહેવું પડશે

મેચ અથવા સિરીઝ પૂરી ન થાય ત્યાં સુધી તમામ ખેલાડીઓએ સાથે રહેવું પડશે.ભલે મેચ નિર્ધારિત સમય પહેલા સમાપ્ત થાય.

# રિષભ પંત બનશે કેપ્ટન! કરવામાં આવશે ટીમની જાહેરાત



(એજન્સી) નવી દિલ્હી | તા.17

દિલ્હી રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર સામેની તેની આગામી મેચ માટે 17 જાન્યુઆરીએ પોતાની ટીમની જાહેરાત કરશે. આ મહત્વપૂર્ણ મેચમાં રિષભ પંતને રમતા જોઈ શકાશે. એવું માનવામાં આવે છે કે આ મેચ માટે દિલ્હી ટીમની કમાન પંતના હાથમાં રહેશે. વિરાટ કોહલી રણજી ટ્રોફીમાં પ્રવેશ કરશે કે નહીં તે અંગે હજુ સુધી કોઈ અપડેટ સામે આવ્યું નથી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર પંત અને કોહલી બંનેનું પ્રદર્શન ખાસ ન હતું. પંતે હજુ પણ કેટલીક સારી ઈનિંગ્સ રમી, પરંતુ વિરાટ સંપૂર્ણપણે ફોર્મમાં ન હતો. સિરીઝના અંત પછી, મુખ્ય કોચ ગૌતમ ગંભીરે તેમના સિનિયર ખેલાડીઓને રણજી રમવાની સલાહ આપી હતી. દિલ્હી ક્રિકેટ એસોસિએશનના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે 'કાલે બપોરે પસંદગી બેઠક છે અને એવું માનવામાં આવે છે કે રિષભ પંત સૌરાષ્ટ્ર સામેની મેચ માટે ટીમનો કેપ્ટન રહેશે.' ડીડીસીએના પ્રમુખ રોહન જેટલીએ પુષ્ટિ આપી હતી કે પંત રણજી ટ્રોફીમાં દિલ્હી તરફથી રમતો જોવા મળશે. હર્ષિત રાણાનું નામ પણ આ લિસ્ટમાં હતું, પરંતુ તેને ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે, જેના કારણે તે હવે આ મેચનો ભાગ રહેશે નહીં. વિરાટ કોહલી વિશે હજુ સુધી કોઈ અપડેટ પ્રાપ્ત થયું નથી. કોહલી પોતાના ખરાબ ફોર્મને કારણે સતત શંકાના ઘેરામાં રહે છે. રણજી ટ્રોફીમાં દિલ્હીની સ્થિતિ બહુ સારી નથી. ટીમના 5 મેચમાં ફક્ત 14 પોઈન્ટ છે. જો દિલ્હીને નોકઆઉટમાં સ્થાન મેળવવું હોય તો ટીમે સૌરાષ્ટ્ર અને રેલવે સામેની મેચોમાં સારું પ્રદર્શન કરવું પડશે. પંતના આગમનથી ટીમનો બેટિંગ ક્રમ ચોક્કસપણે મજબૂત બનશે. દિલ્હીની ટીમ ગ્રુપ-ડીમાં હાજર છે, જ્યાં તમિલનાડુ હાલમાં 19 પોઈન્ટ સાથે ટોપ પર છે, જ્યારે ચંદીગઢ બીજા સ્થાને છે.

# નવી સીઝન પહેલા રાજસ્થાન રોયલ્સને ઝટકો, સ્ટાર બોલર ઈજાગ્રસ્ત થયો

(એજન્સી) નવી દિલ્હી | તા.17

IPL 2025 21 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. જેના માટે હવે કેટલીક ટીમોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે, બાકીની ટીમો વિજય હજારે ટ્રોફી બાદ પ્રેક્ટિસ કરતી જોવા મળશે. આ વખતે ઘણી ટીમો નવા કેપ્ટન સાથે મેદાનમાં ઉતરવા જઈ રહી છે. નવી સિઝન પહેલા રાજસ્થાન રોયલ્સ ટીમને મોટો ઝટકો લાગે છે. આ વખતે મેગા ઓક્શનમાં રાજસ્થાને એક ઝડપી બોલરને 6.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, તે ઈજાગ્રસ્ત થયો છે. તુષાર દેશપાંડે છેલ્લી કેટલીક સીઝનથી ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમી રહ્યો હતો, પરંતુ આ વખતે CSKએ આ બોલરને બહાર કરી દીધો હતો. જે બાદ મેગા ઓક્શનમાં રાજસ્થાન રોયલ્સે તુષાર પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને તેને 6.50 કરોડ રૂપિયામાં ખરીદ્યો. વાસ્તવમાં, ગયા વર્ષે તુષાર દેશપાંડેએ પગની ઘૂંટીની સર્જરી કરાવી હતી, પરંતુ તેની ઈજા ફરી સામે આવી છે. જે બાદ હવે તેને લગભગ 2 થી 3 મહિના ક્રિકેટ મેદાનથી દૂર રહેવું પડી શકે છે.



### તુષાર દેશપાંડેએ ટીમ ઈન્ડિયા તરફથી T20 ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું છે

તુષાર દેશપાંડેએ ટીમ ઈન્ડિયા તરફથી T20 ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું છે. ગયા વર્ષે જુલાઈમાં ઝિમ્બાબ્વે સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તુષારે આ શ્રેણીમાં 2 મેચ રમી હતી, જેમાં તેણે બોલિંગ દરમિયાન 2 વિકેટ પણ લીધી હતી. અત્યાર સુધી તુષાર IPLમાં 36 મેચ રમી ચૂક્યો છે, જેમાં આ બોલરે બોલિંગ દરમિયાન 42 વિકેટ ઝડપી છે. IPL 2023 તેના માટે ઘણું સારું રહ્યું, આ સિઝનમાં તુષારે CSK માટે બોલિંગ કરતા 21 વિકેટ લીધી હતી.

# ટીમ ઈન્ડિયાના નવા કોચ માટે સામે આવ્યું નામ, BCCI કરશે મોટી જાહેરાત!

(એજન્સી) નવી દિલ્હી | તા.17

બોર્ડર ગાવસ્કર ટ્રોફી ભારતીય ટીમ માટે કોઈ દુઃસ્વપ્નથી ઓછી ન હતી. સિરીઝમાં 1-0થી આગળ રહેલી ભારતીય ટીમે છેલ્લી 4 મેચમાં નિરાશાજનક પ્રદર્શન કર્યું. આ જ કારણ હતું કે ટીમ ઈન્ડિયાને ઓસ્ટ્રેલિયાની ધરતી પર 3-1થી હારનો સામનો કરવો પડ્યો. ટીમ ઈન્ડિયાના ખરાબ પ્રદર્શન બાદ, BCCI કોચિંગ યુનિટમાં મોટા ફેરફારો કરી શકે છે. ટીમમાં નવા બેટિંગ કોચની એન્ટ્રી થઈ શકે છે. ઓસ્ટ્રેલિયામાં શરમજનક હાર પહેલા, ભારતીય ટીમે ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામે રમાયેલી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝમાં પણ 3-0થી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. સતત ખરાબ પ્રદર્શનને કારણે ટીમ ઈન્ડિયામાં મોટો ફેરફાર થઈ શકે છે. મીડિયા રિપોર્ટ મુજબ ભૂતપૂર્વ સ્થાનિક ક્રિકેટ ખેલાડી સિતાંશુ કોટકને ભારતીય ટીમના નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે BCCI સિતાંશુ કોટકને નવા બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે. આ પરિસ્થિતિમાં વર્તમાન ભારતીય બેટિંગ કોચ અભિષેક નાયર, જેમને 2024 ના T20 વર્લ્ડકપ પછી જ ભારતીય ટીમના બેટિંગ કોચ બનાવવામાં આવ્યા હતા.

### ભારતીય સિનિયર ટીમનું પણ કર્યું છે નેતૃત્વ

હાલમાં, સિતાંશુ ઈન્ડિયા A ના મુખ્ય કોચ છે. તેમને ઘણી વખત ભારતીય સિનિયર ટીમનું નેતૃત્વ પણ કર્યું છે. વર્ષ 2023 માં, ભારતે જસપ્રીત બુમરાહના નેતૃત્વમાં આયર્લેન્ડનો પ્રવાસ કર્યો હતો, જ્યાં 3 મેચની T20 સિરીઝ રમાઈ હતી. આ પ્રવાસમાં સિતાંશુ કોટક ભારતીય ટીમના મુખ્ય કોચ હતા.

### ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન

52 વર્ષીય કોટકે ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. પરંતુ આ ખેલાડીને ક્યારેય ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી નહીં. પોતાની કારકિર્દીમાં, તેમને 130 ફર્સ્ટ-ક્લાસ મેચોમાં 41.76 ની સરેરાશથી 8061 રન બનાવ્યા છે. 89 લિસ્ટ એ મેચોમાં તેમને 3083 રન બનાવ્યા છે. આ સિવાય ભૂતપૂર્વ ખેલાડીએ 9 T20 મેચોમાં 133 રન બનાવ્યા છે.

# WPL 2025નું શેડ્યુલ જાહેર, 4 શહેરોમાં થશે ટુર્નામેન્ટનું આયોજન

(એજન્સી) નવી દિલ્હી | તા.17

વિમેન્સ પ્રીમિયર લીગનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ 14 ફેબ્રુઆરીથી શરૂ થશે, જ્યારે છેલ્લી મેચ 15 માર્ચે રમાશે. આ ટુર્નામેન્ટ કુલ 4 શહેરોમાં રમાશે. પાંચ ટીમો લીગનો ભાગ હશે. ટુર્નામેન્ટની પહેલી મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાશે. આ મેચ ગુજરાતના વડોદરામાં રમાશે, જ્યારે ફાઈનલ મુંબઈમાં યોજાશે. આ ટુર્નામેન્ટ વડોદરા, મુંબઈ, લખનૌ અને બેંગલુરુમાં રમાશે. મહિલા પ્રીમિયર લીગની પ્રથમ 6 મેચ બેંગલુરુના BCA સ્ટેડિયમ ખાતે રમાશે. આ પછી, ટુર્નામેન્ટની 8 મેચ બેંગલુરુમાં યોજાશે. આ પછી ટુર્નામેન્ટનો કાફલો લખનૌ જવા રવાના થશે. નવાબોની ભૂમિ પર કુલ 4 મેચ રમાશે. આ પછી, નોકઆઉટ સહિતની અંતિમ મેચો મુંબઈમાં રમાશે. તમને જણાવી દઈએ કે છેલ્લી સીઝન બે શહેરો દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી, જેમાં દિલ્હી અને બેંગલુરુના નામનો સમાવેશ થતો હતો.



આ મેચ ગુજરાતના વડોદરામાં રમાશે, જ્યારે ફાઈનલ મુંબઈમાં યોજાશે. આ ટુર્નામેન્ટ વડોદરા, મુંબઈ, લખનૌ અને બેંગલુરુમાં રમાશે

**વડોદરામાં રમાનારી મેચો**

14 ફેબ્રુઆરી: ગુજરાત વિ આરસીબી
15 ફેબ્રુઆરી: મુંબઈ વિ દિલ્હી
16 ફેબ્રુઆરી: ગુજરાત વિ ઉત્તર પ્રદેશ
17 ફેબ્રુઆરી: દિલ્હી વિ આરસીબી
18 ફેબ્રુઆરી: ગુજરાત વિ મુંબઈ
19 ફેબ્રુઆરી: ઉત્તર પ્રદેશ વિ દિલ્હી

**બેંગલુરુમાં રમાનારી મેચો**

21 ફેબ્રુઆરી: આરસીબી વિ મુંબઈ
22 ફેબ્રુઆરી: દિલ્હી વિ યુપી
24 ફેબ્રુઆરી: આરસીબી વિ યુપી
25 ફેબ્રુઆરી: દિલ્હી વિ ગુજરાત
26 ફેબ્રુઆરી: મુંબઈ વિ ઉત્તર પ્રદેશ
27 ફેબ્રુઆરી: આરસીબી વિ ગુજરાત
28 ફેબ્રુઆરી: દિલ્હી વિ મુંબઈ
1 માર્ચ: આરસીબી વિ દિલ્હી

**લખનૌમાં રમાનારી મેચો**

3 માર્ચ: ઉત્તર પ્રદેશ વિ ગુજરાત
6 માર્ચ: યુપી વિ મુંબઈ
7 માર્ચ: ગુજરાત વિ દિલ્હી
8 માર્ચ: યુપી વિ આરસીબી

**મુંબઈમાં રમાનારી મેચો**

10 માર્ચ: મુંબઈ વિ ગુજરાત
11 માર્ચ: મુંબઈ વિ આરસીબી
13 માર્ચ: એલિમિનેટર
15 માર્ચ: ફાઈનલ

# હોબાર્ટ અને બ્રિસ્બેન વચ્ચેની ઓસ્ટ્રેલિયામાં લાઈવ ક્રિકેટ મેચ દરમિયાન લાગી આગ

### આગ કોઈ પણ વ્યક્તિને પોતાની ઝપેટમાં લે તે પહેલાં તેને તાત્કાલિક કાબુમાં લેવામાં આવી કર્મચારીઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા અને આગ ઓલવી નાખવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી | તા.17

ઓસ્ટ્રેલિયામાં હાલમાં બિગ બેશ લીગનું આયોજન થઈ રહ્યું છે. આ લીગમાં ઓસ્ટ્રેલિયા સિવાય દુનિયાભરના ઘણા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. 16 જાન્યુઆરીના રોજ, ટુર્નામેન્ટની 36મી મેચ હોબાર્ટ હરિકેન્સ અને બ્રિસ્બેન હીટ વચ્ચે રમાઈ હતી. આ મેચ દરમિયાન મેદાનમાં આગ લાગી ગઈ હતી, જેના કારણે રમત થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હોબાર્ટ અને બ્રિસ્બેન વચ્ચેની રમાઈ રહી હતી. બીજી ઈનિંગ દરમિયાન, જ્યારે હોબાર્ટની ટીમ લક્ષ્યનો પીછો કરવા માટે ઉતરી, ત્યારે પાંચમી ઓવર શરૂ થાય તે પહેલાં મેદાનમાં આગ લાગી ગઈ. આગ કોઈ પણ વ્યક્તિને પોતાની ઝપેટમાં લે તે પહેલાં તેને તાત્કાલિક કાબુમાં લેવામાં આવી. આગ જોઈને કર્મચારીઓ તાત્કાલિક એક્શનમાં આવ્યા અને આગ ઓલવી નાખવામાં આવી. પરંતુ આગ જોઈને અમ્પાયરે થોડા સમય માટે મેચ રોકી દીધી. આ સમય દરમિયાન ખેલાડીઓ પણ ડરેલા દેખાતા હતા. ફેન્સમાં થોડા સમય માટે અરાજકતાનું વાતાવરણ હતું. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા બ્રિસ્બેને 20 ઓવરમાં 201 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ટીમ તરફથી માર્નસ લાબુશેને સૌથી વધુ રન બનાવ્યા. તેને 44 બોલમાં 77 રનની ઈનિંગ રમી. આ સિવાય ટોમ એલ્સોપે 39 રન બનાવ્યા. પરંતુ બ્રિસ્બેનના કેપ્ટન ઉસ્માન ખ્વાજાનું બેટ કામ ન આવ્યું. તે 9 બોલમાં 23 રન બનાવીને આઉટ થયો હતો. લક્ષ્યનો પીછો કરતી વખતે, હોબાર્ટે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને લક્ષ્ય પ્રાપ્ત કર્યું. હોબાર્ટ માટે, કાલેબ જ્વેલે 49 બોલમાં 76 રન બનાવ્યા.



# ધોનીના સન્માનમાં સરકાર 7 રૂપિયાનો સિક્કો લાવી રહી છે?

(એજન્સી) નવી દિલ્હી | તા.17

ફેન્સ મહેન્દ્ર સિંહ ધોનીને ખૂબ પ્રેમ કરે છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે પરંતુ આજે પણ ધોની લોકપ્રિયતાના મામલામાં ટોચ પર છે. ધોનીની આ લોકપ્રિયતા તેના ચાહકો માટે પણ મોટી સમસ્યા બની રહી છે કારણ કે તેના નામે સોશિયલ મીડિયા પર આવા સમાચાર ફેલાઈ રહ્યા છે જે ખરેખર ચોંકાવનારા છે. સોશિયલ મીડિયા પર એવા અહેવાલો ફેલાઈ રહ્યા છે કે સરકાર ધોનીના નામનો 7 રૂપિયાનો સિક્કો લાવી રહી છે, જેમાં તેની તસવીર પણ છાપવામાં આવશે. જ્યારે સત્યને તેની સાથે કોઈ લેવાદેવા નથી. ધોનીના નામે 7 રૂપિયાનો સિક્કો બહાર પડવાના સમાચાર માત્ર અફવા છે, તે તદ્દન ખોટા છે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા તથ્ય તપાસમાં બહાર આવ્યું છે કે આ વાયરલ દાવો તદ્દન ખોટો છે. સરકારે આવી કોઈ જાહેરાત કરી નથી. PIB ફેક્ટ ચેકે તેના X હેન્ડલ પર જણાવ્યું હતું કે રૂ.7ના સિક્કાની તસવીર નકલી છે અને ઈકોનોમિક અફેર્સના ડિપાર્ટમેન્ટે ન તો આવો સિક્કો રજૂ કરવા અંગે કંઈ કહ્યું છે અને ન તો ભવિષ્યમાં આવો કોઈ વિચાર છે. ધોનીના નામનો કોઈ સિક્કો બહાર પાડવામાં આવી રહ્યો નથી પરંતુ એક એવો ક્રિકેટર છે જેની તસવીર નોટ પર છપાયેલી છે. આ ખેલાડી વેસ્ટ ઈન્ડિઝનો ભૂતપૂર્વ બેટ્સમેન ફ્રેન્ક વોરેલ છે, જે વેસ્ટ ઈન્ડિઝનો પ્રથમ અશ્વેત કેપ્ટન પણ હતો.



બાર્બાડોસની નોટ પર ફ્રેન્ક વોરેલનો ફોટો છપાયેલો છે. પાંચ ડોલરની નોટ પર તેની તસવીર છપાયેલી છે. વોરેલે વેસ્ટ ઈન્ડિઝના તમામ ટાપુઓને એક કરીને એક ટીમ બનાવી હતી. વોરેલે વેસ્ટ ઈન્ડિઝ માટે 51 ટેસ્ટમાં 49.48ની એવરેજથી 3860 રન બનાવ્યા હતા. તેણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 39 સદી ફટકારી હતી.

# અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતની 15 દીકરીઓ મચાવશે ધમાલ

(એજન્સી) નવી દિલ્હી | તા.17

વર્ષ 2025ની શરૂઆતમાં ICCની પહેલી મોટી ટુર્નામેન્ટ અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપ મલેશિયામાં શરૂ થવા જઈ રહી છે. આ અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં ભારત ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. ભારતની યુવા ખેલાડીઓ આ ટુર્નામેન્ટ માટે તૈયાર છે અને ફરી ભારતને વિશ્વ ચેમ્પિયન બનાવવા મેદાનમાં ઉતરશે. મલેશિયામાં વર્ષ 2025ની પહેલી મોટી ICC ટુર્નામેન્ટ અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપનું આયોજન થશે. જેમાં ભારત સહિત 16 દેશની યુવા મહિલા ખેલાડીઓ ભાગ લેશે. અંડર-19 T20 વર્લ્ડ કપનું આયોજન 18 ફેબ્રુઆરીથી 2 ફેબ્રુઆરી 2025 દરમિયાન યોજાશે. કર્ણાટકની નિક્કી પ્રસાદ અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની કપ્તાની કરશે. ગત વખતે દક્ષિણ આફ્રિકામાં વિજેતા બનેલી ભારતીય ટીમની 3 ખેલાડીઓ સોનમ યાદવ, જી. ત્રિશા અને એમડી શબનમ આ વખતે પણ ટીમમાં સામેલ છે. અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં કુલ 16 ટીમો ભાગ લેશે. દરેક ટીમને કુલ 4 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત ગ્રુપ Aમાં છે. ભારત સાથે ગ્રુપમાં શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ અને મલેશિયા છે. ટીમ ઈન્ડિયા અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપમાં પહેલી મેચ 19 જાન્યુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ સામે કુઆલાલંપુરમાં રમશે. ટીમ ઈન્ડિયા અંડર-19 મહિલા T20 વર્લ્ડ કપની ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ છે. ગત વર્લ્ડ કપમાં ભારત વિશ્વ ચેમ્પિયન બન્યું હતું.



ભારતની ટીમ : નિક્કી પ્રસાદ (કેપ્ટન), સાનિકા ચાલકે (વાઈસ-કેપ્ટન), જી. ત્રિશા, કમલિની જી (વિકેટકીપર), ભાવિકા આહિરે (વિકેટકીપર), ઈશ્વરી અવસરે, મિથિલા વિનોદ, વીજે જોશિતા, સોનમ યાદવ, પારુણિકા સિસોદિયા, કેસરી દ્રિતી આયુષી શુક્લા, આનંદિત કિશોર, એમડી શબનમ, એસ. વૈષ્ણવી

# પૂર્વ પીએમ ઇમરાન ખાનને ૧૪ વર્ષની અને બુશરા બીબીને ૭ વર્ષની સજા

## ઈમરાન ખાનને ૧૯ કરોડ પાઉન્ડના અલ-કાદિર ટ્રસ્ટ ભ્રષ્ટાચાર કેસમાં ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે

(એજન્સી) પાકિસ્તાન તા 17

ખાન દંપતી પર ચુકાદો આવે તે પહેલાં, પીટીઆઈના અધ્યક્ષ બેરિસ્ટર ગૌહર અલી ખાને અદિયાલા જેલની બહાર દાવો કર્યો હતો કે, 'તમે અંદાજ લગાવી શકો છો કે છેલ્લા 2 વર્ષમાં કેટલો ન્યાય થયો છે. જો ન્યાયી ચુકાદો આવે તો ઈમરાન અને બુશરાને નિર્દોષ જાહેર કરવામાં આવશે. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને ૧૯ કરોડ પાઉન્ડના અલ-કાદિર ટ્રસ્ટ ભ્રષ્ટાચાર કેસમાં ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. જ્યારે તેમની પત્ની બુશરા બીબીને પણ 7 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ ઉપરાંત, તેમના પર ભારે દંડ પણ ફટકારવામાં આવ્યો છે. અગાઉ, કોર્ટે સજા પરનો નિર્ણય ત્રણ વખત મુલતવી રાખ્યો હતો. પાર્ટી સાથે જોડાયેલા નેતાઓનું કહેવું છે કે તેઓ આની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જશે.

### કોર્ટે નિર્ણયની સાથે બુશરા બીબીની ધરપકડનો પણ આદેશ આપ્યો

કોર્ટે પોતાના નિર્ણયની સાથે ઈમરાનની પત્ની બુશરા બીબીની ધરપકડનો પણ આદેશ આપ્યો. ચુકાદો સાંભળવા માટે તે અડિયાલા જેલમાં હાજર હતી, જ્યાં પોલીસે ઔપચારિક ધરપકડ માટે તેને ઘેરી લીધી અને પછી તેની ધરપકડ કરી.

ડિસેમ્બર 2023 માં, નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો (NAB) એ ઈમરાન ખાન (72) અને બુશરા બીબી (50) અને છ અન્ય લોકો સામે કેસ નોંધ્યો, જેમાં તેમના પર રાષ્ટ્રીય સ્તરે 190 મિલિયન પાઉન્ડ (લગભગ 50 અબજ પાકિસ્તાની રૂપિયા) નું નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો.



### બુશરાની કોર્ટ રૂમમાંથી જ ધરપકડ

ન્યાયાધીશ નાસિર જાવેદ રાણાએ આજે અદિયાલા જેલમાં બનેલી કામચલાઉ કોર્ટમાં આ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. જ્યારે આ પહેલા સજાનો નિર્ણય ત્રણ વખત મુલતવી રાખવામાં આવ્યો છે. કોર્ટે ઈમરાન પર ૧૦ લાખ રૂપિયા અને બુશરાને ૫ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. જો તે દંડ ભરવામાં નિષ્ફળ જાય તો તેને 6 મહિનાની જેલની સજા થશે. આદિઆલા જેલની બહાર કડક સુરક્ષા વચ્ચે ચુકાદો સંભળાવવામાં આવ્યો, ત્યારબાદ બુશરાની કોર્ટરૂમમાંથી જ ધરપકડ કરવામાં આવી. અગાઉ, ઈસ્લામાબાદની ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટે ચુકાદો સંભળાવવા માટે આજે 17 જાન્યુઆરીની તારીખ નક્કી કરી હતી.

### ઈમરાન ખાન વિરુદ્ધ ઘણા કેસ ચાલી રહ્યા છે

23 ડિસેમ્બરે, જે દિવસે ચુકાદો જાહેર થવાનો હતો, તે દિવસે ઈસ્લામાબાદની ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટે શિયાળાની રજાઓને કારણે કેસમાં પોતાનો ચુકાદો 6 જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યો. ત્યારબાદ 6 જાન્યુઆરીએ, કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ રાણા રજા પર હોવાથી ચુકાદો સંભળાવી શકાયો ન હતો. ૧૩ જાન્યુઆરીના રોજ આગામી સુનાવણીમાં, ન્યાયાધીશે કહ્યું કે વિલંબનું કારણ ઈમરાન અને બુશરાના અદિયાલા જેલમાં કોર્ટમાં હાજર ન થવાનું હતું.ઈમરાન 2023 થી જેલમાં છે. તે અનેક કાનૂની બાબતોમાં જેલમાં છે, જે તેનો દાવો છે કે તે તેની વિરુદ્ધ 'રાજકીય રીતે પ્રેરિત' છે. ગયા વર્ષે, તેમને તોશાખાના અને ઈદ્દત કેસમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ તોશાખાના 2 કેસમાં તેમની સામે એક નવો આરોપ મૂકવામાં આવ્યો હતો.મોટો થઈ જાય છે. સામાન્ય ચૂંટણીઓ પછી તરત જ, ગયા વર્ષે 27 ફેબ્રુઆરીએ ખાન દંપતી પર આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચુકાદા પહેલા અદિયાલા જેલની બહાર મીડિયા સાથે વાત કરતા, પીટીઆઈના અધ્યક્ષ બેરિસ્ટર ગૌહર અલી ખાને કહ્યું હતું કે, "તમે છેલ્લા બે વર્ષમાં થયેલા અન્યાયની કલ્પના કરી શકો છો.

## સુનિતા વિલિયમ્સે આઠમી વખત સ્પેસવોક કર્યું

(એજન્સી) અમેરિકા તા 17

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે ગુરુવારે સાંજે ભારતીય સમય અનુસાર સાંજે 6.30 વાગ્યે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર સ્પેસવોક શરૂ કર્યું. આ દરમિયાન તેમના અંતરિક્ષ સાથી અવકાશયાત્રી નિક હેગ પણ તેમની સાથે હતા.નાસાએ તેમના સ્પેસવોકના લાઈવ ફૂટેજ શેર કર્યા છે. આ સ્પેસવોકનો હેતુ ન્યુટ્રોન સ્ટાર ઈન્ટીરિયર કમ્પોઝિશન એક્સપ્લોરર (NICER) એક્સ-રે ટેલિસ્કોપને રિપેર કરવાનો છે. આ મિશનનું નામ 'યુએસ સ્પેસવોક-91' છે. આ મિશન સુનિતા વિલિયમ્સની કારકિર્દીનું 8મું સ્પેસવોક છે અને હેગનું ચોથું સ્પેસવોક છે. આ સ્પેસવોક લગભગ 6.5 કલાક સુધી ચાલ્યું હતું.

## મદદ કરવાનું વચન આપ્યું

### પીએમ સ્ટાર્મરની ઝેલેન્સકી સાથે આ સાતમી મુલાકાત હતી

# બ્રિટિશ પીએમએ યુક્રેન સાથે 100 વર્ષના ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) રશિયા તા 17

રશિયા સાથેના લગભગ ત્રણ વર્ષ લાંબા યુદ્ધ માટે યુરોપિયન સમર્થનના ભાગ રૂપે, બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે ગુરુવારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી સાથે 100 વર્ષના ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા. મદદ કરવાનું વચન આપ્યું. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અમેરિકામાં થોડા દિવસોમાં સત્તા પરિવર્તન થવાનું છે. જોકે, કિવમાં થયેલા કરાર દરમિયાન, રશિયા દ્વારા રાષ્ટ્રપતિ મહેલ ઉપર ડ્રોન ઉડાવવામાં આવ્યા હતા. આવતા અઠવાડિયે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કરવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પ આ યુદ્ધની વિરુદ્ધ છે. તેમનું માનવું છે કે યુરોપમાં યુએસ લશ્કરી ભારણ અતિશય છે અને તેઓ કહે છે કે તેમની પાસે બીજા વિશ્વયુદ્ધ પછી ખંડના સૌથી મોટા યુદ્ધનો અંત લાવવાની યોજના છે.



### આગામી 100 વર્ષ સુધી સાથે: સ્ટારમર

'અમે ફક્ત આજે કે કાલે, આ વર્ષે કે આવતા વર્ષે નહીં, પરંતુ આગામી 100 વર્ષ સુધી તમારી સાથે છીએ,' સ્ટાર્મરે કિવની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને કહ્યું. 'આ ભયંકર યુદ્ધ સમાપ્ત થયા પછી, યુક્રેન ફરી એકવાર એક સમૃદ્ધ રાષ્ટ્ર બનશે.' તેમણે એવું પણ વચન આપ્યું હતું કે બ્રિટન યુક્રેનની યુદ્ધ પછીની સુરક્ષાની ખાતરી આપવામાં 'પોતાની ભૂમિકા ભજવશે'. બીજી તરફ, જ્યારે બ્રિટિશ પીએમ સ્ટાર્મર કિવમાં રાષ્ટ્રપતિ મહેલમાં હતા, ત્યારે રશિયાએ આ મુલાકાત પર આકરી પ્રતિક્રિયા આપી અને તેમની ઉપર આકાશમાં ડ્રોન ઉડાડ્યું. સ્ટારમર યુક્રેનના આગામી પગલાં અંગે ચર્ચા કરવા રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળવા ગયા હતા. ગયા જુલાઈમાં ચૂંટણી જીત્યા પછી સર કીરની કિવની આ પહેલી મુલાકાત હતી.

## અમેરિકામાં અમદાવાદી યુવક મોસ્ટ વોન્ટેડ

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકાની FBI એ ભારતીય યુવક પર અમેરિકાએ 2,50,000 ડોલરનું ઈનામ પણ જાહેર કર્યુ છે. સૌથી મોટી વાત એ છે કે આ ભારતીય હવે FBIના મોસ્ટ વોન્ટેડ 10 ભાગેડુની યાદીમાં સામેલ છે. આ યુવક અમદાવાદનો રહેવાસી છે અને પત્ની સાથે અમેરિકામાં રહેતો હતો,અમદાવાદનો રહેવાસી ભદ્રેશકુમાર ચેતનભાઈ પટેલ તેની પત્ની પલક સાથે અમેરિકામાં કોફી શોપમાં કામ કરતો હતો. બંનેનાં લગ્નને થોડા સમય થયા બાદ જ તેઓ અમેરિકા ગયાં હતાં અને વર્ક વિઝા પર હતાં. તપાસમાં જાણવા મળ્યું કે પલકના વિઝાની મુદત તેના મૃત્યુના લગભગ થોડા દિવસો પહેલાં પૂરી થઈ ગઈ હતી. એવું માનવામાં આવે છે કે પલક ભારત પરત ફરવા માગતી હતી, પરંતુ પટેલ તેના વિરુદ્ધમાં હતો અને તેથી તેણે પલકની હત્યા કરી હતી. એફબીઆઈને શંકા છે કે હત્યા બાદ પટેલ કેનેડા અથવા એક્વાડોર ભાગી ગયો છે.

## ટ્રક લઈને વ્હાઈટ હાઉસને ઉડાવી નાખવાનો પ્રયાસ કરનારા ભારતીયને 8 વર્ષની સજા

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકામાં એક ભારતીયને વ્હાઈટ હાઉસ પર હુમલો કરવાનો પ્રયાસ કરવા બદલ આઠ વર્ષની જેલની સજા ફટકારી છે. ગુરુવારે (16મી જાન્યુઆરી) એક અમેરિકાની કોર્ટે સાઈ વર્ષિત કંડુલાને હુમલાનો દોષી ઠેરવ્યો હતો. 20 વર્ષીય સાઈએ 22મી મે 2023ના રોજ આ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, 'આ હુમલાનો ઉદ્દેશ્ય લોકશાહી રીતે ચૂંટાયેલી યુએસ સરકારને ઉથલાવી પાડવાનો હતો જેથી તેની જગ્યાએ નાઝી વિચારધારાથી પ્રેરિત સરમુખત્યારશાહી શાસન આવે.



### જાણો શું છે સમગ્ર મામલો

અહેવાલો અનુસાર, સાઈ કંડુલાએ બાદમાં અમેરિકન સંપત્તિને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા અને તોડફોડ કરવાના આરોપો સ્વીકાર્યા. તે 'ગ્રીન કાર્ડ' ધરાવતો યુનાઈટેડ સ્ટેટ્સનો કાયદેસર કાયમી નિવાસી છે. સાઈ 22મી મે 2023ના રોજ બપોરે સેન્ટ લુઈસ, મિઝોરીથી વોશિંગ્ટન જવા રવાના થયા હતા અને લગભગ 5:20 વાગ્યે ડલ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અહીં તેણે સાંજે 6.30 વાગ્યે એક ટ્રક ભાડે લીધી અને વ્હાઈટ હાઉસ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

વોશિંગ્ટનમાં રાત્રે 9 વાગ્યે સાઈ વર્ષિત કંડુલાએ ટ્રકને વ્હાઈટ હાઉસ અને પ્રેસિડેન્ટ પાર્કને સુરક્ષિત રાખતા બેરિકેડ સાથે અથડાવી દીધી. તેણે ટ્રક ફૂટપાથ પર હંકારી દીધી, જેના કારણે ત્યાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. ઘટનાને અંજામ આપ્યા પછી, સાઈ ટ્રકમાંથી બહાર નીકળીને નાઝી ધ્વજ કાઢ્યો અને તેને લહેરાવ્યો. ન્યાય વિભાગે જણાવ્યું હતું કે 'અમેરિકા પાર્ક પોલીસ અને યુએસ સિક્રેટ સર્વિસના અધિકારીઓએ ઘટનાસ્થળેથી કંડુલાની ધરપકડ કરી હતી અને તેને કસ્ટડીમાં લઈ લીધો હતો.'

## 80 પ્રવાસીઓને સ્પેન લઈ જતી બોટ મોરક્કો નજીક પલટી, 40 પાકિસ્તાનીના મોતથી હડકંપ

(એજન્સી) મોરોક્કો તા 17

પાકિસ્તાને ગુરુવારે જણાવ્યું હતું કે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલી 80 પ્રવાસીઓને લઈ જતી એક બોટ મોરોક્કો નજીક પલટી ગઈ હતી, જેમાં 40 થી વધુ પાકિસ્તાની નાગરિકોના મોત થયા હતા. પ્રવાસી અધિકાર જૂથ વૉકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે બોટ પલટી જતાં 50 થી વધુ લોકો ડૂબી ગયા હતા.

### મોરક્કન અધિકારીઓએ આપી માહિતી

2 જાન્યુઆરીના રોજ મોરિટાનિયાથી નીકળ્યા બાદ 66 પાકિસ્તાનીઓ સહિત 86 પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી ગયા બાદ મોરક્કન અધિકારીઓએ 36 લોકોને બચાવ્યા હતા. વૉકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ X પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા 44 લોકો પાકિસ્તાનના હોવાનું માનવામાં આવે છે.

### પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જાહેર કર્યું નિવેદન

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મોરક્કોમાં તેનું દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. 'રબાત માં અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી રવાના થયેલી 80થી વધુ મુસાફરોને લઈને એક બોટ મોરક્કોના દાખલા બંદર નજીક પલટી ગઈ છે, જેમાં ઘણા પાકિસ્તાની નાગરિકોનો સમાવેશ થાય છે.' હાલમાં પાકિસ્તાનીઓ સહિત ઘણા બચી ગયેલા લોકો દાખલા નજીકના એક કેમ્પમાં આશ્રય મેળવી રહી રહ્યા છે.

## કેનેડામાં નવા નિયમ

### 12 માસના માસ્ટર્સ પ્રોગ્રામ કરતા વિદ્યાર્થીઓ પત્નીને નહીં બોલાવી શકે



(એજન્સી) કેનેડા તા 17

કેનેડાની સરકાર હવે 12 માસના માસ્ટર્સના પ્રોગ્રામમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમની પત્નીને કેનેડા બોલાવી જ ન શકે તેવા નિયમો લાગુ કર્યા છે. આગામી 21મી જાન્યુઆરીથી આ નિયમો લાગુ પડશે. જોકે, 16 માસથી લાંબા ગાળાના માસ્ટર્સના પ્રોગ્રામ સાથે સંકડાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમની પત્નીને કે પછી કાયદાકીય ભાગીદારને જ માત્ર બોલાવી શકશે. તેનાથી ઓછા ગાળાના અભ્યાસક્રમ સાથે સકળાયેલા વિદ્યાર્થિઓને આ લાભ મળશે જ નહીં. ઈમિગ્રેશન, રેફ્યુઝીસ એન્ડ સિટિઝનશીપ કેનેડાએ આ નિર્ણય લીધો છે. અત્યારે તેઓ કેનેડાની કોઈને કોઈ સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ જોગવાઈ લાગુ કરવામાં આવી છે.




### કેનેડા સરકારે સ્ટુડન્ટ વિઝામાં વધુ નિયંત્રણો મૂક્યા

કેનેડાના વિઝાના એક્સપર્ટ પંકજ પટેલના જણાવ્યાનુસાર, 'કેનેડાની સરકારે લાગુ કરેલી આ નવતર જોગવાઈ 16 મહિના કે તેનાથી લાંબા ગાળાના માસ્ટર્સના અભ્યાસક્રમ સાથે જોડાયેલા કે પછી ડૉક્ટરેટની ડિગ્રી માટેના અભ્યાસ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારના સભ્યોને પણ લાગુ પડશે. બાર માસથી ઓછા ગાળાના માસ્ટર્સના પ્રોગ્રામ કરનારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર તેની અવળી અસર પડશે.' અગાઉ માસ્ટર્સની ડિગ્રી મેળવવા માટે 16 માસ કે તેનાથી વધુ સમયગાળાના કાર્યક્રમોની સંખ્યા મર્યાદિત હતી. તેથી જ અરજદારો મુશ્કેલી અનુભવી રહ્યા હતા.

નેચરલ અને એપ્લાઈડ સાયન્સ, કન્સ્ટ્રક્શન, હેલ્થકેર, કુદરતી સ્ત્રોત, શિક્ષણ, રમતગમત, લશ્કરી ક્ષેત્ર સહિતના ક્ષેત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નવી જોગવાઈ લાગુ કરવામાં આવશે. કયા કયા સેક્ટરના વિદ્યાર્થીઓને માટે આ જોગવાઈ લાગુ કરવામાં આવશે તેની યાદી 21મી જાન્યુઆરીએ બહાર પાડવામાં આવશે. ઓપન વર્ક પરમિટ પરિવારના સભ્યે કે પછી કોમન લો પાર્ટનર પૂરતી જ સીમિત થઈ જતી હતી.નવા નિયમ હેઠળ વર્ક પરમિટને પાત્ર બનવા માટે વિદેશીવર્કરની પત્ની અરજી કરે તે તબક્કે તેના પતિની વર્કપરમિટની મંજૂરીના 16 મહિના બાકી હોવા જરૂરી છે. ઓપન વર્ક પરમિટ હેઠળ પતિ-પત્ની પર નિર્ભર બાળકોને હવે પછી ઓપન વર્કપરમિટને પાત્ર ગણવામાં આવશે જ નહીં.

## ચીન પર અમેરિકાના ટેરિફમાં વધારાને કારણે ભારતની નિકાસ ઘટશે

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં આવતાની સાથે જ ચીનની નિકાસ પર ટેરિફ વધારવાની યોજના પર કામ કરી રહ્યા છે. ટ્રમ્પના આ નિર્ણયની ભારત પર નકારાત્મક અસર પડી શકે છે. ક્રેડિટ રેટિંગ એજન્સી ક્રિસિલના રિપોર્ટ અનુસાર, અમેરિકી પ્રતિબંધો બાદ ચીન એશિયન બજારોમાં તેની નિકાસ આક્રમક રીતે વધારી શકે છે. તેના કારણે ભારતીય નિકાસકારોને પ્રાદેશિક અને વૈશ્વિક બજારોમાં ચીન સાથે સ્પર્ધા કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. જેની સીધી અસર ભારતીય નિકાસ પર પડશે. જેના કારણે વૈશ્વિક વેપાર પણ જોખમમાં છે. રિપોર્ટમાં કહ્યું કે હાઈ ટેરિફ અને ચીની અર્થવ્યવસ્થામાં મંદીના કારણે ભારત સહિત દુનિયાના અન્ય દેશોમાં ખાંડ નિકાસ વધવાની આશંકા છે. ટ્રમ્પની ટેરિફ વધારવાની ધમકીનો સામનો કરી રહેલા દેશોમાં ભારત પણ સામેલ છે. ટ્રમ્પે ઘણી વખત ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. ગયા મહિને એક નિવેદનમાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમેરિકા પર જે પણ ટેરિફ લાદશે તેના બદલામાં અમે પણ તે જ ટેરિફ લગાવીશું.ટ્રમ્પે કહ્યું કે ભારત એવા દેશોમાં સામેલ છે જે અમેરિકન સામાન પર સૌથી વધુ ટેરિફ લાદે છે.

## યુદ્ધવિરામ કરારને કારણે ઇઝરાયલી પીએમ નેતન્યાહૂ ઘેરાયા

(એજન્સી) હમાસ તા 17

હમાસ સાથેના યુદ્ધવિરામ કરારને લઈને ઈઝરાયલી પીએમ નેતન્યાહૂ પોતાના જ લોકોથી ઘેરાયેલા છે. ઈઝરાયલના નાણામંત્રી બાદ હવે બીજા એક મંત્રીએ રાજીનામું આપવાની ધમકી આપી છે. તેમણે આ કરારને બેદરકારીભર્યો કરાર ગણાવ્યો છે. આ મંત્રીએ કહ્યું કે જો આ સોદો મંજૂર થશે તો અમારો પક્ષ સરકારમાંથી બહાર થઈ જશે.યુદ્ધવિરામ કરારની જાહેરાત પછી, એવું લાગતું હતું કે હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા 15 મહિનાથી ચાલી રહેલા યુદ્ધનો હવે અંત આવશે પરંતુ આવું થયું નહીં. આ સોદાને લઈને ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પોતાના જ લોકોથી ઘેરાઈ ગયા. ઈઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા પ્રધાન ઈટામાર બેન-ગ્વિરે આ સોદા અંગે પીએમ નેતન્યાહૂને રાજીનામાની ધમકી આપી છે.મંત્રી બેન-ગ્વિરે આ સોદાને બેદરકારીભર્યો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે આ યુદ્ધવિરામ કરાર યુદ્ધની સિદ્ધિઓને નબળી પાડશે. જો આ કરાર મંજૂર થઈ જાય, તો તેમની પાર્ટી ઓટ્ઝમા જ્યુડિટ સરકારમાંથી બહાર થઈ જશે. બેન-ગ્વિરે એક રીતે નેતન્યાહૂ સરકારને સીધી ધમકી આપી છે. જોકે, ગેવિર આવું કરનાર પહેલા મંત્રી નથી, અગાઉ નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે પણ ધમકી આપી હતી.

## 20 વર્ષના યુવકે જીતી 80 કરોડ રૂપિયાની લોટરી

(એજન્સી) બ્રિટન તા 17

બ્રિટનમાં રહેતા જેમ્સે ક્રિસમસ દરમિયાન નેશનલ લોટરીમાં 120 પાઉન્ડ એટલે કે લગભગ 12724 રૂપિયા જીત્યો હતો. તે પૈસાથી ફરી તેણે બીજી લોટરીની ટિકિટો ખરીદી. તેમાથી તેને 75 લાખ પાઉન્ડ એટલે ભારતીય રૂપિયા પ્રમાણે 78.84 કરોડની લોટરી જીતી છે. આ જોઈને 'હેરા ફેરી' ફિલ્મનું એક ગીત યાદ આવે છે કે, 'દેને વાલા જબ ભી દેતા, દેતા છપ્પર ફાડ કે.' એટલે કે, જ્યારે કોઈ વ્યક્તિને ખૂબ પૈસા કે ખુશી મળે ત્યારે આ કહેવતનો ઉપયોગ કરવામાં આવે છે. આવુ જ બ્રિટનમાં રહેતા એક છોકરા સાથે થયુ છે. જેણે લગભગ 80 કરોડ રૂપિયાની લોટરી જીતી છે. પરંતુ રસપ્રદ વાત એ છે, કે લોટરી જીત્યા પછી પણ જેમ્સ ફરીથી મિલકત જાળવણીનું કામ કરવા લાગ્યો. તેણે કહ્યું કે, લોટરી જીત્યા પછી પણ શિયાળામાં ભરાયેલી ગટર સાફ કરવાનું કામ શરૂ કરી દીધુ. તેણે કહ્યું કે, 'હું મારુ આ કામ કરવાનું બંધ નહીં કરું. અને સાથે સાથે મારા અભ્યાસમાં પણ ધ્યાન આપીશ. હું હજુ ખૂબ નાનો છું.'

# સ્પેસએક્સના સ્ટારશિપ પરીક્ષણમાં નિષ્ફળતા

### આ સ્ટારશિપ રોકેટ આકાશમાં વિસ્ફોટ થયો, જેના કારણે બધો કાટમાળ વિખેરાઈ ગયો



ગુરુવારે તેના સ્ટારશિપ રોકેટની સાતમી પરીક્ષણ ઉડાન શરૂ કરી. બધા એનાથી ખુશ હતા. પરંતુ આ

**ગુરુવારે લોન્ચ થયાની થોડી મિનિટો પછી એલોન મસ્કની કંપની સ્પેસએક્સનું નવું સ્ટારશિપ પ્રોટોટાઇપ અવકાશમાં નિષ્ફળ**

(એજન્સી) અમેરિકા તા 17

એલોન મસ્કની કંપની સ્પેસએક્સે ગુરુવારે તેના સ્ટારશિપ રોકેટની સાતમી પરીક્ષણ ઉડાન શરૂ કરી. જે સંપૂર્ણપણે સફળ થઈ શક્યું નહીં. આ સ્ટારશિપ રોકેટ આકાશમાં વિસ્ફોટ થયો, જેના કારણે બધો કાટમાળ વિખેરાઈ ગયો. એલોન મસ્કે એક વીડિયો પણ શેર કર્યો છે. અમેરિકન ઉદ્યોગપતિ એલોન મસ્ક તેમની કંપની સ્પેસએક્સ સાથે લાંબા સમયથી અવકાશ પર કામ કરી રહ્યા છે. તેમની કંપની સ્પેસએક્સે લોન્ચ પછી, સ્ટારશિપ રોકેટ બૂસ્ટરમાં જોરદાર વિસ્ફોટ થયો. સ્પેસએક્સે પુષ્ટિ આપી કે રોકેટ સાથે તેમનો સંપર્ક તૂટી ગયો છે. જેના કારણે આ આખો સ્ટારશિપ કાર્યક્રમ નિષ્ફળ ગયો છે.

■ **કંપનીનું નિવેદન બહાર આવ્યું :** સ્પેસએક્સે જણાવ્યું હતું કે ટેક્સાસના બોકા ચિકાથી ટેકઓફ કર્યા પછી તરત જ અવકાશયાનના છ એન્જિન એક પછી એક બંધ થઈ ગયા. લોન્ચ થયાના માત્ર 8 1/2 મિનિટ પછી અવકાશયાનનો સંપર્ક તૂટી ગયો. આ ઘટના ત્યારે બની જ્યારે રોકેટનું સુપર હેવી બૂસ્ટર અવકાશયાનથી અલગ થવા લાગ્યું અને તેનો કાટમાળ આકાશમાં વિખેરાઈ ગયો.

■ **સ્ટારશિપ રોકેટના કાટમાળને કારણે ફ્લાઈટ્સમાં વિલંબ:** સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટમાં વિસ્ફોટ થવાને કારણે ફ્લોરિડામાં ફ્લાઈટ્સમાં વિલંબ થઈ રહ્યો છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન કહે છે કે ફ્લાઈટ્સ સરેરાશ એક કલાક મોડી પડી રહી છે. આ ઉપરાંત, આ કાટમાળને કારણે ઘણા વિમાનોને તેમના રૂટ બદલવા પડ્યા અને ઘણાને રોકવા પડ્યા.

NEWS BRIEF

## મહેશ વસાવાએ પીએમને પત્ર લખી અલગ ભીલીસ્તાન રાજ્યની માંગ કરી

ભરત શાહ | નર્મદા



ભીલીસ્થાન વિકાસ મોરચા અને ભીલીસ્થાન ટાઈગર સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનની સરકાર પાસે અલગ ભીલીસ્તાન રાજ્યની માંગણી સાથે રાજ્યપાલ અને મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. પશ્ચિમ ભારતના ચાર રાજ્યોના આદિવાસી સમુદાય વસવાટ કરે છે.જે આદિવાસી સમુદાયના સંપૂર્ણ વિકાસ અને વિવિધ બોલીઓ અને સાંસ્કૃતિક ઓળખ ટકી રહે તે માટે એક રાજ્યની રચનાની માંગ કરવામાં આવી છે. ઉપરાંત પશ્ચિમ ભારતના ચાર રાજ્યોના આદિવાસી સમુદાયો અપૂરતા વિકાસ અને રાજકીય તેમજ નીતિગત નિર્ણયોમાં ઉપેક્ષા સામે વિરોધ કરી રહ્યા છે.છેલ્લા 15 વર્ષથી ભીલિસ્તાન વિકાસ મોરચાના બેનર હેઠળ શિસ્તબદ્ધ આંદોલન કરવામાં આવી રહ્યા છે.સાથે સમયાંતરે મહામહિમ રાષ્ટ્રપતિને રજૂઆત કરવામાં આવી રહી છે.ત્યારે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ઉત્તરાખંડ, ઝારખંડ, છત્તીસગઢનું નિર્માણ કર્યું હતું તેવી જ રીતે ભીલીસ્થાનને અલગ રાજ્ય જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે.

## દાંતા જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

માહિતી બ્યુરો | પાલનપુર

આગામી ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ દેશભરમાં ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે. બનાસકાંઠાના દાંતા તાલુકાના જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી,સભાખંડ પાલનપુર ખાતે પ્રજાસત્તાક દિનના સુચારુ આયોજનને લઈને સબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલએ જણાવ્યું કે, જિલ્લામાં પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમની ગરીમાભેર ઉજવણી થાય તે માટે તમામ તૈયારીઓ કરવામાં આવશે. જેમાં શિક્ષણ, આરોગ્ય, વન વિભાગ, ડિઝાસ્ટર, ટ્રાઈબલ, ડી.આર.ડી.એ, આઈ.સી.ડી.એસ વગેરે વિભાગો દ્વારા ટેબ્લો રજૂ કરશે. આ સાથે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાશે, તથા વિશિષ્ટ સિદ્ધિઓ મેળવેલ નાગરિકો તથા અધિકારી/કર્મચારીઓને પ્રશસ્તિપત્ર પણ એનાયત કરવામાં આવશે. કાર્યક્રમમાં પોલીસ પરેડ, એન.સી.સી સ્કાઉટ સહિતના કાર્યક્રમ યોજાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, અધિક કલેક્ટરશ્રી સી.પી.પટેલ, સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ સહિત સબંધિત અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

## વર્ષથી પ્રોહી. તથા રાયોટીગના બે ગુનાના ભાગેડુ આરોપીને ઝડપી પાડતી LCB, નર્મદા

ભરત શાહ | નર્મદા



લોકેશ યાદવ, ઈ/ચા પોલીસ અધિક્ષક, નર્મદા નાઓએ નર્મદા જીલ્લાના તમામ પો.સ્ટે. વિસ્તારમાં દાખલ થયેલ ગુનાઓના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સૂચના આધારે ઈ/ચા પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી., વાય એસ સિરસાઠ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મેળવી ગરૂડેશ્વર પો.સ્ટે. માં રાયોટીંગનો ગુનો તથા ગરૂડેશ્વર પો.સ્ટે ના પ્રોહીબિશનનાં ગુના માં છેલ્લા એક વર્ષ થી નાસતો ફરતો દિનેશભાઈ જાગા વસાવે ઉ.વ.૨૮ રહે.અટ્ટી તા.ધડગાવ જી નંદુરબાર (મહારાષ્ટ્ર) નાને પુણે જીલ્લાના વલણે ગામ તા. મુલસી ખાતે થી પકડી પાડી કાયદેસર કાર્યવાહી માટે ગરૂડેશ્વર પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

## ખેલ મહાકુંભ -3.0 અંતર્ગત લોન ટેનિસ રમતમાં લીમખેડા તાલુકાનું ગૌરવ

દિપક રાવલ | દાહોદ લીમખેડા



ખેલ મહાકુંભ -3.0 અંતર્ગત જિલ્લા કક્ષાએ યોજાયેલ U -14 લોન ટેનિસ રમતમાં લીમખેડા તાલુકામાં આવેલાં અગારા(ઉ) પગાર કેન્દ્ર શાળાની વિદ્યાર્થીની લક્ષ્મીબેન રાવત સમગ્ર દાહોદ જિલ્લામાં પ્રથમ ક્રમાંકે તથા દિવ્યાબેન વહોનીયાએ ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો,સાથે સાથે U -17 માં દિવ્યાબેન બારીઆએ બીજો ક્રમાંક પ્રાપ્ત કરી સમગ્ર દાહોદ જિલ્લામાં લીમખેડા તાલુકાનું પોતાની અગારા(ઉ) પ્રાથમિક શાળાનું નામ રોશન કરવા બદલ વિજેતા સ્પર્ધકોને તથા તેમને તૈયાર કરનાર કોચને સમગ્ર શિક્ષક સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## શક્તિ સંવર્ધન 24 કુંડી ગાયત્રી મહાયજ્ઞ વેડ ધાનપુર માટે ભૂમિપૂજન કાર્યક્રમ સંપન્ન થયો

દિપક રાવલ | દાહોદ લીમખેડા



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર ના માર્ગદર્શનમાં ધાનપુર તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા આગામી તારીખ-22 જાન્યુઆરી થી 24 જાન્યુઆરી 2025 દરમિયાન વેડ બુનિયાદી પ્રાથમિક શાળા ખાતે સંપન્ન થનાર શક્તિ સંવર્ધન 24 કુંડી ગાયત્રી મહાયજ્ઞ માટે યજ્ઞશાળા નિર્માણ હેતુ તારીખ -15 જાન્યુઆરીના રોજ ભૂમિ પૂજન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
જેમાં આસપાસના ગામના સરપંચશ્રીઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, આગેવાનો, ગ્રામજનો,મોટી સંખ્યામાં હાજર રહ્યા.કાર્યક્રમનું સંચાલન ગાયત્રી પરિવાર લીમખેડા ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.
શક્તિ સંવર્ધન 24 કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં 22 જાન્યુઆરીના રોજ ભવ્ય કળશ યાત્રા, 23 જાન્યુઆરીનાં રોજ દેવ પૂજન, વિભિન્ન સંસ્કારો, મંત્ર દીક્ષા સાથે ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થશે.24 જાન્યુઆરીના રોજ ગાયત્રી યજ્ઞ,ગર્ભોત્સવ સંસ્કાર સાથે ગાયત્રી મહાયજ્ઞની પૂર્ણાહુતિ થશે.

### જાફરાબાદના ટીંબી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલના

## વિદ્યાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો અને માર્ગદર્શન અપાયું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ટીંબી ગામે પ્રગતિશીલ ખેડૂત ઘનશ્યામભાઈ ભાલાળા નુ શ્રીજી પ્રાકૃતિક ફાર્મ ની મુલાકાતે ટીંબી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ના વિદ્યાર્થી ઓ જાફરાબાદ તાલુકાના ટીંબી મુકામે હાઈસ્કૂલના વિદ્યાર્થી ઓને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિનું મહત્વ વિષયક નિષ્ણાંતો C.S.P.C.જાફરાબાદ તાલુકાના સંસ્થા ના એગ્રીકલ્ચર ભીખુભાઈ ગજેરા.અને ઘનશ્યામભાઈ ભાલાળા દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પ્રાકૃતિક કૃષિના મહત્વના ઘટકરુપ જીવામૃત, ઘન જીવામૃત, અચ્છાદાન, મિશ્ર પાક પદ્ધતિ ઉપરાંત પ્રાકૃતિક કૃષિના ફાયદા સહિત વગેરે ઉપરાંત રોગ નિયંત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, આગ્નિસ્ત્રની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લાના અનેક પ્રગતિશીલ ખેડૂતો હવે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, જેમાં ખેડૂતો બાગાયતી પાકોનું પણ વાવેતર કરી રહ્યા છે.

### સાત વાહનો મળી આશરે કુલ 1.50 કરોડનો મુદ્દામાલ જપ્ત

## ગાંધીનગર કલેક્ટર તથા ભૂસ્તર તંત્રની સતર્કતાથી ભૂમાફિયાઓને વધુ એક ઝટકો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



કલેક્ટર, ગાંધીનગર મેહુલ કે.દવેના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુંની ક્ષેત્રીય ટીમ દ્વારા ગત અઠવાડિયા દરમ્યાન વાહન ચેકીંગની કામગીરીમાં સાદીરેતી તથા સાદીમાટી ખનિજના બિનઅધિકૃત વહન કરતા કુલ ૦૭ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ મોડી રાત્રે ૧૨:૪૦ કલાકે ચેકિંગ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ખાતેના સુપર સીટી સર્કલ પાસેથી કુલ ૦૪ ડમ્પરો પકડવામાં આવ્યા છે.જે અંતર્ગત ડમ્પર નં. GJ-21-V-7078 , ડમ્પર નં. GJ-38-TA-4232 અને ડમ્પર નં. GJ-01-FT-9313, ડમ્પર નં. GJ-38-T6501 દ્વારા સાદીરેતી ખનિજના રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતાં પકડવામાં આવ્યા છે,તથા તા.૧૩/૦૧/૨૦૨૫ ના રોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલસાણા ખાતેના જાસપુર-કલોલ રોડથી ડમ્પર નં.AS-02DC-7243 માં સાદીરેતી ખનિજનુ રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા તથા ગાંધીનગર તાલુકાના ધોળાકુવ ખાતેના ધોળાકુવા સર્કલથી ડમ્પર નં. GJ-24-X4395 માં સાદીરેતી ખનિજનુ રોયલ્ટી પાસ કરતા વધુ બિનઅધિકૃત ઓવરલોડ વહન અને તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ગાંધીનગર તાલુકાના પીડારડા ખાતે થી વાહન ડમ્પર નં. GJ-13-AW-6826 માં સાદીમાટી ખનિજનુ રોયલ્ટી પાસ કરતા વધુ બિનઅધિકૃત ઓવરલોડ વહન કરતા પકડાયેલ છે. આમ, કુલ ૦૭ વાહનો મળી આશરે કુલ ૧.૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત કરેલ વાહનોના વાહનમાલિકો વિરૂધ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનીંગ,ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટર મેહુલ કે. દવે દ્વારા સતત માર્ગદર્શન તથા તેમના વિશેષ પ્રયત્નો થકી જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવાના સઘન પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે ગત અઠવાડિયામાં કુલ સાત વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. તંત્રની આ કામગીરીથી એ સ્પષ્ટ છે કે જ્યાં સુધી ખનીજ ચોરી અટકશે નહીં ત્યાં સુધી તંત્રની ટીમ ભૂમાફિયાઓ સામે બાંયો ચઢાવી તેમને રોકવા સજ્જ છે.

### ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા

## 18મીએ સુરતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી અને ઈન્ટર યુથ એવોર્ડ સમારોહ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપ તથા ગુજરાત માનવાધિકાર પંચ દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે ઈન્ડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ ખાતે 'નેશનલ યુથ ડે સેલિબ્રેશન એન્ડ ઈન્ટર યુથ એવોર્ડ સેરેમની' યોજાશે, જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ઓડિશાના નિવૃત્ત ચીફ જસ્ટીસ કે.એસ.ઝવેરી અને ગુજરાત રાજ્ય માનવાધિકાર પંચના ચેરમેન કે.જે.ઠાકર, શક્તિમાન સિરિયલથી પ્રખ્યાત થયેલા મુકેશ ખન્ના પણ વિશેષ ઉપસ્થિત રહેશે. ઓડિશા હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસ અને ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપના પ્રેસિડેન્ટ ઈન ચીફ કે.એસ.ઝવેરીએ સુરત સર્કીટ હાઉસ ખાતે મીડિયા સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર, પ્રામાણિકતા, સેવાભાવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રસેવાના ગુણો વિકસે તેમજ માનવાધિકારો વિષે બાળકો જાગૃત્ત થાય એ માટે સુરત ખાતે ૭૦૦૦ બાળકોની ઉપસ્થિતિમાં સમારોહ યોજાશે. દેશના ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ તેમજ શ્રીલંકાથી ૨ અને મલેશિયાથી ૧ સ્કાઉટસ ઉપસ્થિત રહેશે. સાથોસાથ સ્કાઉટીંગ થકી સમાજને ઉપયોગી થનાર અને શ્રેષ્ઠ યોગદાન આપનાર યુવાનોને સન્માનિત કરાશે. સ્કાઉટ & ગાઈડ પ્રવૃત્તિ દ્વારા બાળકના ચારિત્ર્યનું ઘડતર કરીને સારા નાગરિક બનાવવાનો મુખ્ય હેતુ છે. સ્કાઉટીંગ વિષે સમજ આપતા તેમણે કહ્યું કે, બાળકો નાનપણથી જ વિકટ સ્થિતિ, કુદરતી કે માનવસર્જિત આપત્તિઓમાં મદદરૂપ થઈ શકે, મુશ્કેલીઓનું સમાધાન શોધી શકે એ માટે વિશ્વના ૨૧૮ દેશોમાં સ્કાઉટ & ગાઈડ સંસ્થાઓ કાર્યરત છે. આ પ્રવૃત્તિમાં દેશના ૪૬ સરકારી-ખાનગી એસોસિએશનો-એજન્સીઓ તેમજ ગુજરાતના ૨૭ જિલ્લા જોડાયેલા છે. આ પ્રકારના સમારોહ છેલ્લા ૧૫ વર્ષથી યોજવામાં આવે છે. પ્રેસ કોન્ફરન્સમાં ઈન્ડિયન સ્કાઉટ & ગાઈડ ફેલોશીપના ગુજરાત સ્ટેટ ચીફ કમિશનર સવિતાબેન પટેલ, રજિસ્ટ્રાર ટી.વી. જોશી, એક્ઝીક્યુટીવ પ્રેસિડેન્ટ મેકી અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ખાતે આયોજીત

## 'ગ્લોબલ હેલ્થ - ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ' કાર્યક્રમમાં આરોગ્યમંત્રી ઉપસ્થિતિ રહ્યા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ





અમદાવાદ સિવિલ મેડિસીટીની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે 'ગ્લોબલ હેલ્થ - ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ' વિષય પર આયોજિત કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'હોલિસ્ટિક અને અફોર્ડેબલ હેલ્થકેર ફોર ઓલ' ની સંકલ્પ પૂર્તિ માટે ગુજરાત સંકલ્પબધ્ધ છે. 'ગ્લોબલ હેલ્થ - ટ્રાન્સફોર્મિંગ લાઈવ્સ બિયોન્ડ હોરાઈઝન્સ'ના પ્લેટફોર્મ થકી આજે દેશ અને વિશ્વના વિવિધ પબ્લિક તેમજ કોર્પોરેટ હોસ્પિટલના એમ્બેસેડર તેમજ ફોરેન ડેલિગેટ્સ એક મંચ પર ઉપસ્થિત થયા છે ત્યારે આરોગ્ય ક્ષેત્રને લઈને થયેલી ચર્ચા નવીન ઉકેલોનો માર્ગ સરળ બનાવશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.
ભારત અને ગુજરાતના મેડિકલ ટુરિઝમ અંગે વાત કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે, આજે ભારત અને એમાંય ગુજરાત રાજ્ય ઝડપથી મેડિકલ ટુરિઝમના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. વર્ષ ૨૦૨૨માં ભારતનો મેડિકલ ટુરિઝમ ક્ષેત્ર $9 બિલિયનનો હોવાનો અંદાજ હતો, જેમાં દર વર્ષે ૭૮ દેશોમાંથી આશરે ૨૦ લાખ દર્દીઓ તબીબી, સુખાકારી અને IVF સારવાર માટે ભારતમાં આવ્યા છે. આ ઉપરાંત ગુજરાત અને એમાંય ખાસ કરીને અમદાવાદ મેડિકલ ટુરિઝમ માટે એક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે, જે સસ્તા દરે ગુણવત્તાયુક્ત તબીબી સારવાર પ્રદાન કરે છે. આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, ભારતમાં મોટાભાગના તબીબી પ્રવાસીઓ દક્ષિણપૂર્વ એશિયા, મધ્ય પૂર્વ, આફ્રિકા અને સાર્ક પ્રદેશમાંથી આવે છે. આ ઉપરાંત અમેરિકા, આફ્રિકા અને યુકેના દર્દીઓ તબીબી સારવાર માટે ભારત આવે છે, જેમાં હૃદય રોગ, ઓર્થોપેડિક રોગો અને જઠરાંત્રિય રોગોનો સમાવેશ થાય છે. ગુજરાતના મેડિકલ ટુરીઝમ અંગે વાત કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ગુજરાતનો મેડિકલ ટુરીઝમ ઉદ્યોગ વાર્ષિક ૩૦ ટકાના દરે વિકાસ પામી રહ્યો છે.

## નવી દિલ્હીથી મનોજ મુથાથીલ ઐયપનએ મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની મુલાકાત લીધી

દિપક રાવલ | દાહોદ લીમખેડા



સંયુક્ત સચિવ, નાણાં વિભાગ, નવી દિલ્હીથી શ્રી મનોજ મુથાથીલ ઐયપન મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની મુલાકાતે આવ્યા હતા. સેવા સદન કલેકટર કચેરી દાહોદ ખાતે જીલ્લાની તમામ બેન્કો તથા સરકારી કચેરીના વડા સાથે યોજાયેલ બેઠક દરમ્યાન મહત્વકાંક્ષી દાહોદ જીલ્લાની કામગીરીનુ પરિક્ષણ તથા રીવ્યુ કરવામાં આવ્યુ હતુ. સરકારશ્રીની વિવિધ પ્રકારના ધિરાણ - યોજનાઓના લાભ લાભાર્થીઓને સમયસર આપવા માટે અનુરોધ કર્યો હતો. આ મીટીંગમા સંયુક્ત સચિવશ્રી મનોજ મુથાથીલ ઐયપન, કલેકટરશ્રી યોગેશ નિરગુડે, બેન્ક ઓફ બરોડાના રીજનલ મેનેજરશ્રી રામ નરેશ યાદવ, લીડ બેન્ક મેનેજરશ્રી જીજ્ઞેશ પરમાર, શ્રી હરસીત સોની, મુખ્ય પ્રબંધક, બેન્ક ઓફ બરોડા ઝોન, શ્રી રાહુલ બંગર ડીડીએમ નાબૉડ, નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. ગોસાઇ, શ્રી સુકુમાર ભુરીયા ડીએલએમ, ડીઆરડીએ દાહોદ સહિત તમામ બેન્ક મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. સંયુક્ત સચિવશ્રી મનોજ મુથાથીલ ઐયપનએ ગરબાડા તાલુકાની મુલાકાત લીધી હતી તથા મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો અને ગ્રામજનોને સમ્બોધીને નાણાંકીય સાક્ષરતાનો સંદેશો આપ્યો હતો.

## ભુજના વેકરીયાના રણમાં અશ્વ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું



મહેશ સોની | નખત્રાણા

ભુજ અશ્વ પાલક ગ્રુપ દ્વારા કચ્છના વેકરીયાના રણમાં અશ્વ હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છી સિંધી ઘોડાને માન્યતા મળ્યા પછી ભારતના જુદા જુદા રાજ્યોમાંથી લોકો અહીં ભાગ લે છે.જેમાં મહારાષ્ટ્ર, બિહાર,રાજસ્થાન, યુપી, મધ્યપ્રદેશ, ગુજરાત સહિતના ઘોડેસવારો અને પાલકો દ્વારા હરીફાઈમાં ભાગ લેવામાં આવ્યો હતો. ઘોડાઓની કુલ 6 હરીફાઈઓમાં અંદાજે 150થી વધુ ઘોડે સવારોએ ભાગ લીધો હતો. મહારાષ્ટ્રના ખાઘરીયા નસલના ઘોડાએ મોટી રેવાલ રેસ જીતીને ચેમ્પિયનનો ખિતાબ જીત્યો હતો. વેકરીયાના રણમાં ઘોડા દોડ યોજાઈ સામાન્ય રીતે રણમાં ઊંટ જ ચાલતા હોય છે તેવું સાંભળ્યું છે પરંતુ કચ્છના વેકરીયાના રણમાં ઘોડા દોડ યોજાઈ હતી. કચ્છી સિંધી ઘોડાની માન્યતા પછી કચ્છના રણમાં અશ્વ હરીફાઈ પણ યોજાતી હોય છે ત્યારે ભારતભરમાંથી મોટી સંખ્યામાં લોકો અહીં ઘોડા હરીફાઈમાં જોડાયા હતા. ભારતમાં ઘોડાની માન્યતા પ્રાપ્ત હોય એવી 7 નસલ છે જેમાં 7મી નસલ તરીકે માન્યતા પ્રાપ્ત કચ્છી સિંધી ઘોડાની નસલ છે.આ ઘોડાઓ અલગ અલગ રાજ્યમાં જઈ અને ત્યાં ટ્રેનિંગ લેતા હોય છે. જુદી જુદી કેટેગરીની કુલ 6 હરીફાઈ યોજાઈ કચ્છના વેકરિયાના રણમાં ભુજ અશ્વપાલક ગ્રુપ દ્વારા આયોજિત આ હરીફાઈમાં ઘણા રાજ્યોનાં લોકો ભાગ લેતા હોય છે. જેમાં કચ્છ ઉપરાંત અન્ય વિસ્તારના કચ્છી સિંધી અશ્વપાલકો વિવિધ હરીફાઈઓમાં ભાગ લીધો હતો જેમાં ૩-૩ કિલોમીટરની ૨ અને કુલ [illegible]

## AMCની નવી યોજના: આ ત્રણેય બાબતોનું પાલન કરનારને 10% ટેક્સ રિબેટ મળશે!

(એજન્સી) અમદાવાદ | તા.17



**પ્રદૂષણ ઘટાડવા માટે AMCની નવી યોજના**
અગાસીમાં બગીચો, પર્કોલેટિંગ વેલ હશે તો ટેક્સ લાભ
1 કિલો વોટની સોલાર પેનલ હશે તેને પણ થશે લાભ
આ ત્રણેય બાબતોનું પાલન કરનારને 10% ટેક્સ રિબેટ
અગાઉ AMCએ 2 મહિના પૂરતી યોજના શરૂ કરી હતી
હવે આખા નાણાંકીય વર્ષ માટે યોજનાનો લાભ મળશે

અમદાવાદમાં વધતા જતા શહેરીકરણ સાથે પ્રદુષણ પણ સમાંતર રીતે વધી રહ્યું છે. સરકાર દ્વારા પ્રદુષણને ઘટાડવા માટે અવારનવાર કોઈને કોઈ પગલા લેવાતા હોય છે એવામાં અમદાવાદ શહેરનું પ્રદુષણ ઘટાડવા માટે AMC નવી યોજના લાવી રહી છે જેનો રેવન્યુ કમિટીમાં નિર્ણય લેવાયો છે.

AMCની આ યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં રહેતા સ્થાનિકોમાં જેના ઘર પર ધાબે બગીચો, પર્કોલેતિંગ વેલ, અને 1 કિલો વોટનું સોલાર લાગેલું હશે તેને ટેક્ષ રીબેટ મળશે. આ ત્રણેય બાબતોનું પાલન કરનાર નાગરિકોને ટેક્ષમાં 10% રિબેટ આપવામાં આવશે. આ અગાઉ AMC દ્વારા માત્ર 2 મહિના પૂરતી યોજના શરૂ કરવામાં આવી હતી.

આ દરમિયાન બે મહિનામાં 37 અરજીઓ આવી હતી જેમાંથી 1 અરજીને માન્ય રાખવામાં આવી હતી. પરંતુ હવે નાગરિકોને સમગ્ર ચાલુ નાણાકીય વર્ષ માટે યોજનાનો લાભ મળશે. ફ્લેટ તેમજ હાઈ રાઈસ ઈમારતોમાં આ ત્રણેય બાબતોનું પાલન કરવું મુશ્કેલ છે તેથી આવા એકમોના રહીશોને પણ લાભ મળે તે માટે આગમી દિવસમાં જરૂરી વિચારણા કરવા નિર્ણય કરાયો છે.

## પાંજરાપોળ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજનો માર્ગ મોકળો

અમદાવાદના પાંજરપોળ જંકશન પર બની રહેલા ઓવર બ્રિજની વિરુદ્ધમાં હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીનો કોર્ટ દ્વારા આજે નિકાલ કરાતાં બ્રિજનો માર્ગ મોકળો થયો છે. 1.50 લાખ લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. પાંજરાપોળ જંકશન પર ઓવરબ્રિજ બનાવવા મુદ્દે હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજી પર હાઈકોર્ટે સુનાવણી પૂર્ણ કરતાં ચુકાદો અનામત રાખ્યો હતો. એની પર કોર્ટે આજે ચુકાદો આપતાં જાહેરહિતની અરજી નકારી દીધી છે, પાંજરાપોળ જંકશન પર ઓવર બ્રિજ બનાવવા માટે AMC અને રણજિત કન્સ્ટ્રક્શનને હાઈકોર્ટ તરફથી કોઈ નકારાત્મક હુકમ મળ્યો નથી.

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**
**SCADA સિસ્ટમનું અપગ્રેડેશન**
ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/18 તા. 16.01.2025; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2024-25-18. (i) કામનું નામ: રાજકોટ ડિવિઝનના હાલના SCADA સિસ્ટમમાં સાઇબર સુરક્ષાની જોગવાઈના સંબંધમાં SCADA સિસ્ટમનું અપગ્રેડેશન. (ii) અંદાજિત ખર્ચ: ₹ 2,29,03,110/- (iii) અર્નેસ્ટ મની: ₹ 2,64,500/- (iv) ઓનલાઇન અરજી માટેની તારીખ અને સમય: તા. 13.02.2025 ના 15:00 કલાક સુધી.
અમને લાઇક કરો: facebook.com/WesternRly 152

**નામ બદલેલ છે**
મારું જૂનું નામ પહેલા
**ભુમિકકુમાર ધીરૂભાઈ પટેલ**
હતું, જે બદલીને નવું નામ
**ભૌમિકભાઈ ધીરૂભાઈ પટેલ**
રાખવામાં આવેલ છે. જેની સર્વે નોંધ લેવી
**લિ. :- ભૌમિકભાઈ ધીરૂભાઈ પટેલ**
**સરનામું :-** ૧૪૫, પટેલ ખડકી, વડદલા તા.મહેમદાબાદ, ખેડા-૩૮૭૧૩૦

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**
**પાવર સપ્લાય ની વ્યવસ્થા**
નં. DRM/EL/BVP/2024-25/09 તારીખ: 15/01/2025; ડિવિઝનલ રેલવે મેનેજર (EL.) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે: અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. BVP-EL-P-12-2024-25; કામનું નામ: ભાવનગર – કોચિંગ ડીપો ખાતે 750 V પાવર સપ્લાય ની વ્યવસ્થા. ટેન્ડર મૂલ્ય: ₹ 8872766.00/- ઈએમડી: ₹ 177500.00/- બિડીંગ પ્રારંભની તારીખ: તા. 29/01/2025; બિડીંગ બંધ થવાની તારીખ: તા. 12/02/2025; એનઆઈટી રેલવે વેબસાઈટ: www.ireps.gov.in પર તા. 16/01/2025 ના રોજ અપલોડ કરેલ છે.
અમને લાઇક કરો: facebook.com/WesternRly 179

**ઈ-ઓક્શન નોટિસ**
ઈ-હરાજી ફોર્મ્સ રસ ધરાવતા ખરીદદારો પાસેથી પાણીના ક્ષતિગ્રસ્ત/ભંગી ગયેલા માલના વિવિધ કદના વિવિધ પ્રકારના મેટલ શીટ (અંદાજે વજન 132 ટન) અને વિવિધ પ્રકારના પાણીના નુકસાન થયેલા/શીટ મેટલના ભાગો (અંદાજે વજન 32 ટન) ના નિકાલ માટે આમંત્રિત કરવામાં આવે છે. મેસર્સ જેબીએમ ઓટો લિમિટેડ સેલ્વેજના મેસર્સ JBM ઓટો લિમિટેડ, પ્લોટ નંબર B-2, સર્વે નંબર 1, ટાટા મોટર વેન્ડર પાર્ક, સાણંદ, અમદાવાદ શ્રી આશા નારાયણ, સીનિયર મેનેજર (મોબાઈલ : 9033002834) અથવા શ્રી દલવીર, સીનિયર મેનેજર (મોબાઈલ નંબર 7943783088), પાસેથી અગાઉની એપોઈન્ટમેન્ટ લીધા પછી 18/01/25 થી 27/01/25 વચ્ચે પ્લાન્ટના આધારે 'જ્યાં છે તેમ' મેસર્સ ખાતે તપાસ કરી શકાય છે. ઈ-ઓક્શન 28-01-2025ના રોજ યોજાશે. ઈ-ઓક્શન ફોર્મ માટે શ્રી નીરજ સદાના મોબાઈલ પર સંપર્ક કરો:- 8434340000.
**ઈ-ઓક્શન ઈન્સાઈટ પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનિયર્સ).**
સરનામું :- 148, શેરી નંબર 11, ભાખરા એન્કલેવ, ગુરૂદ્વારા સાહેબ માલોમાજરા પાસે, તહેસીલ અને જિલ્લા પટિયાલા, પંજાબ - 147001 અથવા વધુ વિગતો માટે અમને ઈમેઈલ કરો - info@eauctionbharat.com.ઈ-ઓક્શનની સબમિશન કરવાની છેલ્લી તારીખ છે 28-01-2025 ના રોજ સાંજે 05:00 વાગ્યા પહેલાં.

સિટી એક્સપ્રેસ
SATURDAY 18 JANUARY-2025
AHMEDABAD

## 60ની વયે પહોંચેલા દંપતીના છૂટાછેડા!

અમદાવાદ | શહેરમાં એક છૂટાછેડાનો વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. 60ની વયે પહોંચેલા દંપતી 22 વર્ષની કાનૂની લડત લડ્યા બાદ છૂટા પડ્યા છે. દંપતીને સંતાનમાં 40 વર્ષનો એક દીકરો પણ છે. ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદ ફેમિલી કોર્ટના હુકમથી નારાજ પતિ હાઈકોર્ટ પહોંચ્યો હતો. તેને વર્ષ 2003માં અમદાવાદ ફેમિલી કોર્ટમાં કરેલ છૂટાછેડાની અરજી કરી હતી. જેને નકારી દેવામાં આવી હતી. પતિ પત્નીના લગ્ન વર્ષ 1982માં થયા હતા. જેમાં વર્ષ 1984માં તેમને ત્યાં બાળકનો જન્મ પણ થયો હતો.

## મહાકુંભ : રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા હેલ્પલાઇન નંબર

ભારતનો સૌથી ભવ્ય આધ્યાત્મિક મેળો એટલે કુંભનો મેળો. પૂર્ણ કુંભ મેળો દર ૧૨ વર્ષે આયોજિત થાય છે. ગુજરાતમાંથી લાખો ભાવિકો મહાકુંભ-૨૦૨૫માં સહભાગી થવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ જઈ રહ્યાં છે. ગુજરાતના શ્રદ્ધાળુઓને ત્યાં તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રયાગરાજ ખાતે તા. ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી 'ગુજરાત પેવિલિયન' બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ગુજરાત પ્રવાસન નિગમ દ્વાર ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ જાહેર કરાયો છે.



### રસ્તા કરાય છે પહોળા, ગેરકાયદેસર મકાનો તોડી પડાશે

# અમદાવાદના જુહાપુરામાં AMCની બીક

### 10 થી 12 દુકાનદારોએ સ્વૈચ્છિક તોડયા ગેરકાયદેસર બાંધકામ

(એજન્સી) અમદાવાદ | તા.17

નારોલ-સરખેજ વચ્ચે બ્રિજ માટે જુહાપુરામાં ગેરકાયદેસર બાંધકામની તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે,સર્વિસ રોડ પહોળો કરવા માટે જુહાપુરામાં બાંધકામ તોડવાનું શરૂ કરવામાં આવ્યું છે,તો કેટલાક દુકાનદારો 10 થી 12 જેટલી દુકાનો સ્વેચ્છિક તોડી રહ્યા છે જુહાપુરા ચાર રસ્તાથી સોનલ ચાર રસ્તા સુધીનો રોડ પહોળો કરવાનો છે તેને લઈને 1100 મીટરના પટ્ટામાં અંદાજે 200થી પણ વધુ કોમર્શિયલ અને 80 થી વધુ મકાનોને તોડી પાડવામાં આવી રહ્યા છે.

મહત્વનુ છે કે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વધુ વિકટ બની રહી છે જેને પગલે તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરી રસ્તા મોટા કરવાની કામગીરી કરાઈ રહી છે ત્યારે જુહાપુરાના AMCનું બુલડોઝર પહોંચે તે પહેલા જ કબજેદારોએ દુકાનો અને મકાનો ખાલી કરી તોડી પડવાની કામગીરી કરવામાં આવી છે.ટ્રાફિકની સમસ્યામાં રાહત થાય તેને લઈ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવી રહ્યાં છે,આગામી સમયમાં પણ રોડ પર પણ જેટલા ગેરકાયદેસર દબાણો હશે તેને તોડી પાડવામાં આવશે.



### ઓઢવમાં પણ ગેરકાયદેસર મકાનો તોડી પડાયા

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા રિઝર્વ પ્લોટમાં થયેલા દબાણ અને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ઓઢવ વિસ્તારમાં ટીપી સ્કીમ નં. 42માં ફાઈનલ પ્લોટ 64માં આવેલા રબારી વાસમાં કોર્પોરેશનના સ્કૂલ અને લાયબ્રેરી તેમજ પાણીની ટાંકી માટેના હેતુના બે પ્લોટમાં થયેલા ગેરકાયદેસર દબાણ-બાંધકામને પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આજે ગુરુવારે તોડી પાડવામાં આવ્યા છે. બંને પ્લોટના કુલ 1320 ચોરસ મીટરના પ્લોટને ખુલ્લા કરવામાં આવ્યા છે.

## મોઢેરાના સૂર્યમંદિરમાં યોજાશે બે દિવસનો ઉત્તરાર્ધ મહોત્સવ, ખ્યાતનામ કલાકારો રજૂ કરશે કાર્યક્રમ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ 2025 18મી અને 19મી જાન્યુઆરીએ યોજાશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટ્યમ, ઓડિસી નૃત્ય, કુચીપૂડી, મોહિની અટ્ટમ, કથ્થક, કથકલી, મણિપુરી, કથક અને સતરિયા જેવા શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરાશે.



### સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ કેમ ઉજવાય છે?

ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઈ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરુઆત થતી હોય છે. ત્યારે 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઈજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

## બોર્ડના વિદ્યાર્થીઓ માટે સારથિ પોર્ટલ શરૂ

### અભ્યાસને લગતી મૂંઝવણ માટે વિદ્યાર્થી-વાલીઓ આ વ્હોટ્સએપ નંબર પર મેસેજ કરો

(એજન્સી) અમદાવાદ | તા.17

આગામી ફેબ્રુઆરીમાં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની બોર્ડની પરીક્ષા યોજવાની છે. અભ્યાસમાં બોર્ડની પરીક્ષામાં મોટા ભાગના વિદ્યાર્થી મૂંઝવણમાં મુકાઈ જતા હોય છે. ક્યારેક કોઈ વિષયમાં કોઈ પ્રશ્ન લઈને, તો ક્યારેક માનસિક રીતે બોર્ડની પરીક્ષાનો ડર વિદ્યાર્થીઓને સતાવે છે. આજકાલ તો ફક્ત વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ તેમના વાલીઓને પણ બોર્ડની પરીક્ષાની ચિંતા રહેતી હોય છે. વર્ષ 2022થી અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સારથિ પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે, જેના માટે 9909922648 હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે.

આ હેલ્પલાઈન નંબર પર વ્હોટ્સએપ મેસેજ કરીને કોઈપણ વિદ્યાર્થી, વાલી અને અન્ય કોઈપણ વ્યક્તિ શિક્ષણને લગતી માહિતી મેળવી શકે છે. કેટલાક સંજોગોમાં તો વિદ્યાર્થીઓ એ હદ સુધી ડરી ગયા હોય છે કે તેમને મનોચિકિત્સકની પણ જરૂર પડે છે, જેથી જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સારથિ પોર્ટલ પર મનોચિકિત્સકોને પણ ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.

### બોર્ડ પરીક્ષા પુર્વાનુભૂતિ ૨૦૨૫ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ' બોર્ડ પરીક્ષા પૂર્વાનુભૂતિ ' કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેનો શુભારંભ આવતી કાલે તા. ૧૮.૦૧.૨૦૨૫ ના રોજ સમગ્ર જિલ્લાની કુલ ૬૨૪ શાળાઓમાં એકી સમયે સવારે ૮.૦૦ વાગે સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા સાથે થશે. ગીતા હાઈસ્કુલ રાણીપ ખાતે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપાબહેન જહા આવતી કાલે સવારે ૭.૩૦ થી ૭.૪૫ દરમ્યાન પરીક્ષાર્થીઓનું સ્વાગત કરીને શુભેચ્છા આપશે. બોર્ડ પરીક્ષા પદ્ધતિ અનુસાર જિલ્લાના ૮ svs કેન્દ્રો ખાતે ૧૬ તારીખે સ્ટ્રોંગ રૂમ તૈયાર કરી પ્રશ્નપત્રો સુરક્ષિત રાખવામાં આવ્યા. આજ રોજ QDC કેન્દ્રો મારફતે શાળાઓ સુધી પહોંચાડવામાં આવ્યા. આજે પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ખોલવામાં આવશે અને તેમની સહી પણ લેવામાં આવશે. હોલ ટીકીટ, તમામ પ્રકારના પત્રકો, વગેરે સંપૂર્ણ પરીક્ષા પદ્ધતિની પૂર્વાનુભૂતિ કરાવવામાં આવશે

### RTGSની કામગીરી ન કરીને પાંચ મહિનામાં કરોડો પર્સનલ એકાઉન્ટમાં સેરવ્યા

## નવરંગપુરામાં બેન્ક મેનેજરે રૂપિયા 2.5 કરોડનું કૌભાંડ આચર્યું

(એજન્સી) અમદાવાદ | તા.17

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં સ્ટેડિયમ રોડ પર આભૂષણ કોમ્પ્લેક્ષમાં આવેલી અમરનાથ કો-ઓપરેટિવ બેન્કના મેનેજર વિરુદ્ધ 2.50 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. પોતાની સતાનો દુરુપયોગ કરીને RTGSની કામગીરી ન કરીને માત્ર પાંચ જ મહિનામાં અઢી કરોડની રકમ પોતાના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નવરંગપુરા સ્ટેડિયમ રોડ પર આવેલી અમરનાથ કો-ઓપરેટીવ બેંકના ઓડિટમાં નવેમ્બર-2024 દરમિયાન બેન્કમાં કેટલીક શંકાસ્પદ એન્ટ્રીઓ થઈ હોય એવું જાણવા મળ્યું હતું. આ બાબતે બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને જાણ કરાઈ હતી. આ એન્ટ્રીઓ કરંટ ઓડિટર પાસે ઓડિટ કરાવવામાં આવતા અમુક એન્ટ્રીઓ જુદા-જુદા એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવ્યું હતું. આ આખુ કારસ્તાન બેંકમાં સિનિયર એક્ઝિક્યુટિવ મેનેજર તરીકે ફરજ બજાવતા વિપુલ પટેલ (રહે. અભિષેક એપાર્ટમેન્ટ, નવાવાડજ) દ્વારા રચવામાં આવ્યું હતું.

### શંકાસ્પદ એન્ટ્રીઓ સામે આવતા ભાંડો ફૂટ્યો

મળતી માહિતી મુજબ વિપુલ પટેલે વર્ષ 2013માં એક્ઝિક્યુટિવ તરીકે બેન્કમાં નોકરી શરૂ કરી હતી. ત્યારબાદ ગેરકાયદેસર રીતે પોતાની સત્તાનો દુરૂપયોગ કરીને બેન્કમાં RTGS માટે કરવામાં આવતી કામગીરી નહીં કરી અને અલગ-અલગ તારીખે 2.50 કરોડ ટ્રાન્સફર કર્યા હતા. બેન્કના સોફ્ટવેરમાં તપાસ કરવામાં આવતા અલગ-અલગ વ્યક્તિઓ પાસે તેણે એન્ટ્રી કરાવેલી હતી. મેનેજર વિપુલ પટેલને કોણ વ્યક્તિ એન્ટ્રી કરશે? કેવી રીતે એન્ટ્રી કરી શકે? કોણ ચેક કરી શકે? તે તમામ બાબતો અંગેની જાણ હોવાથી તેણે ચાલાકીપૂર્વક OTPથી લઈને તમામ બાબતો બેન્કના ધ્યાને ન આવે તેમ મેળવી અને પોતાના અન્ય બેન્ક એકાઉન્ટમાં 2.50 કરોડ ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હોવાને લઈ બેંકના કર્મચારીએ આ બાબતે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે.

## અકસ્માતને ઘટાડવા રેલવેટ્રેક આસપાસ સિંહની અવરજવર પર AIથી નજર રખાશે

(એજન્સી) અમદાવાદ | તા.17



ગુજરાતમાં રેલવેટ્રેક પર સર્જાતા સિંહના અકસ્માતને ઘટાડવા માટે રેલવે વિભાગે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદ લેવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો પિટિશનની સુનાવણી દરમિયાન રેલવે વિભાગ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. રેલવે વિભાગ દ્વારા હાલ પ્રાયોગિક ધોરણે 50 કિમીના વિસ્તારમાં AI બેઝ્ડ ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ લગાવવાનો નિર્ણય કર્યો છે. આ ડિવાઈસના કારણે રેલવેટ્રેકની 50 મીટરમાં સિંહ આવતાં જ ટ્રેનના પાઈલટ અને વન વિભાગના અધિકારીને જાણ થઈ જશે, જેથી સંભવિત અકસ્માતને નિવારી શકાશે. હાઈકોર્ટ દ્વારા વર્ષ 2018માં ગુજરાતમાં એશિયાટિક સિંહોના અપમૃત્યુને લઈને સમાચાર સંસ્થાઓના અહેવાલને આધારે સુઓમોટો પિટિશન હાથ ધરવામાં આવી હતી. એ મુદ્દે આજે ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ વધુ સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં રેલવે તરફથી જણાવાયું હતું કે રેલવેટ્રેકની 50 મીટરની આસપાસ સિંહોની અવરજવરનો અંદાજ લગાવવા ઈન્ટ્રુશન ડિટેક્શન ડિવાઈસ નામનું વિશેષ મશીન લગાવવામાં આવશે.

### ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિન્ટેક ઈન્સ્ટિટ્યૂટ અને

## ઈનોવેશન હબનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં સ્ટાર્ટઅપ માટેના એક નવતર અભિગમ રૂપે ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિન્ટેક ઈન્સ્ટિટ્યૂટ(ગિફ્ટ-આઈ.એફ.આઈ.) અને ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિન્ટેક ઈન્સ્ટિટ્યૂટ ઈનોવેશન હબ(ગિફ્ટ-આઈ.એફ.આઈ.એચ.)નું ઉદઘાટન કર્યું હતું.ગુજરાતમાં સ્પેસિફિક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઊભી કરવાની નેમ સાથે આ ઈનીસ્યેટીવઝ શરૂ થઈ રહ્યા છે તેમ આ તકે મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પાછલા એક દશકમાં દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ફિન્ટેક ક્રાંતિનો અનુભવ સૌ કોઈએ કર્યો છે.આ ક્રાંતિને પરિણામે દેશમાં ફાઈનાન્સિયલ એક્ટિવિટીઝ મોટાભાગે ડિજિટલાઈઝડ થઈ ગઈ છે. એટલું જ નહીં, અફોર્ડેબલ ડેટા, રોબસ્ટ બેન્કિંગ સર્વિસીસ અને યુનિક ઈનોવેશનથી ભારત ફિન્ટેક સેક્ટરમાં ગ્લોબલ લીડર તરીકે ઉભરી રહ્યું છે એમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.તેમણે જણાવ્યું કે, ગુજરાતનું ગિફ્ટ સિટી, ભારતને ગ્લોબલ ફિન્ટેક હબ બનાવવાના વડાપ્રધાનના વિઝનનું ઉત્તમ ઉદાહરણ છે.દેશનું એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર અને બુલિયન એક્સચેન્જ અહીં કાર્યરત છે.




### સ્ટાર્ટઅપ્સને મેન્ટરીંગ ફેસીલીટીઝ પણ અપાશે

ગિફ્ટ સિટીના ચેરમેન ડૉ. હસમુખ અઢિયાએ આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં કહ્યું કે, ફિન્ટેક સેક્ટરમાં ટૂંકાગાળાની તાલીમ અને ઉદ્યમીઓને યોગ્ય સહયોગ મળી રહે તે માટે આ પ્રકારના ઈનોવેશન હબની ગુજરાતમાં આવશ્યકતા હતી.ગિફ્ટ સિટીએ ફિન્ટેક સેક્ટરમાં યુવાનોને પોતાનું કૌશલ્ય બતાવવાની તક આપવા આ ઈનોવેશન હબ કાર્યરત કર્યું છે.એટલું જ નહીં, ગિફ્ટ સિટીના ટાવર-ટુમાં ૧૮૦૦ સ્ક્વેર ફીટ "રેડી ટુ યુઝ" જગ્યા પણ ફાળવી આપી છે.સ્ટાર્ટઅપ્સને મેન્ટરીંગ ફેસીલીટીઝ પણ અપાશે તેમ તેમણે જણાવ્યું હતું.

### અધિકારીઓ રહ્યાં હાજર

ગિફ્ટ સિટીએ ખૂબ ટૂંકા સમયમાં જ આ ફિનટેક ઈન્સ્ટિટ્યુટ અને ઈનોવેશન હબ રાજ્ય સરકારના સહયોગથી કાર્યરત કર્યા છે, તે માટે ડો. અઢિયાએ ગિફ્ટ સિટીના સૌને બિરદાવ્યા હતા.ગિફ્ટ સિટીના એમડી અને સી.ઈ.ઓ. તપન રે એ સ્વાગત પ્રવચનમાં ઈનોવેશન હબનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કર્યો હતો. રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે પણ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.આ ઈનિશિયેટિવ્ઝના પાર્ટનર પ્લેટફોર્મ 'પ્લગ એન્ડ પ્લે'ના સહ-સ્થાપક જોજો ફ્લોરેસ, એકેડેમિક પાર્ટનર્સ અમદાવાદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પંકજ ચંદ્રા, આઈ.આઈ.ટી.-ગાંધીનગરના ડિરેક્ટર રજત મુના અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના સ્કૂલ ઓફ કમ્પ્યુટિંગ, ઈન્ફોર્મેશન એન્ડ ડેટા સાયન્સના ઈન્ટ્રીમ ડીન શ્રી રાજેશ ગુપ્તા, એ.ડી.બી.ના ડેપ્યુટી કન્ટ્રી ડાયરેક્ટર આરતી મેહરા વગેરેએ પણ સંબોધન કર્યા હતા.

### ગ્લોબલ ફિન્ટેક રિવોલ્યુશન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં શરૂ થઈ રહેલું ફિનટેક ઈનોવેશન હબ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના IT એટલે કે ઈન્ડિયા ટુમોરોના વિઝનને સાકાર કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આ વિઝનને સાકાર કરવા સાથે જ આ ફિન્ટેક ઈનોવેશન હબ હજારો યુવા ઉદ્યમીઓને નવી તકો અને યંગ પ્રોફેશનલ્સને નવા રોજગાર અવસર પૂરા પાડશે.આ યંગ પ્રોફેશનલ્સની સ્કિલ અને ઈનોવેશનથી ગુજરાત ૨૦૨૯ સુધીમાં ગ્લોબલ ફિન્ટેક રિવોલ્યુશનમાં અગ્રણી રાજ્ય બનશે એવી આશા મુખ્યમંત્રીએ દર્શાવી હતી.

### 9 થી 11 ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય 'શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2025'નું આયોજન

# યાત્રાધામ અંબાજી ખાતે 'શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-2025'નું ભવ્ય આયોજન



માહિતી બ્યુરો | પાલનપુર

ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરાશે. પવિત્ર યાત્રાધામ અને આદ્ય શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસીય 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરાશે.

આ મહોત્સવના સુચારુ, સુવ્યવસ્થિત અને સુંદર આયોજન તથા વ્યવસ્થાઓના ભાગરૂપે કરવાની થતી કામગીરી માટે પાલનપુર કલેક્ટર કચેરી, સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને વિવિધ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫'માં આદ્યશક્તિ મા અંબાના દર્શને આવનારા લાખો શ્રદ્ધાળુઓને એક જ સ્થળે અને એક સાથે ૫૧ શક્તિપીઠના દર્શનનો લાભ મળશે.

આ વર્ષે યોજાનાર આ મહોત્સવમાં ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડશે. આ મહોત્સવમાં ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિક્રમા કરવા માટે આવશે ત્યારે આટલી મોટી સંખ્યામાં આવતા ભક્તોની તમામ સગવડો અને વ્યવસ્થાઓ સચવાય એ પ્રકારની તૈયારીઓ અને આયોજન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોને સોંપવામાં આવેલી કામગીરી અંગે સમીક્ષા તથા જરૂરી સૂચનો કર્યા હતા. જેમાં ૫૦૦ થી વધુ બસનું સંચાલન, સ્વચ્છતા જળવાય, પાણી અને પાર્કિંગની વ્યવસ્થા, પ્રચાર પ્રસાર વગેરે બાબતે ચર્ચા કરાઈ હતી. આ પરિક્રમા મહોત્સવની વ્યવસ્થા જાળવવા માટે અલગ અલગ સમિતિઓ બનાવવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, અધિક કલેક્ટરશ્રી સી. પી.પટેલ, સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટર શ્રી કૌશિક મોદી સહિત સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

